# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

સામાંથા ઉ અંટાવા ગીતના શૂટિંગ દરમિયાન થરથર ધ્રૂજતી હતી



**પેજ-09**

યુસુફ પઠાણ કરોડોની સંપત્તિનો માલિક, પૂર્વ ઓલરાઉન્ડર ધરાવે...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 21.00 |
| વડોદરા | 36.00 | 20.00 |
| સુરત | 33.00 | 22.00 |

પેજ 5



ગયા અઠવાડિયે મુકેશ અંબાણીને થયું 81763 કરોડ રૂપિયાનું નુકસાન...


18 MARCH-2024 MONDAY


પુતિને ગિફ્ટ આપેલી મોંઘીદાટ લિમોઝિન કારમાં મુસાફરી કરીને કિમ જોંગે...



પેજ 10

**.....સુવિચાર.....**

પ્રગતિનો એક જ રસ્તો છે, ક્યારેય પાછળ વળીને ન જોવું.


વર્ષ-13 । અંક-123 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# આજે ભારતમાં સૌથી વધુ બેરોજગારી : રાહુલ

## રાહુલે કહ્યું- રાજાનો આત્મા EVM, ED-CBIમાં છે : હું સિસ્ટમને સમજું છું, તેથી જ મોદી મારાથી ડરે છે, તેમની છાતી 56 ઇંચની નથી

મુંબઈ, તા. 17

કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રાના સમાપન પર મુંબઈમાં યોજાયેલી બેઠકમાં જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ ફારૂક અબ્દુલ્લાએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

તેમણે કહ્યું- દેશના યુવાનો બેરોજગાર છે. સરકાર તેમને કામ આપી શકતી નથી. આ રેલીમાં રાહુલ ઉપરાંત તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન, RJD, સમાજવાદી પાર્ટી, શિવસેના (UBT), NCP (શરદ જૂથ), આમ આદમી પાર્ટી (AAP) સહિત I.N.D.I.A બ્લોકના અન્ય પક્ષોના નેતાઓ હાજર છે. શિવાજી પાર્ક ખાતે આ રેલીને વિપક્ષ દ્વારા શક્તિ પ્રદર્શન માનવામાં આવી રહ્યું છે. આ પહેલાં રાહુલ ગાંધીએ મુંબઈના મણિ ભવનથી ઓગસ્ટ ક્રાંતિ મેદાન સુધી ન્યાય સંકલ્પ પદયાત્રા કાઢી હતી. આ પદયાત્રામાં તેમની સાથે તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા અને અભિનેત્રી સ્વરા ભાસ્કર પણ હાજર હતી. તમે લોકો GST ભરો છો. અદાણી એટલી જ રકમ આપો છે. તમે શર્ટ પર 18% GST ચૂકવો છો, અદાણી પણ તે જ ચૂકવે છે. તો પછી પૈસા જાય ક્યાં? નરેન્દ્ર મોદીજીનું કામ તમારું ધ્યાન હટાવવાનું છે. ક્યારેક તેઓ કહેશે- ચીનને જુઓ, પાકિસ્તાનને જુઓ. મોબાઈલની લાઈટ ક્યારેક ચાલુ કરશો? શું તમે ક્યારેય કહી શકશો કે તમે મારું અપમાન કર્યું છે? યાત્રા દરમિયાન તમામ દુ:ખ અને પીડા દેખાય છે. આજે ભારતમાં સૌથી વધુ બેરોજગારી છે.



### રાહુલે કહ્યું- મોદી પાસે ભ્રષ્ટાચારની મોનોપોલી છે

આજે નરેન્દ્ર મોદી પાસે ભ્રષ્ટાચારનો ઈજારો છે. ઈલેક્ટોરલ બોન્ડની સિસ્ટમ દાખલ કરવામાં આવી હતી. અહીં રસ્તા પર એક્સટોર્સન ચાલે છે, તેઓ (ભાજપ) સરકારમાં કરી રહ્યા છે. કંપનીને કોન્ટ્રાક્ટ મળે છે, પછી તેઓ સીધા ચૂંટણી બોન્ડ ખરીદે છે. કંપની કોઈ નફો કરી રહી નથી અને તેનાથી વધુ પૈસા ભાજપને આપી રહી છે. અહીં મુંબઈમાં તમે કોઈપણ ગુંડાને સીબીઆઈ, ઈડી, ઈન્કમટેક્સ પકડાવી દો. સરકારમાં આવું જ થઈ રહ્યું છે. સીબીઆઈ તપાસ થઈ અને અદાણીજીને એરપોર્ટ મળી ગયું. તેઓ ઈચ્છે છે કે નાના દુકાનદારો ગાયબ થઈ જાય. માત્ર નાના-મધ્યમ ઉદ્યોગ જ ચીન સાથે સ્પર્ધા કરશે. તેઓ આનો નાશ કરી રહ્યા છે.

### ● રાહુલે કહ્યું- જેટલીએ કહ્યું હતું કે જમીન અધિગ્રહણ અંગે ચૂપ રહો, નહીંતર કેસ દાખલ કરીશું

જ્યારે અહીં ચાઈનીઝ માલ વેચાય છે ત્યારે માત્ર ચીનને જ ફાયદો થતો નથી, આપણા ઉદ્યોગપતિઓને પણ ફાયદો થાય છે. સમગ્ર વ્યવસ્થા નિયંત્રણ હેઠળ છે. જ્યારે તેમની સરકાર પહેલીવાર આવી ત્યારે અરુણ જેટલી મારી પાસે આવ્યા અને કહ્યું, રાહુલ, જમીન અધિગ્રહણ પર બોલશો નહીં. જો તમે કહેશો તો અમે તમારી સામે કેસ કરીશું. મેં કહ્યું- કેસ દાખલ કરો. EDના લોકો આવ્યા. ED ઓફિસરે કહ્યું- રાહુલજી, તમે કોઈનાથી ડરતા નથી, તમે નરેન્દ્ર મોદીને હરાવી શકો છો. પરંતુ હું રાહુલ ગાંધી નથી, એ ઉદ્ધવ ઠાકરે નથી, અહીં ભારતનો અવાજ છે. નરેન્દ્ર મોદીજી, સભા જુઓ, ત્યાં એક જ વ્યક્તિ બોલે છે. ત્યાં ગડકરીજી હાર પહેરાવીને બહાર જાય છે.

## અરુણાચલ અને સિક્કિમમાં મતગણતરી તારીખ બદલાઈ

### હવે તે 4ને બદલે 2 જૂને ગણતરી આ દિવસે બંને વિધાનસભાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે

નવી દિલ્હી, તા. 17

અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પંચે મત ગણતરીની તારીખમાં ફેરફાર કર્યો છે. ચૂંટણી પંચે અગાઉ મતગણતરી તારીખ 4 જૂન જાહેર કરી હતી. હવે તેને બદલીને 2 જૂન કરવામાં આવી છે. બંને રાજ્યોમાં લોકસભાની સાથે વિધાનસભાની ચૂંટણી પણ યોજાવાની છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, બંને રાજ્યોમાં વિધાનસભાનો કાર્યકાળ 2 જૂને સમાપ્ત થઈ રહ્યો છે, તેથી તારીખ બદલવામાં આવી છે. અરુણાચલ અને સિક્કિમમાં 19 એપ્રિલે મતદાન થશે. અગાઉ 16 માર્ચે ચૂંટણી પંચે ચાર રાજ્યો આંધ્ર પ્રદેશ, ઓડિશા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી. આંધ્રપ્રદેશમાં 13 મેના રોજ એક જ તબક્કામાં મતદાન થશે. ઓડિશામાં ચાર તબક્કામાં 13 મે, 20 મે, 25 મે અને 1 જૂને મતદાન થશે. આ ઉપરાંત ગુજરાતની 5, યુપીની 4, હરિયાણા, બિહાર, ઝારખંડ, મહારાષ્ટ્ર, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, રાજસ્થાન, કર્ણાટક અને તમિલનાડુની 1-1 વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી યોજાશે.

## Quick Read

### બાઈક સાથે ટક્કર થતાં અનિયંત્રિત બસ ટેન્કરમાં ઘૂસી, અફઘાનિસ્તાનમાં 21નાં મોત

કાબુલ : દક્ષિણ અફઘાનિસ્તાનમાં એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. બાઈક સાથે બસની ટક્કર થયા બાદ તે ટેન્કરમાં ઘૂસી ગઈ જેના લીધે બસનું કચ્ચરઘાણ વળી ગયું. આ દુર્ઘટનામાં 21 લોકોએ જીવ ગુમાવી દીધા. અકસ્માત એટલો ભીષણ હતો કે બસમાં 21 લોકોના મોત સાથે 38થી વધુ લોકો ઘાયલ થયા હતા. હેલમંડથી સંચાલિત વિભાગે એક નિવેદન જાહેર કરતાં જણાવ્યું કે આ માર્ગ અકસ્માત રવિવારે સવારે દક્ષિણ કંધાર અને પશ્ચિમ હેરાત પ્રાંત વચ્ચે મુખ્ય હાઈવે હેલમંડ પ્રાંતના ગેરાશ્ક જિલ્લામાં સર્જાયો હતો.

### પાકિસ્તાનમાં શહીદ ભગતસિંહની યાદમાં યોજાનારા કાર્યક્રમને પણ કટ્ટરવાદીઓથી ખતરો

લાહોર : દેશને આઝાદી અપાવવા માટે પોતાના પ્રાણોનુ બલિદાન આપનારા સ્વાતંત્ર્ય સેનાની ભગત સિંહ, સુખદેવ અને રાજગુરુની 93મી પુણ્યતિથી નિમિત્તે કાર્યક્રમનુ આયોજન કરવા માટે પણ આયોજકોને કોર્ટમાં સુરક્ષા મેળવવા માટે પિટિશન કરવી પડી છે. કોઈ પણ અનિચ્છનિય ઘટના ના બને તે માટે 23 માર્ચે યોજાનારા કાર્યક્રમ માટે સુરક્ષા પૂરી પાડવામાં આવે અને કાર્યક્રમના સ્થળે એક સેફ્ટી ગેટ બનાવવા માટે હાઈકોર્ટ પોલીસને સૂચના આપે. કોર્ટ આ પિટિશન પર સોમવારે સુનાવણી કરે તેવી શક્યતા છે.

### PM મોદીએ પવન કલ્યાણનું ભાષણ અટકાવ્યું, ટાવર પર ચડેલા લોકોને નીચે ઉતરવા કરી અપીલ

અમરાવતી : આંધ્રપ્રદેશની રેલીમાં કેટલાક લોકો લાઈટ ટાવર પર ચઢી ગયા હતા, જેના કારણે પીએમ મોદીએ પવન કલ્યાણનું ભાષણ અટકાવવું પડ્યું હતું અને લોકોને નીચે ઉતરવાની અપીલ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસેના પાર્ટીના વડા અને અભિનેતા પવન કલ્યાણને આંધ્રપ્રદેશમાં એક રેલીમાં જ્યારે કેટલાક લોકો લાઈટ ટાવર પર ચઢ્યા ત્યારે તેમનું ભાષણ થોભાવવા માટે કહેવું પડ્યું. માઈક પર બોલતા વડાપ્રધાને તે લોકોને કહ્યું કે તેમનો જીવ ખૂબ જ કિંમતી છે, તેથી નીચે આવો કારણકે વીજ વાયરનું જોખમ હોઈ શકે છે.

### ખાલિસ્તાની ટિપ્પણી પર વિવાદ, શીખ સમુદાયના લોકો હડતાળ પર બેઠા, રાજ્યપાલને લખ્યો પત્ર

કોલકાતા : કોલકાતામાં બીજેપી હેડક્વાર્ટરની બહાર અચોક્કસ મુદતની હડતાળ પર બેઠેલા શીખ સમુદાયના લોકોએ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝને પત્ર લખીને ખાલિસ્તાની ટિપ્પણી વિવાદ અંગે તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે. . બંગાળના રાજ્યપાલને લખેલા પત્રમાં શીખ સમુદાયના લોકોએ કહ્યું છે કે, 'અમે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી દ્વારા પાઘડી પહેરવા અને શીખ સમુદાયની સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રથાઓને નિશાન બનાવવાની વાત કરી છે.

## આઈસલેન્ડમાં 800 વર્ષ જૂના જ્વાળામુખીમાં ચોથો વિસ્ફોટ બે શહેર ખાલી કરાવાયા

### ચારે તરફ લાવાની નદીઓ





રેજેવિક : આઈસલેન્ડના રેન્જેસ પેનિન્સ્યુલા( પ્રાયદ્વીપ) પર એક મોટો જ્વાળામુખી ફાટયા બાદ દેશના દક્ષિણ હિસ્સામાં ઈમરજન્સી લાગુ કરી દેવામાં આવી છે. આ વિસ્તારમાં અત્યાર સુધીનો આ સૌથી મોટો જ્વાળામુખી વિસ્ફોટ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ જ્વાળામુખી સતત લાવા ઓકી રહ્યો છે અને આ લાવા ગ્રિંડાવિક શહેર સુધી પહોંચી ગયો છે. જેના પગલે હવે બ્લૂ લગૂન તેમજ ગ્રિંડાવિક શહેરને ખાલી કરાવવામાં આવ્યુ છે. ડિસેમ્બર બાદ રેન્જેસ પેનિન્સ્યુલા વિસ્તારમાં જ્વાળામુખી વિસ્ફોટની ચોથી ઘટના છે. આઈસલેન્ડનુ હવાઈ ક્ષેત્ર હાલમાં તો વિમાનોની અવર જવર માટે ખુલ્લુ છે પણ લાવાનો ધૂમાડો આ વિસ્તારના આકાશમાં ચારે તરફ છવાઈ રહ્યો છે. આઈસલેન્ડની સિવિલ ડિફેન્સ સર્વિસના કહેવા પ્રમાણે સ્થાનિક સમય પ્રમાણે સાંજે આઠ વાગ્યે આ જ્વાળામુખી ફાટયો હતો.

## યુટ્યુબર એલ્વિશ યાદવની નોઈડાથી ધરપકડ: 14 દિવસની ન્યાયિક કસ્ટડી

### રેવ પાર્ટીમાં નશા માટે સાપના ઝેરના ઉપયોગ કરવાના કેસમાં એક્શન, NDPS એક્ટ હેઠળ ફરિયાદ, 10 વર્ષની જેલ થઈ શકે

નવી દિલ્હી, તા. 17

નોઈડા પોલીસે રવિવારે 17 માર્ચે યુટ્યુબર એલ્વિશ યાદવની ધરપકડ કરી હતી. આ પહેલાં એલ્વિશની લાંબી પૂછપરછ કરવામાં આવી હતી. તાજેતરમાં નોઈડામાં સાપનું ઝેર સપ્લાય કરતી ગેંગના પર્દાફાશ દરમિયાન એલ્વિશનું નામ સામે આવ્યું હતું. પોલીસે જ્યારે તેની ધરપકડ કરી ત્યારે તે હસતો હસતો ચાલતો હતો પણ તેને ખબર નથી કે તેની મુશ્કેલીઓ વધવાની છે. એલ્વિશને સૂરજપુર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો જ્યાં કોર્ટે 14 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો છે.

એલ્વિશ યાદવ વિરુદ્ધ નોઈડામાં કેસ નોંધવામાં આવ્યો હતો. બીજેપી સાંસદ મેનકા ગાંધીની સંસ્થા પીપલ ફોર એનિમલ્સના એનિમલ વેલફેર ઓફિસર ગૌરવ ગુપ્તાએ આ મામલે ફરિયાદ કરી હતી. તેની ફરિયાદના આધારે પોલીસે નોઈડાના સેક્ટર-49 વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.

**એલ્વિશ યાદવનું સિસ્ટમ હેંગ**



### એલ્વિશ યાદવ પર રેવ પાર્ટીમાં સાપનું ઝેર સપ્લાય કરવાનો આરોપ હતો

હકીકતમાં એલ્વિશ યાદવ પર રેવ પાર્ટીમાં સાપનું ઝેર સપ્લાય કરવાનો આરોપ હતો. આ મામલે NCRમાં 60થી વધુ પાર્ટીઓ હોવાની માહિતી પણ સામે આવી છે. આ મામલે મેનકા ગાંધીના NGOએ એલ્વિશ યાદવ સહિત કેટલાક લોકો સામે નોઈડા સેક્ટર-49 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. ત્યાર બાદ પોલીસે સ્થળ પર પકડાયેલા સાપના ઝેરને ટેસ્ટિંગ માટે FSLની લેબમાં મોકલ્યા હતા. જેના રિઝલ્ટ સામે આવ્યાં પછી એલ્વિશની ધરપકડને લઈને સવાલો ઉભા કરી રહ્યા હતા.

## 7 તબક્કામાં ચૂંટણી પર વિપક્ષના સવાલ : ખડગેએ કહ્યું- મોદીને પ્રચાર કરવાની વધુ તક મળશે

નવી દિલ્હી, તા. 17

ચૂંટણી પંચે શનિવારે (16 માર્ચ) લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી. આ વખતે દેશમાં 7 તબક્કામાં ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કાનું મતદાન 19 એપ્રિલે અને સાતમા તબક્કાનું મતદાન 1 જૂને થશે. પ્રથમ મતદાનના બરાબર 46 દિવસ પછી 4 જૂને પરિણામ આવશે. ચૂંટણીના લાંબા સમયપત્રકને લઈને વિપક્ષે સવાલો ઉઠાવ્યા છે. TMCના નેતા અને પશ્ચિમ બંગાળના નાણાં પ્રધાન ચંદ્રિમા ભટ્ટાચાર્યએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે ચૂંટણીને 7 તબક્કા સુધી લંબાવવાથી પાર્ટીને ફાયદો થશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે કહ્યું કે આ ચૂંટણી 3 થી 4 તબક્કામાં યોજાઈ શકી હોત.



## લોટરી કિંગ સેન્ટિયાગો માર્ટિને રાજકીય પક્ષને આપ્યા રૂ. 509 કરોડ

નવી દિલ્હી, તા. 17

સુપ્રીમ કોર્ટના આદેશ પર ચૂંટણી પંચે પોતાની વેબસાઈટ પર ચૂંટણી બોન્ડ સંબંધિત નવા ડેટા જાહેર કર્યા છે. રાજકીય પક્ષોએ આ માહિતી ચૂંટણી પંચને બંધ પરબીડિયામાં આપી હતી. પરંતુ નિયમોને કારણે તેને જાહેર કરાયું ન હતું. ચૂંટણી પંચે જાહેર કરેલા ડેટા અનુસાર, તમિલનાડુની સત્તાધારી પાર્ટી ડીએમકેને ચૂંટણી બોન્ડ દ્વારા 656.5 કરોડ રૂપિયાનું ફંડ મળ્યું છે. આમાં લોટરી કિંગ સેન્ટિયાગો માર્ટિન્સ ફ્યુચર ગેમિંગના રૂ. 509 કરોડનો પણ સમાવેશ થાય છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ભાજપે કુલ રૂ. 6986.5 કરોડના ચૂંટણી બોન્ડથી મેળવ્યા. પક્ષે 2019-20માં 2555 કરોડ રૂપિયાના મહત્તમ ચૂંટણી બોન્ડ મેળવ્યા હતા. દેશની મુખ્ય વિપક્ષ કોંગ્રેસે રૂ. 1,334.35 કરોડના ચૂંટણી બોન્ડ મળ્યા.

## EC વેબસાઈટ પર ઈલેક્ટોરલ બોન્ડ્સનો નવો ડેટા જાહેર

### 2019 પહેલાની પણ માહિતી : ભાજપે સૌથી વધુ 6,986 કરોડના બોન્ડ રોકડા કર્યા

નવી દિલ્હી, તા. 17

ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીમાંથી 16 માર્ચે મળેલા ઈલેક્ટોરલ બોન્ડના નવા ડેટા રવિવારે તેની વેબસાઈટ પર અપલોડ કર્યા હતા. નવા ડેટામાં નાણાકીય વર્ષ 2017-18ના બોન્ડ્સ અંગેની માહિતીનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચે 14 માર્ચે 763 પૃષ્ઠોની બે સૂચિમાં એપ્રિલ 2019 પછી ખરીદેલા અથવા કેશ કરાયેલા બોન્ડની માહિતી વેબસાઈટ પર અપલોડ કરી હતી. એક યાદીમાં બોન્ડ ખરીદનારાઓની માહિતી હતી, જ્યારે બીજી યાદીમાં રાજકીય પક્ષોને મળેલા બોન્ડની વિગતો હતી. સુપ્રીમ કોર્ટની સૂચના પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)એ 14 માર્ચે ચૂંટણી પંચને બોન્ડ સંબંધિત માહિતી આપી હતી. તેમાં બોન્ડના યુનિક આલ્ફા ન્યુમેરિક નંબરો નહોતા. કોર્ટે 15 માર્ચે SBIને નોટિસ પાઠવીને 18 માર્ચ સુધીમાં જવાબ માંગ્યો હતો. ચૂંટણી પંચના ડેટા અનુસાર ભાજપે કુલ 6 હજાર 986 કરોડ રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડને કેશ કરાવ્યા છે. પાર્ટીને 2019-20માં સૌથી વધુ 2 હજાર 555 કરોડ રૂપિયા મળ્યા છે. તે જ સમયે ડીએમકેને ચૂંટણી બોન્ડ દ્વારા 656.5 કરોડ રૂપિયા મળ્યા હતા.

#### રાજકીય પક્ષોએ બોન્ડના યુનિક નંબરો માગ્યા

પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટા અનુસાર કેટલાક પક્ષોએ એસબીઆઈ પાસેથી બોન્ડના યુનિક નંબરો માંગ્યા છે. તૃણમૂલ કોંગ્રેસે કહ્યું છે કે તેને નંબરોની જરૂર છે જેથી તે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરી શકે. ભારતીય જનતા પાર્ટીએ એસબીઆઈને આવી કોઈ અપીલ કરી નથી, પણ તેણે સંપૂર્ણ ડેટા આપ્યો છે. બહુજન સમાજ પાર્ટીએ કહ્યું કે તેને ચૂંટણી બોન્ડ દ્વારા કોઈ દાન મળ્યું નથી. કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી) એ પણ કહ્યું કે તેને પણ ચૂંટણી બોન્ડ દ્વારા દાન મળ્યું નથી. કોંગ્રેસે કહ્યું કે તે SBI દ્વારા ચૂંટણી પંચને આપવામાં આવેલ ડેટા જાહેર કરશે.

#### ઈલેક્ટોરલ બોન્ડ સંબંધિત કેસમાં અત્યાર સુધી શું થયું

11 માર્ચે, સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ વિશે માહિતી આપવા સંબંધિત કેસમાં SBIની અરજી પર સુનાવણી કરી. SBIએ કોર્ટને કહ્યું હતું કે- અમને બોન્ડ સંબંધિત માહિતી આપવામાં કોઈ વાંધો નથી, પરંતુ તેમાં થોડો સમય જોઈએ. તેના પર CJI DY ચંદ્રચુડે પૂછ્યું હતું કે છેલ્લી સુનાવણી (15 ફેબ્રુઆરી)થી 26 દિવસમાં તમે શું કર્યું? SBIએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી.

## મહાદેવ સટ્ટાબાજી કેસમાં ભૂપેશ બઘેલ સામે FIR

### છત્તીસગઢના પૂર્વ સીએમ સહિત 21 આરોપીઓ, EDએ કહ્યું- એપ પ્રમોટર્સે હવાલા દ્વારા રુપિયા આપ્યા હતા

રાયપુર, તા. 17

મહાદેવ સત્તા એપ કેસમાં, EOW (આર્થિક સંશોધન શાખા) એ EDની ફરિયાદ પર છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ સહિત 21 આરોપીઓ સામે FIR નોંધી છે. તેમાં એપ પ્રમોટર સૌરભ ચંદ્રાકર, રવિ ઉપ્પલ અને ઘણા અજાણ્યા પોલીસ અધિકારીઓ અને બિઝનેસમેનના નામ પણ સામેલ છે. ED તરફથી કરવામાં આવેલી FIRમાં કહેવામાં આવ્યું છે કે મહાદેવ એપના પ્રમોટરોને પોલીસ અને વહીવટી અધિકારીઓની સાથે પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓનું રક્ષણ હતું. એપના પ્રમોટર્સ તરફથી થતી કાર્યવાહીને રોકવા માટે આ આરોપીઓને પ્રોટેક્શન મની તરીકે નિયમિતપણે મોટી રકમ આપતા હતા.



**મહાદેવ એપના માલિક ધરપકડ :** મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજીની એપ કેસ ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે ઈડીએ કેશ કુરિયરનું ઈમેલ સ્ટેટમેન્ટ રેકોર્ડ કરવાનો દાવો કર્યો, જેમાં ઘટસ્ફોટ થયો હતો કે, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને યુએઈ સ્થિત એપ પ્રમોટર્સ પાસેથી રૂ. 508 કરોડ લેવામાં આવ્યા હતા. મહાદેવ એપનો માલિક સૌરભ ચંદ્રાકર કસ્ટડીમાં છે, તેની મની લોન્ડરિંગ હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

#### ભૂપેશ બઘેલે ઈડીની કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા

ઈડીની કાર્યવાહી પર સવાલ ઉઠાવતા પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું, 'આ વ્યક્તિ દાવો કરી રહ્યો છે કે તે 'મહાદેવ એપ'નો માલિક છે. આશ્ચર્યની વાત એ છે કે મહિનાઓથી આ કેસની તપાસ કરી રહેલી એજન્સી ઈડીને હજુ સુધી આ વાતની જાણ નહોતી અને બે દિવસ પહેલા સુધી ઈડી તેમને મેનેજર ગણાવી રહી હતી. છત્તીસગઢના લોકો બધુ સમજી રહ્યા છે. તે ચૂંટણીમાં ભાજપ અને તેના સહયોગી ઈડીને યોગ્ય જવાબ આપશે.'

# ચૈતર વસાવા વિભીષણ છે...ગદાર છે,મારો નથી થયો તે શું આદિવાસીઓ નો થવાનો : મહેશ વસાવા

## મારો સમજી રાજકારણના તમામ દાવપેચ શીખવાડ્યા પણ મારા પીઠમાં ખંજર ભોંકી પાટલી બદલી લીધી, ઈલેક્શન પરિણામ માં ઘરભેગો થઇ જશે : મહેશ છોટુભાઈ વસાવા (પૂર્વ MLA ડેડીયાપાડા )

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : લોકસભા 2024 ની ચૂંટણી જાહેર થઈ ગઈ છે ત્યારે રાજ્યમાં ખુબજ ચર્ચાસ્પદ ભરૂચ લોકસભા ચૂંટણી માં ભાજપે 7 મી વાર જૂના સાંસદ મનસુખ વસાવા ને મેદાન માં ઉતાર્યા છે. ત્યારે તેમની સામે આપનાં ધારાસભ્ય ચૈતર વસાવાને ઈન્ડીયા ગઠબંધન માંથી ઉતાર્યા છે.ત્યારે ભરૂચ લોકસભામાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે સીધો જંગ જામશે, બંને પક્ષે પ્રચાર પસાર શરૂ કરી દીધા છે. જોકે ભરૂચ લોકસભા માં દેડીયાપાડા અને સાગબારાના તાલુકા ના 2.22 લાખ મતદારો ખૂબ મહત્વના છે. અને બંને ઉમેદવારો આદિવાસી મતદારોને રીઝવવા નો પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે દેડીયાપાડા ખાતે કાર્યકર્તા સંમેલન માં પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા મનસુખ વસાવાના પ્રચાર માટે કાર્યકર્તા ને જરૂરી કામગીરી આપવા આવ્યા હતા.જેમની સાથે જિલ્લા પ્રભારી સાથે ભરૂચ ભાજપ પ્રમુખ મારૂતીસિંહ આટોદરિયા, નર્મદા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ, મહામંત્રી નીલ રાવ, મોતીલાલ વસાવા, શંકરભાઈ વસાવા, ભાજપ માં જોડાયા એવા મહેશભાઈ છોટુભાઈ વસાવા સહીત આગેવાનો હાજર રહ્યા હતા અને મોટી સંખ્યામાં ડેડીયાપાડા વિધાનસભા ના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ભાજપ નાં આં કાર્યકર્તા સંમેલન માં ભાજપ નાં ઉમેદવાર મનસુખભાઇ વસાવા એ આમઆદમી પાર્ટી અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા.



ડેડીયાપાડા સાગબારા ના કાર્યકર્તાઓ ને સરકારે કરેલા કામો લઈને જવાની હાકલ કરી કહ્યું કે ગઈ વખતે આપ વાળા લોકો ખોટા વચનો આપી મત લઈ ગયા પણ આવ્યા કેટલા ગણ્યાગાંઠ્યા પાંચ જેમાંય બે ત્રણ ભાજપ માં જોડાઈ ગયા. આપ ના નેતા ઓ વન અધિકાર માટે ખોટા ભરમાવી રહ્યા છે..જંગલ જમીન ભાજપે આપી એટલે ખોટી વાતો કરનારા થી સાવધ રહેજો..ખોટા લોકો ના વિશ્વાસ માં ન આવતા એક પણ ઘર નહિ ઉંઠે અમે બેઠા છે..કારણ કે ગેરેન્ટી આપીએ છે અમારી કેન્દ્રમાં અને રાજ્યમાં બંને જગ્યાએ સરકાર છે. આ રોડ રસ્તા નવી કચેરી સ્કૂલો પંચાયત ભાવનો કોણ લાવે છે ભાજપ વાળા ..આપ વાળા થી કઈ થવાનું નથી કારણ કે ભાજપ સામે ગઠબંધન કરે છે એ ગઠબંધન નથી ઠગ બંધન છે. મારીસામે ગમેતેમ બેફામ બોલે છે એટલે કહી રહ્યો છું કે ભાઈ તે વન કર્મીઓ ને માર્યા વન કર્મીઓ એ ફરિયાદ કરી તને નામદાર કોર્ટે સરતી જમીન પર મુક્ત કર્યો વધારે બેફામ બોલશે તો કોર્ટ મંજૂરી આપે પણ નહિ, ડેડીયાપાડા સાગબાર ના મતદારો ખબર પાડશે ગાઈ વખતે તો છેતરી ને મત લઇ ગયા છે હવે જાગૃત થયા છે.

»»»» મનસુખ વસાવા

નરેદ્ર મોદી ના વિકાસના કામ જોઈ ભાજપ માં જોડાયો છું, અમારી બીટીપી કોંગ્રેસ અને આપ ના કાર્યકરો સાથે ભાજપ માં જોડાયા અને સાંસદ મસુખ વસાવા માટે તન મન ધન થી કામ અમે આખી ટીમ કરીશું. ઈન્ડિયા ગઠબંધ નો ઉમેદવાર મારો પી.એ. હતો મારી સાથે સંકલન થી લઈને તમામ મિટિંગો માં પણ લઇ જતો, રાજકારણ ના પાઠ ભણાવી તૈયાર કર્યો ટિકિટ આપવા પણ કહી પણ તેને જવું જ હતું અમારી પીઠ પાછળ ખંજર ભોંકી ને જતો રહ્યો. વિભીષણ છે ગદાર છે...જો અમારી સાથે આવો વિશ્વાસ ઘાત કર્યો છે તો પ્રજા સાથે શું વિશ્વાસ ની કામગીરી કરશે.? બધા પોતાના સ્વાર્થ માટે દોડે છે પણ મને વિશ્વાસ છે.જે દિવસે 4 જૂને પરિણામ અવાશે બધા ઘરભેગા થઈ જવાના છે.

»»»» મહેશભાઈ છોટુભાઈ વસાવા, પૂર્વ MLA

# જોડિયા તાલુકામાં આશા સંમેલનનું આયોજન કરાયું

વિશાલ જે હરવરા - જામનગર : જોડિયા તાલુકામાં તાલુકા હેલ્થ કચેરી દ્વારા માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ભાયા સાહેબના આદેશાનુસાર તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડો. સંજય સોમૈયા સાહેબના અધ્યક્ષ સ્થાને અને તેમના સીધા માર્ગદર્શન હેઠળ આ સંમેલન યોજવામાં આવેલ હતું જિલ્લા કક્ષાએથી ડીપીસી યજ્ઞેશ ખારેચા તેમજ નીરજભાઈ મોદી, જોશીભાઈ અને ડી.એસ.બી.સી. સી ચિરાગ પરમાર ઉપસ્થિત રહી પ્રેરક ઉદબોધન કરેલ હતું તેમજ તાલુકા આર.બી.એસ.કે ડોક્ટર અને સુપરવાઈઝરશ્રી ઓ ઉપસ્થિત રહી આ સંમેલન સફળ બનાવવા સહભાગી થયેલ હતા તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડો. સંજય સોમૈયા સાહેબે પોતાના ઉદબોધનમા આશા અને આશા ફેસીલીટર બહેની ની કામગીરીની અગત્યતા તેમજ તેમની કામ પ્રત્યેની નિષ્ઠા વિશે જણાવી તેઓ ભવિષ્યમાં પણ આવી જ રીતે કામ કરી જોડિયા તાલુકા મા માતા મરણ અને બાળમરણ અટકાવવા માટે મોટીવેટ કર્યા હતા. આશા ની કામગીરી અંગે પ્રેરણાદાયક માર્ગદર્શન આપવામાં આવ્યું. અને ડો. દ્વારા 'જન્મજાત ખોડખાંપણ જાગૃતિ માસ તરીકે માર્ચ માસને ઉજવણી કરવા માર્ગદર્શન આપેલ હતુ. આશા ફેસીલીટર બહેનોને પ્રમાણપત્રો આપી તેમની કામગીરીને બિરદાવી હતી તેમજ આશા બહેનો દ્વારા પોતાની ફિલ્ડ કામગીરી પ્રત્યે વધુ ઉત્સાહિત થાય તે માટે પહેલો બીજો અને ત્રીજો ક્રમાંક આપી પોત્સાહિત કરયા અને સર્ટિફિકેટ અપાયા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા હેલ્થ કચેરી ટીમ દ્વારા ભારે જેહમત ઉઠાવી હતી .




# ચૂંટણીના હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય મતદાન મથકથી 200 મીટરના વિસ્તારમાં, શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ તેમજ ધાર્મિક સ્થળની લગોલગ ખોલવા માટે પ્રતિબંધ

વિશાલ જે હરવરા જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને કોઈપણ ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/સંસ્થાને ચૂંટણીના હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય ઉકત ચૂંટણી માટે નિયત થયેલ મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં તેમજ કોઈપણ માન્ય શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ તેમજ ધાર્મિક સ્થળની લગોલગ ખોલવા માટે પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. આ વિસ્તારમાં ચૂંટણી કાર્યાલયો ખોલવામાં આવે તો વિદ્યાર્થીઓને, દર્દીઓને, દર્શનાર્થીઓને, શ્રધ્ધાળુઓને તેમજ મતદાનના દિવસે મતદારોને વિક્ષેપ પડવાની અને ટ્રાફીકની ગેરવ્યવસ્થા થવાની પુરેપુરી સંભાવના રહે છે. જેના કારણે જાહેર સુલેહ-શાંતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર પડી શકે છે. ભારતના ચૂંટણી પંચે બહાર પાડેલ ચૂંટણી આચાર સંહિતાના અમલ માટે તથા જામનગર જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ભાવેશ એન. ખેર દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ તળ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ જાહેરનામું ફરમાવેલ છે. જામનગર જિલ્લાના હદ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

૧. ચૂંટણીના હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય ઉકત ચૂંટણી માટે નિયત થયેલ મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તારમાં તેમજ કોઈપણ માન્ય શૈક્ષાણિક સંસ્થા/હોસ્પિટલ તેમજ ધાર્મિક સ્થળ/ સંકુલની લગોલગ ખોલવા માટે પ્રતિબંધ ફરમાવામાં આવે છે.

૨. ઉપરોક્ત હુકમનું પાલન થાય તે રીતે ખોલવામાં આવેલા ચૂંટણી કાર્યાલયમાં પાર્ટી સિમ્બોલ/ફોટોગ્રાફ વાળા ફકત એક જ પાર્ટી ફલેગ અને બેનર લગાવી શકાશે. આવા બેનરની સાઈઝ ૪ ફુટ + ૮ ફુટની મર્યાદામાં રાખવાની રહેશે.

૩. કોઈપણ જાહેર કે ખાનગી મિલકતમાં અનધિકૃત કબજો/દબાણ કરીને ચૂંટણી કાર્યાલય ખોલી શકાશે નહી.

૪. સ્થાનિક સતા મંડળના જે કોઈ નિયંત્રણો લાગુ પડતા હશે તેનું પાલન કરવાનું રહેશે.

## પોસ્ટર્સ, બેનર્સ, દીવાલ પરના લખાણો દૂર કરવાની કામગીરી હજી પણ ચાલુ રહેશે

# આચારસંહિતાના અમલ સાથે નર્મદા જિલ્લામાંથી 816થી વધુ પ્રચારાત્મક સામગ્રીઓ દૂર કરાઈ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની જાહેરાત સાથે નર્મદા જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી જતાં તેના ચૂસ્ત અમલ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તત્કાલ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ ૨૧- છોટાઉદેપુર લોકસભા વિભાગમાં સમાવિષ્ટ નાંદોદ અને ૨૨ - ભરૂચ લોકસભા વિભાગમાં સમાવિષ્ટ દેડીયાપાડા એમ જિલ્લાની બન્ને વિધાનસભા મતવિસ્તારોમાં આદર્શ આચારસંહિતા સમિતિ પણ સક્રિય થઈ ગઈ છે.

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતા જ પ્રથમ દિવસથી જ જિલ્લામાં સરકારી તથા ખાનગી ઈમારતો પરથી પોસ્ટર્સ, બેનર્સ અને લખાણો હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં આશરે ૮૧૬ થી વધુ પ્રચારાત્મક સામગ્રી દૂર કરી દેવામાં આવી છે. આ કામગીરી હજુ પણ જારી રહેલ છે.

નર્મદા જિલ્લામાં આદર્શ આચારસંહિતા સમિતિના નોડલ ઓફિસર જે.કે.જાદવ તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જીજ્ઞાબેન દલાલના માર્ગદર્શનમાં અને નિરીક્ષણ હેઠળ શહેર તેમજ જિલ્લામાં જાહેર સ્થળો, સરકારી ઈમારતો તેમજ ખાનગી ઈમારતો પરથી સરકારી જાહેરાતો તથા રાજકીય લખાણોવાળા પોસ્ટર, બેનર્સ, ઝંડીઓ ઉતારવાની, દિવાલ પરના લખાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સમગ્ર કામગીરીમાં તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રી અને નગરપાલિકા વિસ્તારમાં ચીફ ઓફિસરશ્રી અમલીકરણ અધિકારી તરીકે કામ કરી રહ્યા છે.



ચૂંટણીના જાહેરાતના પ્રથમ દિવસમાં નર્મદા જિલ્લાની બન્ને વિધાનસભા બેઠક વિસ્તારોમાંથી કુલ ૮૧૬ પ્રચારાત્મક સામગ્રી દૂર કરી દેવામાં આવી છે. જેમાં સરકારી મિલકતો પરથી ૯૫ દિવાલો પરના લખાણો ભૂંસી નખાયા છે, તો ૧૩૮ પોસ્ટર્સ તથા ૧૭૨ બેનર્સ તેમજ ૨૮૮ જેટલી અન્ય પ્રચારાત્મક સામગ્રી મળીને કુલ ૬૯૩ સામગ્રી દૂર કરી નાંખવામાં આવી છે. જ્યારે જિલ્લાની ખાનગી મિલકતો પરથી પણ ૪૧ દિવાલ પરના લખાણો, ૨૬ પોસ્ટર્સ, ૨૭ બેનર્સ અને ૨૯ અન્ય મળીને કુલ ૧૨૩ જેટલી પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે. નિષ્પક્ષ અને ભયમુક્ત માહોલમાં ચૂંટણી યોજવાની પ્રતિબદ્ધતા સાથે જિલ્લા ચૂંટણી તંત્ર સતત સક્રિયપણે આ કાર્ય કરી રહ્યું છે,અને કામગીરી વધુ વેગવાન બનાવવામાં આવી છે.

# બ્લોકના કારણે 19 થી 21 માર્ચ સુધી અસારવા-ઈન્દોર એક્સપ્રેસ રદ રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝન પર ધોસવાસ અને નામલી સ્ટેશનો વચ્ચે ડબલિંગ કામ માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે અસારવા-ઈન્દોર-અસારવા એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. જે આના જેવું છે: 19, 20 અને 21 માર્ચ 2024 ના રોજ અસારવાથી ચાલતી ટ્રેન નંબર 19316 અસારવા-ઈન્દોર એક્સપ્રેસ રદ રહેશે. 19 અને 20 માર્ચ 2024ના રોજ ઈન્દોરથી ચાલતી ટ્રેન નંબર 19315 ઈન્દોર-અસારવા એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# 20થી 22 માર્ચ દરમિયાન ખોડિયાર-ગાંધીનગર વચ્ચે રેલવે ક્રોસિંગ નં.15 બંધ રહેશે

અમદાવાદ : અમદાવાદ ડિવિઝન પર ખોડિયાર-ગાંધીનગર રેલ્વે સેક્શન વચ્ચે આવેલ રેલ્વે ક્રોસીંગ નં. 15 કિમી (523/11-12) BCM મશીન દ્વારા ડીપ સ્ક્રીનીંગ કાર્ય માટે 20 માર્ચ 2024 ના રોજ રાત્રિ 22:00 વાગ્યાથી 22 માર્ચ 2024 ના રોજ સવારે 08:00 વાગ્યા સુધી બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન રેલ્વે ક્રોસિંગ નંબર 13 કિમી (522/6-7), રેલ્વે ક્રોસિંગ નંબર 14 કિમી (523/5-6) અને રેલ્વે ક્રોસિંગ નંબર 16 કિમી (524/4-5) નો ઉપયોગ કરી શકે છે.

# ડોન ગામમાં અમુક ત્રાહિત ઈસમો રસ્તા બાબતે નડતરરૂપ બનતા ગ્રામજનોએ વન વિભાગ સહિત ઉચ્ચકક્ષાએ ફરીયાદ

સુશીલ પવાર. ડાંગ : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનું ડોન ગામ ડુંગરાળ વિસ્તારમાં આવેલ. છે.ત્યારે ગ્રામજનો માટે ગામમાંથી ગાય,બકરા જંગલમાં ચરાવવા લઈ જવા માટે તથા ખેતીનાં કામ માટે બળદો તેમજ હળ લઈ જવા માટેનો રસ્તો હોવા છતા કેટલાક ઈસમો નડતરરૂપ બની રહ્યા છે.અમુક વગદાર અને ત્રાહિત ઈસમો ગ્રામજનોને આ રસ્તા ઉપરથી ગાય,બકરા તથા હળ - બળદ લઈ જવા માટે વારવાર અટકાવી રહ્યા છે.જોકે તે જમીન અને રસ્તો ડાંગ દક્ષિણ વન વિભાગનાં આહવા રેંજની હકુમતમાં આવે છે.તેમ છતા ગામના કેટલાક ત્રાહિત વ્યક્તિઓની જમીનમાંથી આ રસ્તો પસાર થતો હોવાના કારણે તે વ્યક્તિઓ ગ્રામજનોને ગાય,બકરા તથા હળ બળદો લઈ જવા માટે અડચણ રૂપ બની રહ્યા છે.આ માર્ગ જે જમીનમાંથી પસાર થાય છે તે જંગલ ખાતાની જમીન છે.આ માર્ગ પર દરેકનો હક્ક હોવા છતાંય નડતરરૂપ બનતા હોય છે.ત્યારે આ ત્રાહિતો સામે કાર્યવાહી કરી ગ્રામજનોને રસ્તા પુરતી જગ્યા આપવામાં આવે તેવી માંગ સાથે ગ્રામજનોએ દક્ષિણ વન વિભાગનાં આહવા રેંજમાં અરજ ગુજારી સમસ્યાનાં ઉકેલની માંગ કરી છે. જો આવનાર દિવસોમાં આ માર્ગ અંગેનો ઉકેલ ન આપવામાં આવે તો કર્મચારીઓનો ઘેરાવો સહિત ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે.

# ગાંધીનગર જિલ્લામાં મતદારોની સેવા માટે કાર્યરત 1950 હેલ્પલાઇન સેવાનો લાભ 20 જેટલા મતદારોએ લીધો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લામાં મતદારોની સેવામાં શરૂ કરવામાં આવેલી હેલ્પલાઇન ૧૯૫૦ પર તા. ૧૭મી માર્ચના રોજ બપોરના ૨.૦૦ કલાક સુધીમાં કુલ- ૨૦ જેટલા મતદારોએ હેલ્પલાઈન સેવાનો લાભ લીધો હતો. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ આદર્શ આચાર સંહિતાની અમલવારી કરવામાં આવી રહી છે. તેના સાથે મતદારોની સુવિધા- સેવા માટે હેલ્પલાઈન ૧૯૫૦ શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન પરથી મતદારો મતદાર યાદીમાં પોતાનું નામ, કયાં ભાગ નંબર, કયા ક્રમ ઉપર નોંધાયેલ છે. તેની માહિતી તથા પોતાને કયા સ્થળે મતદાન કરવા જવાનું છે. તેની માહિતી મતદારો મેળવી શકે છે. ચૂંટણીના શંખનાદ થયા બાદ ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મત વિભાગમાં આ હેલ્પાલાઈન શરૂ કરવામાં આવી હતી. આ હેલ્પલાઈનની સેવાના સમય સવારના ૧૧.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધીનો છે. ચૂંટણીની પ્રક્રિયાના આરંભથી તા. ૧૭મી માર્ચ, ૨૦૨૪ના બપારેના ૨.૦૦ કલાક સુધીમાં ૨૦ જેટલા મતદારોએ આ સેવાનો લાભ લીધો છે.

# 25 માર્ચના રોજ ચાલશે અમદાવાદ અને હુબ્બલ્લિ વચ્ચે સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને હુબ્બલ્લિ વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ટ્રેનનું વર્ણ નીચે મુજબ છે : ટ્રેન નંબર 07312/07311 અમદાવાદ હુબ્બલ્લિ-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન (2 ટ્રિપ) ટ્રેન નંબર 07312 અમદાવાદ હુબ્બલ્લિ સ્પેશિયલ 25 માર્ચ 2024 સોમવારના રોજ અમદાવાદથી 21:25 કલાકે ઉપડીને બીજા દિવસે 19:45 કલાકે હુબ્બલ્લિ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર 07311 હુબ્બલ્લિ-અમદાવાદ સ્પેશિયલ 24 માર્ચ 2024 રવિવારના રોજ હુબ્બલ્લિથી 19:30 કલાકે ઉપડીને બીજા દિવસે 19:20 કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન આણંદ, વડોદરા, સૂરત,વાપી, બોઈસર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવલા, પુણે, સતારા, સાંગલી, મિરજ, ઘાટપ્રભા, બેલગામ, લોંડા અને ધારવાડ સ્ટેશનો ઉપર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અન જનરલ શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નંબર 07312 નું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ડર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ છે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને સંરચનાના સંબંધમાં વિસ્તૃત જાણકારી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# લોકસભા સામાન્ય ચૂંટણી ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થાય તેવું સુચારું આયોજન : જિલ્લા ચૂંટણી અધિકારી

ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ

લોકસભા સામાન્ય ચૂંટણીમાં ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થાય તેવું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પરથી સૌ પ્રથમવાર ૨૪ હજાર જેટલા યુવા મતદારો મતદાન કરવાના છે, તેવું જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ જણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૧૩,૪૨,૧૩૧ મતદારો લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન કરશે. જેમાં ૬,૮૬,૫૪૦ પુરૂષ, ૬,૫૫,૫૪૨ સ્ત્રી અને ૪૯ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. આ મતદારોમાં સેવા મતદારોની સંખ્યા ૧૦૭૦ છે. દિવ્યાંગ મતદારો ૧૧,૪૭૫ અને ૮૫ વર્ષથી મોટી ઉંમરના મતદારો ૧૦,૧૬૧ છે. ૮૫ વર્ષથી મોટી ઉંમરના મતદારો મતદાન મથક ને બદલે ઘરેથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પણ ખાસ સુવિધા ઉભી કરવામાં આવશે. તેની સાથે મોટી ઉંમરના મતદારો મતદાન કરવા મતદાન મથકે જાય તો તેમને તકલીફ ન પડે તે માટે રેમ્પ અને વ્હીલચેરની સુવિધા પણ આપવામાં આવશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ ઉમેર્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી માટે કુલ-૧૩૧૭ મતદાન મથકો ઉભા કરવામાં આવશે. તમામ મતદાન મથક પર પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીંગ સ્ટાફ મળીને કુલ પાંચ વ્યક્તિઓની ટીમ હશે. સમગ્ર મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે પોલીસ જવાનો સાથે અંદાજે ૮ હજાર જેટલા અધિકારી- કર્મચારીઓ ફરજ બજાવશે. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ વધુમાં જણાવ્યું હતું કે, વિધાનસભા મતદાર વિભાગ દીઠ એક એટલે કે કુલ- પાંચ આદર્શ મતદાન મથક, પાંચ યુવા મતદાન મથક, પાંચ દિવ્યાંગ મતદાન મથકો ઉભા કરવામાં આવશે. તેની સાથે પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં મહિલાઓ દ્વારા સંચાલિત સાત-સાત સખી મતદાન મથક મળી કુલ- ૩૫ સખી મતદાન મથકો ઉભા કરવામાં આવશે. સખી મતદાન મથકોમાં તમામ મહિલાકર્મીઓ પોતાની ફરજ અદા કરશે. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ એમ પણ જણાવ્યું હતું કે, લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ દરમ્યાન ચૂંટણી ખર્ચના મોનીટરીંગ માટે વીએસટીની ૨૦, વીવીટીની ૧૦, એફએસટીની ૨૦, એકાઉન્ટીંગની ૫ અને એ.ઈ.ઓ. પાંચ ટીમની નિમણુંક કરવામાં આવી છે. તેની સાથે કલેકટર કચેરી ખાતે આચારસંહિતા ભંગને લગતી કોઈપણ પ્રકારની ફરિયાદ ઓનલાઈન નોંધવા માટે ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦ ૨૩૩ ૦૫૮૪ નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. જે રાઉન્ડ કલોક ચાલુ રહેશે. ચૂંટણી દરમ્યાન આચાર સંહિતા તથા ખર્ચની ફરિયાદોને ઓનલાઈન નોંધવા c-Vigil એપ્લીકેશન-પોર્ટલ ચૂંટણી પંચ દ્વારા કાર્યરત કરવામાં આવ્યું છે. જેના પણ કોઈ પણ પ્રકારની ફરિયાદ ઓનલાઈન નોંધાવી શકાશે. તેમણે ઉમેર્યું હતું કે, મતદારો મતદાર યાદીમાં પોતાનું નામ કયાં ભાગ નંબર, કયા ક્રમ ઉપર નોંધાયેલ છે. તેની માહિતી તથા પોતાને કયા સ્થળે મતદાન કરવા જવાનું છે. તેની માહિતી મતદારો મેળવી શકે તેવા ઉમદા આશયથી રાજય કક્ષાએ ગાંધીનગર ખાતે હેલ્પલાઈન ટેલીફોન નંબર - ૧૯૫૦ છે.




# ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચાર સંહિતાની અમલવારી માટે ભીત ચિત્રો- લખાણ અને બેનર દૂર કરાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મત વિભાગમાં આર્દશ આચારસંહિતાની અમલવારી માટે જિલ્લા તંત્ર સજ્જ થઇ ગયું છે. તંત્ર દ્વારા આચારસંહિતા ભંગ કરતા હોય તેવા ૩૪૦૦ થી વધુ ભીત ચિત્રો-લખાણ, બેનર દૂર કરવામાં આવ્યા છે. તા.૧૬મી માર્ચના રોજ ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીનો શંખનાદ કરતાની સાથે જે રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સમગ્ર તંત્ર સક્રિય થઈ ગયું હતું. શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીની પ્રક્રિયાનો આરંભ થાય અને આર્દશ આચાર સંહિતાની અમલવારી થાય તેવા ઉમદા ભાવથી તંત્ર દ્વારા તા. ૧૬મી માર્ચના બપોર બાદ જ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ આર્દશ આચાર સંહિતાની અમલવારી માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જીજ્ઞાસા વેગડાની નોડલ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમજ ગાંધીનગર મહાનગરપાલિકામાં નોડલ અધિકારી તરીકે જે.એમ. ભોરણીયાની નિમણુંક કરવામાં આવી છે. આદર્શ આચાર સંહિતાની અમલવારી માટે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર અને જિલ્લામાંથી ભીત ચિત્ર, ભીત લખાણ, બેનર અને અન્ય આચાર સંહિતાની અમલવારી કરતાં નથી, તેવી ચીજ વસ્તુઓ દૂર કરવાની પ્રક્રિયા હાથ ઘરવામાં આવી હતી. તા. ૧૬મી માર્ચથી આરંભ થયેલ કાર્ય અંતર્ગત સરકારી અને ખાનગી જગ્યા પરથી કુલ- ૩૪૭૬ બેનર, ભીત ચિત્ર- લખાણ અને અન્યનો નિકાલ કરવામાં આવ્યો છે. જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાંથી જાહેર મિલ્કત ઉપર લગાવેલ ૧૭૩૪ ભીંત લખાણ, ૩૯૩ ચિત્ર, ૨૬૫ બેનર અને અન્ય ૧૪૬ અન્ય આદર્શ આચાર સંહિતાની અમલવારીમાં નડતર દૂર કરવામાં આવ્યા છે. તેમજ ખાનગી મિલ્કત ઉપરના ૭૭૯ ભીંત લખાણ, ૭૭ ભીત ચિત્ર ૫૪ બેનર અને ૨૮ અન્ય આદર્શ આચારસંહિતાની અમલવારીને નડતરરૂપ ચીજ વસ્તુઓ દૂર કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી 2024 અંતર્ગત ટોલ ફ્રી નંબર જાહેર કર્યો

અશોક મણવર - અમરેલી : અમરેલી જીલ્લામા આદર્શ આચારસંહિતાના ભંગની ફરિયાદ માટેનો કંટ્રોલ રુમ શરુ કરવામાં આવ્યો છે. જિલ્લાના નાગરિકો આ કંટ્રોલરુમમાં ચૂંટણીલક્ષી બાબતો માટે ફરિયાદ નોંધાવી શકે છે. ચૂંટણીલક્ષી ફરિયાદ માટે જિલ્લા કક્ષાએ ૧૯૫૦ ફોન નંબર કાર્યરત છે. ખર્ચ નિયંત્રણ સંબંધિત વિગતો-ફરિયાદ માટે કંટ્રોલ રૂમ પર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ નંબર પર (૨૪X૭) પર ફોન કરી ફરિયાદ રજૂ કરી શકાય છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મોબાઈલ એપ્લિકેશન c-VIGIL લોન્ચ કરવામાં આવી આ એપ્લિકેશન મારફતે કોઈપણ નાગરિક આચારસંહિતા તથા ખર્ચ વિષયક ફોટોગ્રાફી/ વીડિયોગ્રાફી સાથેની કોઈપણ ફરિયાદ અપલોડ કરી શકશે. રજૂ થયેલી ફરિયાદોનું ફ્લાઈંગ સ્કવોડ દ્વારા ૧૦૦ મિનિટમાં જે-તે સ્થળ પર પહોંચી જઈ નિકાલ કરવામાં આવશે.

# ભારતીય જ્ઞાન પરંપરા પર પરિસંવાદ કેરળના રાજ્યપાલ આરીફ ખાનની ઉપસ્થિતમાં યોજાશે

ગાંધીનગર સંવાદદાતા : સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (CUG)ના શિક્ષણ સંસ્થાન દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. કેરળ રાજ્યના રાજ્યપાલ આરીફ ખાન 18 માર્ચે યોજાનાર આ પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય પરિસંવાદનો વિષય છે 'ભારતીય જ્ઞાન પરંપરા' . માનનીય રાજ્યપાલ પરિસંવાદને સંબોધશે. પરિસંવાદના સંયોજક અને શિક્ષણ સંસ્થાનના અધિષ્ઠાતા પ્રો. એચ.બી. પટેલે જણાવ્યું કે આ કાર્યક્રમમાં રાજ્યપાલની સાથે પ્રખ્યાત અવકાશ વૈજ્ઞાનિક ડો.ઓમ પ્રકાશ પાંડે અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો. ભાગ્યેશ ઝા અતિથિ વિશેષ તરીકે જોડાશે. તેમણે જણાવ્યું કે સેમિનારની અધ્યક્ષતા ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રમાશંકર દુબે કરશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654




# ડમ્પર નીચે કચડાઇ જતાં શિક્ષકનું મોત...

## સ્કૂલ તરફ જતાં એક ટર્ને શિક્ષકની જીંદગી છીનવી લીધી, ડમ્પરના બંને ટાયર શરીર પર ફરી વળ્યાં

બનાસકાંઠા (પાલનપુર) | બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાંથી એક કાળજુ કંપાવતી અકસ્માતની ઘટના સામે આવી છે. ગઇકાલે ઘરેથી બાઇક લઇને સ્કૂલે જવા નીકળેલા શિક્ષક સ્કૂલે પહોંચે એ પહેલાં જ ડમ્પર નીચે આવી જતાં મોતને ભેટ્યા હતા. આ ગોઝારા અકસ્માતની ઘટનાના આજે સીસીટીવી સામે આવ્યા છે.

બનસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના રાંટીલા ગામના પ્રવિણસિંહ સુબાભાઇ રાજપૂત ગામની જ શાળામાં આચાર્યની ફરજ બજાવે છે. જે ગઇકાલે સવારે પોતાના રુટિન સમય પ્રમાણે શાળાએ જવા નીકળ્યા હતા. આ દરમિયાન દિયોદરની જેતડા ચોકડી પાસે ટર્ન લેતા એક ડમ્પર નીચે આવી ગયા હતા. પ્રવિણસિંહ ડમ્પર નીચે આવી જતાં ડમ્પરના તોંતિંગ ટાયર તેમના શરીર પર ફરી વળ્યા હતા. જેથી તેમને ગંભીર ઈજાઓ પહોંચતાં સ્થાનિકોએ 108ને જાણ કરી હતી. 108ની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઇ ઈજાગ્રસ્ત શિક્ષકને સારવાર અર્થે દિયોદરની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, શિક્ષકને અતિગંભીર ઈજાઓ પહોંચી હોવાથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ડોક્ટરોએ એમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતકના કાકાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. જોકે, એકાએક શિક્ષકનું મોત થતાં શાળાના વિદ્યાર્થીઓ અને તાલુકાભરના શિક્ષકોમાં શોકની લાગણી છવાઇ ગઇ છે. ધાનેરા તાલુકાના ધાખામાં પણ અકસ્માતમાં સાત વર્ષની બાળકીનું મોત થયું હોવાની ઘટના સામે આવી છે.

ધાનેરાના ધાખા ગામનો પરિવાર શુક્રવારે ધાનેરાથી બાઇક ઉપર ભાણીને લઇ ધાખા જવા નિકળ્યો હતો. ત્યારે ધાખા નજીક પાછળથી કારે ટક્કર મારતાં બાઇક સવાર ભાણીને ગંભીર ઇજા થતાં તેનું મોત નિપજ્યું હતું. જ્યારે ત્રણને ગંભીર ઇજાઓ હોવાથી ધાનેરામાં પ્રાથમિક સારવાર કરાવી ગંભીર ઇજાઓ હોવાથી અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા.

### ચાલક ભાગી છુટ્યો

આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ ધાખા ગામના દલપતભાઈ માજીરાણા શુક્રવારે તેમની પત્ની સુખીબેન અને પુત્ર પિયુષ સાથે ધાનેરા આવ્યા હતા અને ધાનેરાથી તેમની ભાણેજ સાથે તેઓ ચાર જણ બાઈક ઉપર ધાખા આવતા હતા. ત્યારે ધાખા નજીક એક કારે પાછળથી ધકડાભેર ટક્કર મારતાં બાઈક હવામાં ફંગોળાઈ ગયું હતું. બાઈક ઉપર સવાર ચારે જણા રોડ ઉપર પટકાયા હતા.

જેમાં 7 વર્ષની ભાણી નીતાનું મોત થયું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પતિ, પત્ની અને પુત્રને ધાનેરા હોસ્પિટલમાં સારવાર આપી વધુ સારવાર માટે મહેસાણા ખસેડાયા હતા. જ્યાંથી તેઓને અમદાવાદ ખસેડાયા છે. કાર ચાલક હરેશ સોમાભાઇ પટેલ (રહે.ધાખા) અકસ્માત કરી ભાગી છૂટયો હતો. આ અકસ્માતમાં બાઈકનો ભુક્કો બોલી ગયો હતો.

---

### વડોદરા- આણંદ હાઇવે પર ઇન્કમટેક્સ અધિકારી લૂંટાયો

# ડ્રાઇવર લઘુશંકા કરવા ઊભો રહ્યો ને ત્રણ શખસે માર મારી લૂંટી લીધો...

વડોદરા | વડોદરા નેશનલ હાઈવે પર કાર ઉભી રાખી લઘુશંકા કરવા ઉતરેલ ઈન્કમટેક્સ અધિકારીની ગાડીના ડ્રાઈવરને અજાણ્યા ત્રણ શખસે પકડી લૂંટના ઈરાદે માર મારી મોબાઈલ સહિત પર્સની લૂંટ કરી ફરાર થઇ ગયા હતા. આ બનાવને લઇ પોલીસે ડ્રાઈવરની ફરિયાદના આધારે લૂંટારુંને ઝડપી પડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

મૂળ આણંદના અને ડ્રાઈવર તરીકે નોકરી કરતા ગૌતમકુમાર રતિલાલ ચૌહાણએ નોંધાવેલ ફરિયાદ મુજબ, તેઓ આણંદ ખાતે આવેલ એગ્રીકલ્ચર યુનિવર્સિટીની અંદર આવેલ ક્વાટ્રસમાં વિદ્યાડેરી રોડ જિટોડિયા ગામની બાજુમાં રહે છે.

આણંદ ખાતે આવેલ એ. જી. ટ્રાવેલ્સમાં નોકરી કરું છું અને એ. જી. ટ્રાવેલ્સમાં જણાવ્યા મુજબ મારે અલગ-અલગ જગ્યાયે ગાડી લઈને જવાનું હોઇ છે. હાલમાં છેલ્લા બે દિવસથી વડોદરા ખાતે સર્કલ (ચકલી સર્કલ) પાસે આવેલ ઈન્કમટેક્ષ ઓફિસર્સને લેવા મુકવા માટે મને ઈનોવા કાર આપવામાં આવી છે.

ગઈકાલ તા.16/03/24ના રોજ રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે નડિયાદ (પીજ ચોકડી)થી ઈન્કમટેક્ષ ઓફિસર્સને લઈને વડોદરા ખાતે આજરોજ તા-17/03/24ના રોજે રાત્રિના આશરે એકાદ વાગે વડોદરા ખાતે ચકલી સર્કલ પહોંચી ત્યાં ઈન્કમટેક્ષ ઓફિસર્સને ઉતારી બીજા એક ઓફિસર્સ મકરપુરા એરફોર્સ સ્ટેશન ખાતે રહેતા હોવાથી તેઓને પણ મૂકીને એરફોર્સ પાછળ મકરપુરાથી હાઈવે તરફ જતા એરફોર્સ સ્ટેશનના પાછળ વાળા રોડે થઈ સુરત-અમદાવાદ વાળા હાઈવે ઉપર નીકળ્યો હતો. ત્યારબાદ જાંબુવા ચોકડીથી આવતા અને દુમાંડ ચોકડી આણંદ તરફ જતા રોડ ઉપર મારી કાર ચલાવીને જતો હતો અને મારે બાથરુમ જવાનું થતા હાઈવે ઉપર આવેલ ટાયર્સની દુકાનથી આશરે પચાસ મીટર દૂર દુમાંડ ચોકડી તરફ જતા રોડની સાઈડમાં મારી ગાડી પાર્ક કરી બાથરુમ કરવા ઉભ્યો હતો અને બાથરુમ કરતો-કરતો પાન-પડીકી બનાવી રહ્યો હતો.

તે દરમિયાન એક શખસ અંધારામાંથી આવીને મને બાથમાં પકડી લીધો અને થોડી વારમાં બીજો એક વ્યક્તિએ આવી મારા બે પગ પકડી લીધા અને પાછળથી ત્રીજ વ્યક્તિએ મારુ મોઢુ દબાવીને ત્રણેય વ્યક્તિએ ભેગા મળી મને માર મારવા લાગ્યા હતાં. મારી પાસેથી રૂપિયાની માંગણી કરવા લાગ્યા હતા.

# જેતપુરમાં ગોડાઉનમાંથી કુટણખાનું ઝડપાયું: સંચાલક સહિત 6ની અટકાયત

જેતપુર | જેતપુરમાં અસામાજિક પ્રવૃત્તિઓ વધી રહી છે. ત્યારે જૂનાગઢ રોડ પર જલારામ મંદિર પાસેના ગોડાઉનમાં ગેરકાયદેસર કુટણખાનું ધમધમતું હોવાની પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે બોગસ ગ્રાહક મોકલી છાપો મારતાં ગોડાઉનમાં પ્લાયવુડના પાર્ટીશનથી રૂમ બનાવી કુટણખાનું ચલાવવામાં આવતું હતું. પોલીસે સંચાલક સહિત 6 શખ્સોની ધરપકડ કરી 81,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ જેતપુર જૂનાગઢ રોડ પર આવેલ ગોડાઉનમાં છેલ્લા ઘણા સમયથી કુટણખાનું ધમધમતું હોવાની ડીવાયએસપી આર.એ. ડોડીયાને મળેલી બાતમીના આધારે ગઈકાલે રાત્રે બોગસ ગ્રાહક મોકલી પોલીસ કાફલા સાથે ગોડાઉનમાં છાપો માર્યો હતો. પોલીસના દરોડા દરમિયાન ગોડાઉનમાં પ્લાયવુડના પાર્ટીશનથી અલગ અલગ રૂમો બનાવી હતી. જ્યારે વેશ્યાવૃત્તિ માટે બહારથી મહિલાઓ બોલાવી ગ્રાહકો પાસેથી 600 રૂપિયા પડાવવામાં આવતાં હતાં. સંચાલક દિલીપસિંહ મહિપતસિંહ વાઢેર (ઉ. 31) તેમજ રંગરેલીયા મનાવવા આવેલા જેતપુરના મંડલીપુર ગામના ગુલસિંગ નાથીયાભાઈ મીનાવર (ઉ. 32), ધોરાજીના નિલેશ મથુરભાઈ સરવૈયા (ઉ. 33), જેતપુર દેસાઈવાડીના પારસ જયેશભાઈ વેકરીયા (ઉ. 23), જેતપુરના ખોડપરાનાં રાજેશ સુરેશભાઈ બરવાડીયા (ઉ.21) અને ધોરાજી વિસી પ્લોટના ભગુભાઈ ગોબરભાઈ ગુજરાતી (ઉ. 60)ની ધરપકડ કરી હતી.

### રાજકોટના ખોરાણામાંથી બોગસ તબીબ ઝડપાયો...

# ધો.12 પાસ શખસ અગાઉ જામકંડોરણા અને સુરતમાં ક્લિનિકમાં કામ કરતો...



રાજકોટ | રાજકોટ શહેરમાંથી વધુ એક બોગસ તબીબની ધરપકડ કરવામાં આવી છે. રાજકોટ શહેર SOG પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન કુવાડવાના ખોરાણા ગામેથી બોગસ ડોકટરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસ દરમિયાન ધો.12 પાસ શખસ છેલ્લા 12 માસથી ક્લિનીક ચલાવતો હોવાનું બહાર આવતા પોલીસે તેની ધરપકડ કરી છે. તેની પાસેથી ઈન્જેકશન, દવાઓ, દવાના બાટલા, બીપ માપવાનું મશની સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

રાજકોટ નજીક કુવાડવાના ખોરાણા ગામે મેઈન બજારમાં બોગસ ડોક્ટર ડિગ્રી વગર ક્લિનીક ચલાવતો હોવાની માહિતીના આધારે રાજકોટ શહેર SOG પોલીસ સ્ટાફે દરોડો પાડી ક્લિનીકની ખુરશી પર બેઠેલ શખસની પૂછપરછ કરતા તે રાજકોટમાં મોરબી રોડ પર રહેતો અને મુળ જામકંડોરણાના રાયડી ગામનો મુકેશ મનસુખભાઈ ઠાકર (ઉં.વ.55) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસેથી ડિગ્રીની માંગ કરતા તેની પાસે કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી ન હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ક્લિનિક પર દરોડો કરતા ક્લિનીકમાંથી મેડિકલ સારવારના સાધનો સ્ટ્રેથોસ્કોપ તેમજ દવાઓ અને ઈન્જેકશનનો જથ્થો મળી આવતા તમામ મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે આરોપીની પૂછપરછ કરતા પોતે ધો.12 પાસ હોવાનું અને અગાઉ જામકંડોરણા પંથકમાં ડોક્ટર સાથે 9 વર્ષ અને સુરતમાં તબીબ સાથે 2.5 વર્ષ સુધી કામ કર્યુ હોવાનું જણાવ્યું હતું. બાદમાં હવે છેલ્લા 12 માસથી ખોરાણા ગામે ક્લિનીક ચલાવતો હોવાનું જણાવતા પોલીસે લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા સહિતનો ગૂનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બગસરામાં મામલતદાર કચેરી માટેની અનામત જમીનમાં 2 મકાનો ધરાશાયી



બગસરા | બગસરામાં મામલતદાર અને ડે.કલેકટર કચેરી માટે ફાળવવામાં આવેલી જમીન પર સબ ભૂમિ ગોપાલ કી..સમજીને પાકા મકાન બનાવી નાંખતા આજે અહી ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બે દબાણકારોના મકાનને ધરાશાયી કરી દેવામાં આવી હતી. અહી કુલ 6500 મીટર જગ્યા ખાલી કરાવી નાખી છે. ચૂટણી પછી બીજા અન્ય મકાનો ધરાશાયી કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. બગસરામાં મામલદાર તેમજ પ્રાંત ઓફીસ માટે ફાળવેલ જગ્યામાં લોકો દ્વારા મકાન બનાવવા આવેલ તેનું આજે બગસરા મામલતદાર તેમજ પ્રાંત અધિકારી તેમજ તમામ પોલીસ કાફલો તેમજ તમામ પાલિકા સ્ટાફ તેમજ તમામ પદાધિકારીઓની હાજરીમાં ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું .જેમાં ત્યાં રહેતા પરિવાર ને અન્ય વિસ્તાર માં પ્લોટ ફાળવી દેવામાં આવેલ હતા .આમ છતાં અહી રહેતા બે પરિવાર ના મકાન પડતાં મહિલાઆએ આક્રંદ કરી કાગારોળ મચાવી દીધી હતી.

આ બંને પરિવારને છેલ્લા ઘણા સમયથી મામલદાર ઓફિસ તરફ તેમજ પ્રાંત ઓફીસ તરફથી અનેક વાર નોટીશ આપવામાં આવેલ હોવા છતાં આ બંને પરિવારે નોટીસની આવગના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અહીંયા મામલદાર ઓફિસ તેમજ પ્રાંત ઓફીસ બનવા જઈ રહેલ છે .ત્યારે આ 6500ચોરસ મીટર ની જગ્યા છે .

### રાજકોટમાં પાણી નહીં તો મત નહીં : કાલાવડ રોડ પર માટલા ફોડ્યાં

# પાણીની સમસ્યાની અનેકવાર રજૂઆત, ઉકેલ ન આવતા મહિલાઓ રણચંડી બની



રાજકોટ | રાજકોટ શહેરમાં ઉનાળાના પ્રારંભે પાણીની પારાયણ સર્જાઈ છે અને ત્રણેક વર્ષ પહેલાં રાજકોટમાં ભળેલા છેવાડાના વિસ્તારમાં લોકોને પાણી માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે આજે શહેરના મોટામૌવા ખાતે પાણી પ્રશ્ને મહિલાઓમાં આક્રોશ જોવા મળ્યો હતો અને રણચંડી બનેલી મહિલાઓ દ્વારા કાલાવડ રોડ પર માટલા ફોડી ચક્કાજામ સર્જવામાં આવ્યો હતો. તેમજ 'પાણી નહીં તો મત નહીં'નાં નારા લગાવવામાં આવ્યા હતા.

સ્થાનિક મહિલા ચેતનાબેન પટેલે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં અનેક સોસાયટીઓ આવેલી છે. ગત ચૂંટણી સમયે પાણીની લાઇન આપવામાં આવી હતી. જોકે હજુ સુધી પાણી શરૂ કરવામાં આવ્યું નથી. જેને લઈને લોકોને ભારે મુશ્કેલી સહન કરવી પડી રહી છે. હવા, પાણી અને ખોરાક આ ત્રણ મુખ્ય વસ્તુઓ પૈકી પાણી ન મળે તો કરવું શું? આ અંગે અનેક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો ન હોવાથી આજે ઉગ્ર વિરોધ કરવાની ફરજ પડી છે. જો અમારી સમસ્યાનો ઉકેલ નહીં લાવવામાં આવે તો આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આવશે નહીં. લીંબાસિયા નયનાબેન નામના મહિલાએ જણાવ્યું હતું કે, મોટામૌવા વિસ્તારમાં 25 કરતાં વધુ સોસાયટીમાં કુલ 25 હજાર કરતા વધુ લોકો વસવાટ કરે છે. આ વિસ્તારમાં અનેક હાઈરાઈઝ બિલ્ડીંગો હોવા છતાં અહીં પાણી અને રોડ રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવતી નથી. આ માટે વારંવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી. જેને લઈને અહીં રહેતા હજારો લોકોને પ્રતિદિન પાણી વેચાતુ લેવાની ફરજ પડી રહી છે અને ગરીબ પરિવારોને પારાવાર મુશ્કેલી ભોગવવી પડી રહી છે, ત્યારે આ મુદ્દે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો આ વિસ્તારના લોકો મતદાનનો બહિષ્કાર કરશે તે નિશ્ચિત છે. ઉલ્લેખનીય છે કે, પાણી પ્રશ્ને રોષે ભરાયેલી મહિલાઓ દ્વારા કાલાવડ રોડ ચક્કાજામ કરી દેવામાં આવ્યો હતો. આ દરમિયાન પોલીસની વાન તેમજ સિટી અને એસટી બસોને પણ જવા દેવામાં આવી નહોતી.

# જીવાપર ગામમાં એક શખ્સના કબજામાંથી દારૂની 89 બોટલ મળી આવી



જામનગર | જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના જીવાપર ગામની સીમમાંથી ઈંગ્લીશ દારૂની 89 બોટલ કાલાવડ પોલીસે ઝડપી પાડીછે. જેમાં એક આરોપી ને કાલાવડ ટાઉન પોલીસે પકડી પાડ્યો છે. કાલાવડ ટાઉન પોલીસના પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન પોલીસ સ્ટાફના શોભરાજસિંહ જાડેજા અને ઉદયસિંહ સિંઘવને ચોક્કસ બાતમી મળી હતી કે જીવાપર ગામની સીમમાં અતુલભાઇ પટેલની વાડીમાં રહી ખેત મજૂરી કરતા કૈલાશ વેસશતાભાઈ મસાણીયા ઉ. 25 તે હાલ અતુલભાઇ પટેલની વાડીમાં કાલાવડ તાલુકામાં આવેલ જીવાપર ગામમાં રહે છે અને જે મૂળ મધ્ય પ્રદેશના વડાલા ગામનો રહેવાસી છે તે ઇંગલિશ દારૂ ના ગ્રીન પાર્ક ઘી ઓરીજનલ બ્લેન્ડેટ મેલ્ડ વહીસ્કી ના નવ બોટલ તથા ગોવા સ્પિરિટ ઓફ સ્મુથનેસ ની 80 ઈંગ્લિશ દારૂની બોટલ કુલ કિંમત 36,500 નો મુદ્દામાલ મળી આવતા કબજે કરવામાં આવેલ છે. વિદેશી દારૂની 89 બોટલ સાથે કૈલાશ વેશતાભાઈ મસાણીયા ને ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ગેનીબેન ભડક્યા, પોલીસ પર કર્યા ગંભીર આક્ષેપ...

# બે નંબરનો ધંધો કરવો હોય તો પોલીસને હપતા આપવા પડે, જો હપતા ન આપો તો કેસ થાય...

થરાદ | બનાસકાંઠા જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ ચૂંટણી પ્રચારની સાથે નેતાઓના આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દૌર પણ શરૂ થઈ ગયો છે. થરાદ તાલુકાના આજાવાડામાં ગતરાત્રિ દરમિયાન વાવના ધારાસભ્ય અને કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગેનીબેન ઠાકોરે પોલીસ પર ગંભીર આક્ષેપો કરતાં કહ્યું હતું કે, બે નંબરનો ધંધો કરવો હોય તો પોલીસને હપતા આપવા પડે, જો હપતા ન આપો તો કેસ થાય. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લખનીય છે કે, ગતરોજ બનાસકાંઠાના દિયોદર તાલુકામાં આયોજીત એક કાર્યક્રમમાં થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે પણ ભાજપના નેતાઓની સાથે પોલીસ પર નિશાન સાધ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં લોકસભાની ચૂંટણીના પ્રચાર પડઘમ વાગી રહ્યા છે ત્યારે નેતાઓ દ્વારા ગામડાઓમાં બેઠકો અને સભાઓ સંબોધવાની શરૂ કરી દીધી છે. ત્યારે કોંગ્રેસ લોકસભા ઉમેદવાર ગેનીબેન ઠાકોરે થરાદના આજાવાડા ગામે સભામાં જાહેર મંચ પરથી પોલીસ અને બનાસ ડેરી પર આકરા આક્ષેપો કર્યા હતા. તેમણે પોલીસને આડેહાથ લઈ હપતાખોરીનો આક્ષેપ કર્યો હતો.

પોલીસ પર આક્ષેપો કરતાં કહ્યું હતું કે, ભાજપના મળતીયા અહીંયા લાગુ થતાં હશે. કોઈપણ બે નંબરનો ધંધો કરવો હોય એણે પોલીસની સાથે મળી પોલીસને હપતા આપી ધંધો કરવાનો હોય છે. એમાં જેણે હપતો ના આપ્યો હોય એની પર કેસ થાય. કેસ થાય એટલે સમજી લેવાનું એણે હપતો લેટ આપ્યો હશે. વધુમાં તેમણે કહ્યું હતું કે, આપણે કોઈથી ડરવાનું નથી ખોટું કરે એને ડરવું પડે આપણે બે નંબરના ધંધા કરવા નથી. બનાસ ડેરી પર નિશાન સાધતા કહ્યું કે, હવે તો બનાસ ડેરીમાં ય એવું થઇ ગયું કે તમારા પગારના પૈસા આવે એ બનાસ બેન્કમાં જ જમા થાય એટલે તમારે ખાતું બનાસ બેન્કમાં જ રાખવાનું, તમારે જે બેન્કમાં રાખવું હોય ત્યાં નહીં. દૂધ અમે ભરાઈએ, 4 વાગ્યે અમે ઉઠીયે, છોકરાને 100 ગ્રામ દૂધ આપવું હોય તોય ના આપીએ અને ઘરનું ગુજરાન ચાલે એટલે દૂધ ભરાઈએ, તોય અમારા પૈસા ક્યાં મુકવા એ તમારે નક્કી કરવાનું? એટલે બધું અમારા કીધે થાય તમારા કીધે કઈ નઈ, તમારો કોઈ અધિકાર નથી એવું છે.

**પોલીસકર્મીઓ લોકોને હેરાન કરતા હોવાનો આક્ષેપ :** ગતરોજ બનાસકાંઠાના દિયોદર તાલુકામાં આયોજીત એક કાર્યક્રમમાં થરાદના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે પણ ભાજપના નેતાઓની સાથે પોલીસ પર નિશાન સાધ્યું હતું. ગુલાબસિંહે કહ્યું હતું કે, ઘણા બધા પોલીસના લોકો વાવ થરાદમાં લોકોને દબાવવાનું કામ કરી રહ્યા છે. એમને કહેવા માગુ છુ કે, એટલો બધો ભાજપનો પ્રેમ હોય તો ભાજપના પટ્ટા પહેરી લેજો નહીં તો આવનારા સમયમાં ગેનીબેન જીત્યા એ દિવસથી તમારા પટ્ટા પણ ઉતરાવી દઈશું.

### ગોડાદરાના ચીટરોએ અગાઉ ચીટિંગ કરી હતી...

# છેતરપિંડી કરતા 4 સામે ગુનો:પ્લોટ ઠગાઈમાં સમાધાન કરી ફરી બીજાનો પ્લોટ પધરાવ્યો...




સુરત | ગોડાદરાના બે ચીટરોએ પ્લોટની ઠગાઈના ગુનામાંથી બચવા માટે કોર્ટમાં સમાધાન કરી બદલામાં પાલીગામમાં બીજાની માલિકીનો પ્લોટ પધરાવી બીજીવાર પણ બન્ને ભાઈઓ સહિત 4 જણાએ છેતરપિંડી કરી છે. આરોપીઓએ પ્લોટમાં ડમી માણસો ઊભા કરી બોગસ આધાર કાર્ડના આધારે વેચાણ દસ્તાવેજ કર્યો હતો. રાંદેર પાલનપુર પાટિયા જ્ઞાનદીપ સોસાયટીમાં રહેતા વેપારી મુકેશ આહીરે અઠવાલાઈન્સ પોલીસમાં ફરિયાદ આપી છે.

અઠવા પોલીસે ફરિયાદના આધારે અજીત ચંદ્રપાલસિંહ રાજપુત, યોગેશ ચંદ્રપાલસિંહ રાજપુત(બન્ને રહે,શીવપાર્ક સોસા,ગોડાદરા), દસ્તાવેજમાં સપનકુમારનો ડમી માણસ ઊભો કરનાર ઈસમ અને સાક્ષી તરીકે સહી કરનાર વિનાયક શીવરામ કદમ(રહે,ઉલ્લાસનગર,થાણે)ની સામે વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો હતો.

આ કેસમાં વધુમાં અઠવા પોલીસે જણાવ્યું કે વેપારીએ બન્ને ચીટર ભાઈઓ પાસેથી પહેલા પ્લોટ 3 લાખ રૂપિયામાં ખરીદી કર્યો હતો. જેનો વેચાણ દસ્તાવેજ પણ કરી આપ્યો હતો. આ પ્લોટ અન્ય 3 જણાને વેચાણ કર્યો હતો. જેને લઈ વેપારીએ સચિન જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ આપતા વર્ષ 2021માં બન્ને આરોપીઓ સામે ગુનો દાખલ થયો હતો. આ કેસમાં કોર્ટમાં સમાધાન કરવાની વાત કરી બન્ને ભાઈઓએ વેપારીને અગાઉના પ્લોટના બદલામાં પાલીગામમાં પ્લોટ આપવાની વાત કરી હતી. વેપારી પણ વિશ્વાસ કરી પાલીગામમાં પ્લોટ લઈ તેનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો.

વેરા રસીદ, રજા ચિઠ્ઠી સહિતના કાગળો પ્લોટના માંગતા બન્ને ઠગબાજોએ આપ્યા ન હતા. આથી શંકા જતા સબ રજિસ્ટ્રારમાં આ અંગે તપાસ કરાવવામાં આવી હતી. તપાસમાં ખરેખર આ પ્લોટના માલિક બીજો નીકળ્યો હતો અને બન્ને આરોપીએ કોઈ ડમી માણસ ઊભો કરી તેનો આધાર કાર્ડ બોગસ બનાવી દસ્તાવેજ કરી આપ્યો હતો.

### ઉનાળામાં પાણીના રોજીંદા ધાંધીયા વધ્યા

# મહુવાના વોર્ડ નં. 8 માં દુષિત પાણીના વિતરણથી રહિશોના આરોગ્ય પર ખતરો

મહુવા | મહુવા શહેરના વોર્ડ નં.૮ માં ગટરનું ગંદુ પાણી અને લો પ્રેસરથી પાણી આપવામાં આવતા સ્થાનિક રહિશોના આરોગ્ય પર ખતરો જણાઈ રહ્યો છે. એક બાજુ લોકોને પાણી પુરતું મળતું નથી.એક તરફ ત્રણ દિવસે પાણી વિતરણ અને એ પણ લો પ્રેસરથી જેના કારણે મહિલાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે આ જ વોર્ડના કાઉન્સિલર મહુવા નગરપાલિકાના પ્રમુખ પદે હોય તેઓને આ પ્રશ્ન દેખાતો નહીં હોય તે ચર્ચાનો વિષય બન્યો છે.મહુવા નગરપાલિકામાં છેલ્લા ઘણા સમયથી જાણે કે, કોઈની નજર લાગી ગઈ હોય તેમ વહિવટો દિન પ્રતિદિન બગડવા લાગ્યા છે જે નગર સેવકોને લોકોએ અઢળક મત આપીને ચૂંટયા છે તેવા નગર સેવકો હાલમાં પોતાના વોર્ડમાં શું પ્રશ્નો છે કે લોકોની સમસ્યા શું છે તે અંગે કશું જ જાણતા નથી. ત્યારે ઉલ્લેખનીય



વાત તો એ છે કે, વોર્ડ નં.આઠમાં છેલ્લા ઘણા સમયથી અનેક જગ્યાએ પાણીની લાઈન લીકેજ હોય જેથી એકતા સોસાયટી, શ્રીનાથજી, સી ખોડીયારનગર, નીલકંઠ પાર્ક, એકતાનગર આવી અનેક સોસાયટીમાં લો પ્રેસરથી પાણી આપવામાં આવી રહ્યું છે એમાં પણ પાણી આવ્યા બાદ ત્રીસ મિનીટ સુધી ગટરનું ગંદુ પાણી આવી રહ્યું છે જેનાથી લોકોના આરોગ્ય સાથે ચેડા પણ થઈ રહ્યા છે. આ ૩૦ મિનિટ બાદ લો પ્રેસરથી પાણી આવતું હોય જેથી લોકોને ત્યાં પાણી પણ ભરાતું નથી હાલ ઉનાળાની શરૂઆત થઈ ગઈ હોય અને પાણીનો પણ ઉપયોગ વધુ થઈ રહ્યો હોય ત્યારે તંત્રએ વધુ પાણી લોકોને મળે તેવા પ્રયત્નો કરવા જોઈએ પરંતુ મહુવા નગરપાલિકામાં કંઈક ઉંધુ જોવા મળી રહ્યું છે. ઉનાળાની શરૂઆતમાં જ પાણીના ધાંધિયા જોવા મળી રહ્યા છે.

### બાળ અને યુવા યાત્રિકોમાં ૯૯ યાત્રાનો અદમ્ય ઉત્સાહ, આયોજકો દ્વારા તૈયારીઓને અપાઈ રહેલો આખરી ઓપ

# 15 એપ્રિલથી યાત્રાધામ પાલિતાણામાં બાળકો, યુવાનોની ૯૯ યાત્રાનો પ્રારંભ

પાલિતાણા | પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ યાત્રાધામ પાલિતાણા ખાતે ગ્રીષ્મકાલીન વેકેશન દરમિયાન અવિરત ગરમીની સિઝનમાં બાળ યુવા સંસ્કરણ સિધ્ધગિરિની નવ્વાણુ યાત્રાનો આગામી ૧૫ એપ્રિલથી શુભારંભ થશે.જેમાં ભાવનગર સહિત ગુજરાત તેમજ પરપ્રાંતોમાંથી બહોળી સંખ્યામાં બાળકો અને યુવાનો ભાગ લેશે.

આગામી એપ્રિલ માસમાં શાળા અને કોલેજની વાર્ષિક પરીક્ષાઓ પરિપુર્ણ થયા બાદ વેકેશન દરમિયાન ઉનાળાની કાળઝાળ ગરમીના માહોલમાં જૈન તીર્થ પાલિતાણાના સિધ્ધગિરિરાજજીની ૯૯ યાત્રા યોજાશે. આચાર્ય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન અને ૯૯ યાત્રાના આરાધક પૂ. મુની યશોવર્ધનવિજયજી મ.સા.આદિ ઠાણા તથા પૂ.સાધ્વી મદનરેખાશ્રીજી આદિ ઠાણાની નિશ્રામાં બાળકો અને યુવાનોમાં સંસ્કરણ મજબૂત બને તે માટે પાલિતાણા ખાતે તળેટી રોડ ઉપર આવેલ નંદપ્રભા તથા સલોત ભવન (ભાવનગર)થી આગામી તા.૧૫ એપ્રિલ ૨૦૨૪થી યાત્રાની શરૂઆત થશે. આ ૯૯



યાત્રામાં છરિપાલન ફરજિયાત છે. ૯૯ યાત્રાના નીયત ફોર્મનું વિતરણ આવતીકાલ તા.૧૭ને રવિવારથી શરૂ થશે. આ ૯૯ યાત્રાના આયોજન અંગે વિશેષ માહિતી માટે સલોત જગજીવન ફૂલચંદ જૈન ધર્મશાળા તળેટી રોડ, પાલિતાણા ખાતેથી મળી રહેશે. આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

### માર્ચના અંતમાં પીજીવીસીએલ દ્વારા વીજચેકિંગ ડ્રાઈવ વધુ સઘન

# છેલ્લા અઠવાડિયામાં ભાવનગરમાં 1 કરોડની વીજચોરી ઝડપાઈ

ભાવનગર | વીજચોરીના દુષણને ડામવા માટે પીજીવીસીએલ દ્વારા સમયાંતરે વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લા ૬ દિવસ માં ભાવનગર જિલ્લાની ભાવનગર શહેરી-૨ , ગ્રામ્ય તેમજ પાલીતાણા અને મહુવા વિભાગીય કચેરી હેઠળની વિવિધ પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરમાં રૂ.૧ કરોડથી વધારેની વીજચોરી ઝડપાઈ હતી. ચાલુ નાણાંકિય વર્ષના છેલ્લા ત્રિ-માસિક ગાળામાં પીજીવીસીએલ દ્વારા ૩ કરોડથી વધારેની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

ભાવનગર જિલ્લાની ભાવનગર શહેરી-૨ , ગ્રામ્ય તેમજ પાલીતાણા અને મહુવા વિભાગીય કચેરી હેઠળની વિવિધ પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં વીજચોરીના દુષણને ડામવા માટે પીજીવીસીએલ દ્વારા સમયાંતરે વીજ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. પીજીવીસીએલ દ્વારા છેલ્લા ૬ દિવસોમાં કુલ ૧૮૧ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી



કરવામાં આવી હતી. આ દરમિયાન રહેણાંક, વાણીજ્યક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૧૭૫૪ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યા હતા. જે પૈકી ૪૫૭ વીજજોડાણોમાં જુદાં-જુદાં પ્રકારની ગેરરીતી માલુમ પડતા કુલ રૂ. ૧.૦૩ કરોડની દંડનીય આકારણીના બીલ ફટકારવામાં આવ્યા હતા. ભાવનગર વર્તુળ કચેરી હેઠળ જ્યોતિગ્રામ ફીડરો અને ખેતીવાડી ફીડરો પરના વીજલોસને રિકવર કરવા માટે આગામી દિવસોમાં ચેકિંગ ડ્રાઈવ વધુ સઘન થશે. ચાલુ નાણાંકિય વર્ષના છેલ્લા ત્રિ-માસિક ગાળામાં પીજીવીસીએલ દ્વારા કુલ રૂ.૩ કરોડથી વધારેની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. જેમાં જાન્યુઆરી માસમાં ૩૦૦ વીજજોડાણોમાં રૂ.૮૨.૯૩ લાખની દંડનીય આકારણીના બીલ ફટકારવામાં આવ્યા હતા.

### મસમોટા ખાડાઓને નજરઅંદાજ કરતા સત્તાધીશો

# જેસર તાલુકાને સાંકળતા મોટા ભાગના રસ્તાઓ બન્યા બેહાલ

જેસર | જેસર ગામથી પાલીતાણા તરફ જતા ડેમ ચોકડી, ગારીયાધાર, સાવરકુંડલા અને મહુવા તાલુકાના ખુંટવડા સુધીના ચારે દિશાના રસ્તાઓમાં ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે. જેથી વાહન ચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ગુજરાત રાજય સરકાર દ્વારા મહુવા તાલુકામાંથી જેસરને અલગ કરી સ્વતંત્ર તાલુકા મથકનો દરજ્જો આપવામાં આવ્યાને વર્ષોના વહાણા વીતી ગયા હોવા છતાં આજની તારીખ સુધીમાં જેસરમાં અનેકવિધ પાયાની મહત્વની પ્રાથમિક સુવિધાઓ લંગડાઈ રહેલ છે.તાલુકો હોવા છતાં જેસરથી જિલ્લા મથક અને આસપાસના મહુવા, પાલિતાણા સહિતના તાલુકા મથકોને સાંકળતી લોકલ અને એક્સપ્રેસ એસ.ટી. બસની સુવિધા તદ્રન અપુરતી છે. એટલુ જ નહી જેસરથી રાજયના અન્ય જિલ્લા મથકની ઉપરાંત સુપ્રસિધ્ધ પૌરાણિક યાત્રાધામોને સાંકળતી



બસની સુવિધાથી પણ આ છેવાડાના લોકો આજની તારીખે પણ વંચિત રહ્યા છે. જેસર પંથકમાં ખેતીવાડી ક્ષેત્રમાં તદ્રન અપૂરતી વિજળી અને મોબાઈલ સેવામાં વારંવાર વિક્ષેપ,વાડી ખેતરોમાં રોઝડાઓનો વધી રહેલો ત્રાસ સહિતની સમસ્યાઓ હવે કાયમી ઉકેલ ઝંખી રહેલ છે. જેસર પંથકના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓની ખખડધજ હાલત વર્ષોથી જૈસે થે હાલતમાં જ છે. ખાડાઓને ત્યાંથી પસાર થતા સત્તાધીશો નજરઅંદાજ કરી રહ્યા છે. રસ્તામાં ખાડાઓના હિસાબે વાહનો નીયત ટાઈમમાં મંઝીલે પહોંચતા નથી એક કલાકને બદલે હવે બે કલાકે પહોંચે છે. બિસ્માર રોડથી વાહનચાલકોનો કિંમતી સમય અને નાણાનો વધારે પ્રમાણમાં દુવ્યય થઈ રહ્યો છે.હાલ એકબાજુ ધો.૧૦ અને ૧૨ની બોર્ડની તેમજ એમ.કે. ભાવનગર યુનિવર્સિટીની પરીક્ષાનો માહોલ ચાલી રહ્યો છે તેના કારણે વિદ્યાર્થીઓને પરીક્ષા દેવા માટે વહેલા નીકળવું પડે છે તેવી પરિસ્થિતિ છે તેમજ દવાખાને જતા દર્દીઓને ડબલ પીડા વેઠવી પડે છે જેસરથી ડેમ સુધીનો રોડ અત્યંત ખરાબ હોવાથી ખાડા પુરવાની ખાસ જરૂર છે.સાવરકુંડલાથી પાલિતાણા રોડ મંજૂર થઈ ગયો પરંતુ ક્યારે કોન્ટ્રાક્ટરને કામ અપાશે તેની વાહન ધારકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે આ બિસ્માર રોડ પરના મસમોટા ખાડાઓના કારણે પ્રાણઘાતક અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યુ હોય સંબંધિત સત્તાધીશો વહેલી તકે કુંભકર્ણ નીંદ્રામાંથી જાગી નકકર કામગીરી હાથ ધરે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામેલ છે.

# સિહોર નગરપાલિકાની નવી ઓફિસ બની રહી છે અસામાજીત તત્વોનો અડ્ડો



સિહોર | સિહોર નગરપાલિકાની નવી ઓફિસના ગ્રાઉન્ડ અને પાર્કિંગમાં રાત્રિ દરમિયાન અસામાજીક પ્રવૃત્તિ વધી રહી હોવાની રાવ ઉઠી છે. ચોકીદાર હોવા છતાં નગરપાલિકાની કચેરી અસામાજીક તત્વોનો અડ્ડો બની રહી છે. પાલિકાના અધિકારીઓ દ્વારા આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવા લોકમાંગ ઉઠી છે.ભાવનગર-રાજકોટ હાઈવે પર બનેલી સિહોર નગરપાલિકાની નવી કચેરી સાંજે બંધ થયા પછી અસામાજીક તત્વોનો અડ્ડો બની રહી છે. નગરપાલિકાના ગ્રાઉન્ડ અને પાર્કિંગમાં અસામાજીક તત્વો ઘુસી જાય છે અને પાલિકાના કર્મચારીઓની મીલીભગતથી આવી પ્રવૃત્તિ થઈ રહી છે. રાત્રિના સમયે કેટલાક લોકો દ્વારા રૂમના તાળા પણ ખોલાવી અંદર પ્રવેશ કરતા હોય છે. સિહોર નગરપાલિકાની કચેરીમાં રાત અને દિવસના ચોકીદાર પણ હોય છે. પરંતુ ચોકીદાર ફરજમાં બેદરકારી દાખવતા હોય તેવું જણાઈ રહ્યું છે અને તેના લીધે આવી અસામાજીક પ્રવૃત્તિ અહીં લાંબા સમયથી ચાલી રહી છે. આ બાબતે સિહોર નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ દ્વારા તાકીદે આવી અસામાજીક પ્રવૃત્તિ અટકાવવામાં આવે અને જવાબદારો સામે યોગ્ય તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સિહોરના જાગૃત નાગરિકો દ્વારા માંગ ઉઠવા પામી છે.

### વર્ષ- 2019 ની ચૂંટણીમાં 17.34 લાખ મતદારો હતા, 5 વર્ષમાં 1.75 લાખ વધ્યા

# ભાવનગર લોકસભા બેઠક પર પાંચ વર્ષમાં 10.58 % સ્ત્રી, 9.64 % પુરૂષ મતદારો વધ્યા

ભાવનગર | લોકશાહીના મહાપર્વ એવા લોકસભા ચૂંટણી-૨૦૨૪ના પડઘમ વાગી ચૂક્યા છે. ચૂંટણીપંચે લોકસભા ચૂંટણીનું સમયપત્રક જાહેર કરી દીધું છે.ગુજરાતમાં આગામી તા.૭ મેના રોજ ત્રીજા તબક્કામાં મતદાનનું મહાપર્વ ઉજવવામાં આવશે.આગામી લોકસભા ચૂંટણીને લઈ એક તરફ જિલ્લા વહિવટી તંત્રએ તૈયારીઓનો ધમધમાટ શરૂ કર્યો છે. વર્ષ-૨૦૧૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાવનગર બેઠક પર નોંધાયેલાં ૧૭.૩૪ લાખ મતદારોની સામે આ વખતે અંદાજે ૧૦ ટકાના વધારા સાથે ૧.૭૫ લાખ મતદારોનો વધારો નોંધાયો છે. જેમાં પુરૂષ મતદારોની સામે સ્ત્રી મતદારોની સંખ્યા વધી હોવાનું જાણવા મળેલ છે.

વર્ષ-૨૦૧૯ના એપ્રિલ માસમાં યોજાયેલી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં કુલ ૧૭,૩૪,૧૨૪ મતદારો નોંધાયા હતા. જેમાં



૯,૦૩,૭૯૨ પુરૂષ મતદારો જ્યારે ૮,૩૦,૨૯૯ સ્ત્રી મતદારાનો સમાવેશ થાય છે. જયારે પાંચ વર્ષ બાદ યોજાનારી ચૂંટણીમાં કુલ મતદારોની સંખ્યામાં સરેરાશ ૧.૭૫ લાખ મતદારાનો વધારો થયો છે. વર્ષ-૨૦૧૯ની સ્થિતિએ પાંચ વર્ષ દરમિયાન સરેરાશ ૧૦.૦૯ ટકાના વધારા સાથે કુલ મતદારો ૧૯,૦૯,૧૯૦ મતદારો નોંધાયા છે. જેમાં ૯.૬૪ ટકાના વધારા પુરૂષ મતદારોની સંખ્યામાં ૮૭,૧૩૧નોંવધારો નોંધાયો છે. સાથે જ આ ચૂંટણીમાં કુલ ૯,૯૦,૯૨૩ પુરૂષ મતદારો નોંધાયા છે. જ્યારે ગત ચૂંટણીની સરખામણીએ ૧૦.૫૮ ટકાના નોંધપાત્ર વધારા સાથે સ્ત્રી મતદારોની સંખ્યામાં ૮૭,૯૨૭નો વધારો નોંધાયો છે. સાથે જ આ વખતે સ્ત્રી મતદારોની સંખ્યા વધીને ૯,૧૮,૨૨૬એ પહોંચી છે.

આ વખતે ૪૧ અન્ય મતદારો પણ નોંધાયા છે. જે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. મહત્વપૂર્ણ છે કે, આ વખતે પુરૂષોની સરખામણીએ સ્ત્રી મતદારોની સંખ્યામાં વધારો થયો છે.

### વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે સોજિત્રાના ત્રણ શખ્સો સાથે 20 લાખની છેતરપિંડી

આણંદ : સોજિત્રાના ત્રણ શખ્સોને ગામના જ પાસપોર્ટ વિઝાનું કામ કરતા એક વ્યક્તિએ લંડનના વર્ક પરમીટ વિઝા અપાવવાના બહાને ૨૦ લાખ લઈ વર્ક પરમીટ વિઝા ન અપાવી વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરતા સોજિત્રા પોલીસ મથકે ગુનો નોંધાયો છે. સોજિત્રાના ગાંધીના દરવાજા વિસ્તારમાં રહેતા નિલેશકુમાર વિષ્ણુભાઈ રાણા દરજીકામ કરી જીવન ગુજરાન ચલાવે છે. તેઓ આઠેક માસ પહેલા કેન્યા ખાતે ગયા હતા પરંતુ માફક ન આવતા તેઓ સોજિત્રા પરત આવી ગયા હતા. લગભગ ચારેક માસ પૂર્વે વિઝા પાસપોર્ટનું કામ કરતા અને તેઓના મિત્ર સોજિત્રા ગામના પીયુષભાઈ ભાસ્કરભાઈ પટેલને તેઓએ લંડન જવા માટે વાત કરી હતી. જેથી લંડન વર્ક પરમીટ વિઝા માટે રૂા.૮ લાખ ખર્ચ થશે તેમ કહેતા તા.૧૧ નવેમ્બરના રોજ એડવાન્સ પેટે રૂા.૫ લાખ રોકડા આપ્યા હતા. ત્રણ માસમાં પ્રોસેસ પુરી કરવાનું કહ્યા બાદ એક મહિના પછી પૂછપરછ કરતા ફાઈલ મુકાઈ ગઈ છે થોડા દિવસોમાં કામ પતી જશે તેમ પીયુષભાઈએ કહ્યું હતું.

**ઓવરટેક કરવા જતા કાર આઇશરની પાછળ ઘૂસી ગઇ, 1 નું મોત |** આણંદ : આણંદ જિલ્લાના તારાપુર-ધર્મજ માર્ગ ઉપર આવેલ દંતેલી ગામના બ્રીજ નજીક ગત રોજ ઓવરટેકની લ્હાયમાં એક કાર આગળ જઈ રહેલ આઈશર ટેમ્પાની પાછળના ભાગે ધડાકાભેર ઘુસી જતા સર્જાયેલ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું જ્યારે બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થઇ હતી.ભાવનગર જિલ્લાના નેસવડ ગામે રહેતા કલ્પેશભાઈ વઢવાણાના પિતા હરગોવિનભાઈ ગત રોજ મિત્ર વિજયભાઈ મનસુખભાઈ ડોડીયા સાથે હોળીના તહેવાર નિમિત્તે પારિવારીક પ્રસંગ અર્થે વિજયભાઈની પત્ની અને પુત્રી સાથે એક કારમાં સવાર થઈ ચાર જણા સુરત જવા નીકળ્યા હતા. દરમ્યાન તેઓની કાર પેટલાદ તાલુકાના દંતેલી ગામના બ્રીજ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે ઓવરટેકની લ્હાયમાં કાર હંકારી રહેલ વિજયભાઈએ પોતાની કાર આગળ જઈ રહેલ આઈશર ટેમ્પાની પાછળના ભાગે અથડાવતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર હરગોવિનભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે વિજયભાઈના પત્ની અને પુત્રી પણ ઈજાગ્રસ્ત થયા હતા.

### મસાજ પાર્લરનો સામે ફરી કાર્યવાહી

### પોલીસ અને તંત્રની કાર્યવાહી છતાં નોંધણી નહીં કરાવતા

# ગાંધીનગરમાં ગેરકાયદેસર ચાલતા સ્પા અને મસાજ પાર્લર સામે ફરી તવાઈ

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદેસર રીતે ચાલતા સ્પા અને મસાજ પાર્લર સામે પોલીસ અને તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમ છતાં તેની નોંધણી નહીં કરાવનાર આવા મસાજ પાર્લરનો સામે ફરી કાર્યવાહી કરવામાં આવી રહી છે અને ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગુરૂપ દ્વારા સરગાસણમાં વધુ બે માલિકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં ગેરકાયદેસર રીતે સ્પા અને મસાજ સેન્ટરો ખુલી ગયા છે ત્યારે તેમાં દેહ વેપાર થતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા ઘણાં દિવસથી પોલીસ દ્વારા અલગ અલગ સ્પા અને મસાજ સેન્ટરોમાં તપાસ કરવામાં આવી રહી છે. બીજી



બાજુ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ મસાજ સેન્ટરોના માલિકને નોંધણી કરાવવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં તેનું પાલન કરવામાં આવતું નથી. જેથી ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમ સ્પા અને મસાજ પાર્લરોમાં હાલમાં ખાસ તપાસ કરી રહી છે. ત્યારે આ ટીમનો દ્વારા સરગાસણ ચાર રસ્તા ઉપર આવેલા સાર્થક મોલમાં તપાસ કરવામાં આવી હતી અને તેમાં ગોલ્ડન લીવ સ્પા દ્વારા કોઈપણ પ્રકારની નોંધણી નહીં કરાવવામાં આવી હોવાનું બહાર આવતા તેના માલિક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો ત્યારે આજ કોમ્પલેક્ષમાં લેન્ડ ઓફ જન્નત સ્પા માં પણ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને તેમાં પણ કોઈ જ પ્રકારની નોંધણી નહીં હોવાનું બહાર આવ્યું હતું. જેથી આ સંદર્ભે સેક્ટર ૭ પોલીસ મથકમાં ગુના દાખલ કરાવવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં છેલ્લા થોડા દિવસોથી સ્પેશિયલ ઓપરેશન ગુરૂપ દ્વારા તમામ જાહેરનામાઓનું કડકપણે પાલન કરાવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે અને તેના ભાગરૂપે બે દિવસ અગાઉ સેક્ટર ૨૪માં સીમકાર્ડના વેચાણનું રજીસ્ટર મેન્ટેન નહીં કરનાર વેપારીઓ સામે ગુનો દાખલ કરાયો હતો.

### 2 રાજકીય નેતાઓની દરમ્યાનગીરીથી માફીપત્ર લખાવી ભીનુ સંકેલાયું હોવાની ચર્ચાઓ

# જમીનની નોંધ પડાવવા મામલતદાર સામે રિવોલ્વર તાકી હોવાની ચર્ચાઓ!

આણંદ | આણંદ નગરપાલિકાના એક કાઉન્સીલરે જમીનની નોંધ મંજુર કરાવવા માટે સરકારી અધિકારી ઉપર દબાણ લાવી ગેરવર્તણુંક કરી હોવાનો મુદ્દો હાલ મિલ્કસીટીમાં ચર્ચાનો વિષય બન્યો છે. ભાજપના એક કાઉન્સીલરે સરકારી અધિકારીને રિવોલ્વર બતાવી વિવાદીત જમીનની નોંધ મંજુર કરવા ફરજ પાડી હોવાની ચર્ચાઓ વચ્ચે આ મામલે ઉચ્ચકક્ષાના બે રાજકીય નેતાઓની દરમ્યાનગીરીથી માફીપત્ર લખાવી ભીનુ સંકેલાયું હોવાની ચર્ચાઓ વહેતી થઈ છે.એક કાઉન્સીલરે પત્નીના નામે વઘાસી રોડ નજીક એક જમીન ખેડૂત પાસેથી ખરીદી હતી. જો કે આ તકરારી જમીન હોઈ તેની કોર્ટ મેટર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. દરમ્યાન આ તકરારી જમીનની નોંધ મંજુર કરાવવા છેલ્લા ઘણાં સમયથી કાઉન્સીલર આણંદ ગ્રામ્ય મામલતદાર કચેરીના આંટાફેરા કરતા હતા . પરંતુ તકરારી જમીન હોઈ અન્ય ખેડૂતોએ વાંધો ઉઠાવ્યો હોય આ જમીનની નોંધ મંજુર થઈ ન હતી. જેથી સત્તામાં મદમસ્ત એવા કાઉન્સીલર થોડા દિવસ પૂર્વે ગ્રામ્ય મામલતદાર કચેરી ખાતે પહોંચ્યા હતા.જ્યાં નાયબ મામલતદાર સાથે બબાલ કરી જમીનની એન્ટ્રી બાબતે ઝઘડો કરતા નાયબ મામલતદારે વાંધા અરજી હોવાનું જણાવ્યું હતું. જેથી ઉશ્કેરાઈ ગયેલ કાઉન્સીલરે અપશબ્દો બોલી ધમકી આપી હતી. દરમ્યાન અન્ય કર્મચારીઓએ વચ્ચે પડી મામલો થાળે પાડયો હતો. બાદમાં આ અંગે જિલ્લા કલેક્ટર સુધી જાણ કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ સમગ્ર મામલો આણંદ શહેર પોલીસ મથકે પણ પહોંચ્યો હતો અને ગુનો નોંધવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી. જો કે લોકસભાની ચૂંટણી માથે હોઈ વાતાવરણ ડહોળાય નહી તે માટે તુરંત જ રાજકીય નેતાઓ મેદાનમાં આવ્યા હતા અને બે કદાવર નેતાએ આ ઘટનામાં ઝંપલાવી કાઉન્સીલર પાસે માફીપત્ર લખાવી સમગ્ર મામલો થાળે પાડયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે. તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. પૈસા બચાવવા પરિવારમાંથી સલાહ લો.



**વૃષભ (બ,વ,ઉ)**

જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.



**મિથુન (ક,છ,ઘ)**

તમારી પાસે સારો એઅવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-વધુ ખર્ચ કરી બેસશો.



**કર્ક (ડ,હ)**

માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. ચેતતા રહેજો.



**સિંહ (મ,ટ)**

તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.



**કન્યા (પ,ઠ,ણ)**

કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો ઉપયોગ કરો. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો.



**તુલા (ર,ત)**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો, તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે.



**વૃશ્ચિક (ન,ય)**

ઘરના બાકી કામ આટાપવા માટે જીવનસાથી સાથે વ્યવસ્થા કરો. નોકરો, સહકર્મચારીઓ તથા સાથીઓ સાથે સમસ્યાઓ નકારી શકાય નહીં.



**ધન (ભ,ધ,ફ)**

પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો.



**મકર (ખ,જ)**

પોતાના મિત્રો પાસેથી ઉધાર માંગી શકો છો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.



**કુંભ (ગ,શ,સ)**

આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

તમારા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેતા નહીં ખાસ કરીને શરાબ ટાળજો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે.

પ્રીમિયમને લાર્જ કેપ શેરો સાથે સરખાવવાનું યોગ્ય નથી કારણ કે સ્મોલ અને મિડકેપની કમાણીમાં ભારે વોલેટિલિટી

# સેન્સેક્સની સરખામણીમાં મિડકેપ અને સ્મોલકેપના પ્રીમિયમમાં નોંધાયેલો ઘટાડો

અમદાવાદ | બીએસઈ સેન્સેક્સની સરખામણીમાં બીએસઈ સ્મોલ અને મિડકેપ સૂચકાંકોનું વેલ્યુએશન પ્રીમિયમ છેલ્લા એક વર્ષમાં સૌથી ઓછું છે. સ્મોલ અને મિડકેપ સૂચકાંકોમાં તાજેતરના ઘટાડા વચ્ચે શેરના ભાવમાં ઘટાડાને કારણે પ્રીમિયમ પર અસર થઈ છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ હાલમાં ૨૬.૨૮ પાછળના ભાવ અને કમાણીના ગુણાંક પર ટ્રેડ થઈ રહ્યો છે જ્યારે બીએસઈ સ્મોલકેપ ૨૯૮ પીઈ પર ટ્રેડ થઈ રહ્યો છે. તેની સરખામણીમાં, સેન્સેક્સની લાર્જ કેપ ૨૫ ગણા પીઈ મલ્ટિપલ પર ટ્રેડ થઈ રહી છે.આ વર્ષે માર્ચમાં મિડકેપ ઈન્ડેક્સ ૪.૫ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ લગભગ ૧૦ ટકા ઘટયો છે. તેની સરખામણીમાં આ મહિને અત્યાર સુધીમાં સેન્સેક્સ ૦.૪ ટકા વધ્યો છે.ગયા વર્ષે માર્ચમાં, મિડ- અને સ્મોલકેપ સૂચકાંકો સેન્સેક્સ કરતાં સહેજ ઓછા વેલ્યુએશન પર ટ્રેડ થઈ રહ્યા હતા. બીએસઈ મિડકેપ ગયા વર્ષે માર્ચમાં તેની શેર દીઠ કમાણી લગભગ ૧૨.૯ ગણા પર ટ્રેડ થઈ રહી હતી જ્યારે સ્મોલકેપ ૨૨.૧ ગણા ટ્રેડ થઈ રહી હતી.ાંબા ગાળાના ડેટા દર્શાવે છે કે મિડ- અને સ્મોલ-કેપ શેરોએ મોટા ભાગના પ્રસંગોએ બેન્ચમાર્ક ઈન્ડેક્સ કરતાં ઊંચા મૂલ્યાંકન પર વેપાર કર્યો છે. એપ્રિલ ૨૦૧૫ થી જ્યારે બીએસઈએ ઈન્ડેક્સ માટે વેલ્યુએશન રેશિયો પ્રકાશિત કરવાનું શરૂ કર્યું, ત્યારે બીએસઈ ઈન્ડેક્સનો સરેરાશ પીઈ ગુણાંક ૨૮ ગણો છે. આ જ સમયગાળા દરમિયાન સ્મોલ કેપનો પીઈ ૪૨.૬ ગણો હતો.



# બ્રિટન સાથેના મુકત વેપાર કરાર ફરી અટવાયો : હવે લોકસભાની ચૂંટણી બાદ શકય

મુંબઈ | દેશમાં લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ જતા યુનાઈટેડ કિંગ્ડમ (યુકે) સાથેના ભારતના મુકત વેપાર કરાર ફરી અટવાઈ ગયા અને હવે કેન્દ્રમાં આવનારી નવી સરકાર બાદ જ કરારને અંતિમ રૂપ મળી શકશે એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

લોકસભાની ચૂંટણી જાહેર થઈ જવા છતાં બન્ને દેશો વચ્ચે વેપાર વાટાઘાટ ચાલુ રહી શકે છે, કારણ કે તે અગાઉથી ચાલતી આવી છે, પરંતુ કરારને જો અંતિમ રૂપ મળે તો તેના પર સહીસિક્કા બાબત હજુ અસ્પષ્ટતા જણાય છે. આવી સ્થિતિમાં કરારને અંતિમ રૂપ નવી સરકારના કાળમાં જ મળવાની શકયતા છે. બન્ને દેશો વચ્ચે મુકત વેપાર કરાર માટે અત્યારસુધી વાટાઘાટના ૧૪ રાઉન્ડ હાથ ધરાયા છે, પરંતુ શનિવારે લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાં હવે વાટાઘાટ રસપ્રદ રીતે આગળ વધી નહીં શકે. બન્ને દેશો વચ્ચે કરાર માટે વિગતવાર ચર્ચા થઈ છે અને મોટાભાગના મુદ્દાઓ પર સહમતિ સધાઈ ગઈ છે. વેપાર કરાર માટે ૨૦૨૨ના જાન્યુઆરીથી વાટાઘાટો શરૂ થઈ હતી. ભારત તથા બ્રિટન વચ્ચે દ્વીપક્ષી વેપારનું કદ હાલમાં ૩૮.૧૦ અબજ ડોલર જેટલું છે. બેમાંથી એકપણ દેશે વાટાઘાટમાંથી પીછેહઠ કરી નથી.

**2022ના પ્રારંભથી ભારત તથા યુકે વચ્ચે વેપાર કરાર માટે વાટાઘાટના અત્યારસુધી 14 રાઉન્ડ હાથ ધરાયા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા બ્રિટનના તેમના સમોવડિયા ઋષી સુનક વચ્ચે વર્તમાન સપ્તાહના પ્રારંભમાં વેપાર કરાર મુદ્દે ચર્ચા થઈ હતી અને બન્ને નેતાઓએ કરાર માટે તેમની કટિબદ્ધતા દર્શાવી હતી.કરારમાં બન્ને દેશો પોતાના વેપાર તથા નાગરિકોના હિતોને પ્રાધાન્ય આપી રહ્યા છે. ઘરઆંગણેના ઉદ્યોગોને કોઈપણ પ્રકારની સ્પર્ધાનો સામનો ન કરવો પડે તેની ભારત ખાસ તકેદારી લઈ રહ્યું હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. બ્રિટનની સરખામણીએ ભારત એક વિશાળ દેશ હોવાથી ભારતે પોતાના ઉદ્યોગોના હિતો સાચવવાના રહે છે. યુરોપિયન યુનિયનની બજારોમા પોતાની હાજરી ઊભી કરવા યુકે સાથેના કરાર ભારત માટે લાભકારક સાબિત થઈ શકે છે. માત્ર યુરોપ જ નહીં પરંતુ પશ્ચિમના કેટલાક દેશોની બજારમાં પ્રવેશ માટે પણ કરાર લાભકારક બની શકે એમ છે.

હવે તમે Paytm Wallet અથવા Paytm FASTagમાં પૈસા જમા કરી શકશો નહીં

# RBI ના પ્રતિબંધ લાગુ થતાં Paytm ની આ સેવાઓ બંધ, યુઝર્સને શું અસર થશે જોઈ લો ફટાફટ

નવી દિલ્હી | રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા Paytm પેમેન્ટ બેંક પર લાદવામાં આવેલ પ્રતિબંધ 16 માર્ચથી લાગુ થઈ ગયા છે. આ કારણે, હવે તમે Paytm Wallet અથવા Paytm FASTagમાં પૈસા જમા કરી શકશો નહીં. આવી સ્થિતિમાં, તમારે Paytmને બદલે અન્ય કોઈ બેંક અથવા NBFCનું ફાસ્ટેગ લેવું પડશે. જો તમે આમ નહીં કરો તો તમારે ડબલ ટોલ ટેક્સ ચૂકવવો પડશે. જો તમારી પાસે હજુ પણ તમારા Paytm વોલેટમાં પૈસા છે, તો તેનો ઉપયોગ ટોલ પેમેન્ટ માટે કરી શકાશે. તમે Paytm ફાસ્ટેગના ટોલ ફ્રી નંબર પર કૉલ કરીને તમારા ફાસ્ટેગને બંધ કરાવી શકશો. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ તાજેતરમાં એક એડવાઈઝરી બહાર પાડી હતી કે ગ્રાહકોએ Paytm ફાસ્ટેગને બદલે અન્ય કોઈ બેંક અથવા NBFCના ફાસ્ટેગનો ઉપયોગ કરવો જોઈએ. આ માટે NHAI એ 39 બેંકો અને NBFCની યાદી પણ બહાર પાડી હતી. આરબીઆઈની ગાઈડલાઈન અનુસાર જો ગ્રાહક ઈચ્છે તો આ પૈસાથી કોઈપણ પેમેન્ટ કરી શકે છે અને તેને પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર પણ કરી શકે છે. જોકે RBIના આ પગલાની Paytm UPI પર કોઈ અસર



નહીં થાય. RBIની આ કાર્યવાહીથી Paytmનું સાઉન્ડબોક્સ પણ સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે. આ ઉપરાંત ટિકિટ બુકિંગ, રિચાર્જ અને બિલ પેમેન્ટ સેવાઓ પર કોઈ અસર પડશે નહીં.Paytm પેમેન્ટ્સ બેંકનો ઉપયોગ કરતા લોકો હવે કોઈપણ પ્રકારની ડિપોઝિટ અથવા ટોપ અપ કરી શકશે નહીં. પગાર ક્રેડિટ, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર અને સબસિડી પણ પેમેન્ટ બેંક ખાતામાં જમા કરવામાં નહીં આવે. જો કે સ્વીપ ઈન પાર્ટનર બેંકની મદદથી પેમેન્ટ બેન્કમાં રિફંડ, કેશબેક જમા થઈ શકશે. વોલેટ ગ્રાહકો હવે પૈસા ટ્રાન્સફર અથવા ટોપ અપ કરી શકશે નહીં. Paytm પેમેન્ટ્સ બેંક દ્વારા જારી કરાયેલા NCMC કાર્ડ પણ હવે રિચાર્જ કરી શકાશે નહીં.

## ટેક્સમાંથી આવકનો રેકોર્ડ બનાવશે સરકાર, ચોંકાવી દેશે તમને આ આંકડા

નવી દિલ્હી | અધિકારીઓએ જણાવ્યું હતું કે 1 એપ્રિલ, 2023થી માર્ચ 15, 2024 સુધીમાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂ. 18.95 લાખ કરોડ હતું, જે વાર્ષિક ધોરણે 14.05 ટકા વધુ છે, જેમાં રૂ. 9.10 લાખ કરોડના નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનનો પણ સમાવેશ થાય છે. એવો અંદાજ છે કે ડાયરેક્ટ ટેક્સ કલેક્શન 20 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે ચાલુ નાણાકીય વર્ષ પૂરું થવામાં હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે સરકારની ટેક્સ કમાણી સતત વધી રહી છે. હવે જે વાત સામે આવી છે તે એ છે કે સરકાર ડાયરેક્ટ ટેક્સ કલેક્શનના મામલે નવો રેકોર્ડ બનાવવા જઈ રહી છે. એવો અંદાજ છે કે ડાયરેક્ટ ટેક્સ કલેક્શન 20 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે.ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ પ્રત્યક્ષ કર વસૂલાત નાણાકીય વર્ષ 2024માં સુધારેલા લક્ષ્યાંક કરતાં પણ વધી શકે છે. આ બાબતની જાણકારી ધરાવતા લોકોએ મીડિયા રિપોર્ટ્સમાં જણાવ્યું હતું કે એડવાન્સ ટેક્સ પેમેન્ટથી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં વધારો થયો છે. જે હવે આ નાણાકીય વર્ષના અંત સુધીમાં રૂ. 19.45 લાખ કરોડના સુધારેલા લક્ષ્યાંકને પાર કરી શકે છે.

અમદાવાદ અને વડોદરાનો સ્ટાટઅપ ફંડીગમાં ટોપ-10 શહેરોમાં સમાવેશ

# સ્ટાર્ટઅપ ફંડિગમાં રૂ.2661 કરોડ સાથે દેશમા બેંગાલુરૂ ટોચ પર

નવી દિલ્હી | ભારતમા સ્ટાર્ટઅપ ફંડિગ ફ્રેબુઆરી ૨૦૨૪ના અહેવાલ મુજબ દેશમાં સ્ટાર્ટઅપ ફંડિગમાં બેંગાલુરૂ ટોચના શહેર તરીકે ઉભરી આવ્યું છે. તેણે કુલ સ્ટાટઅપ ફંડિગનો રૂ.૨૬૬૧ કરોડનો એટલે કે ૫૩% હિસ્સો મેળવ્યો છે. રૂ. ૯૨૨ કરોડ સાથે મુંબઈ સ્ટાટઅપ ફંડિગની રેસમાં બીજા સ્થાને અને દિલ્હી શભઈ રૂ. ૮૨૯ કરોડના ફંડિગ સાથે ત્રીજા સ્થાને રહ્યું છે. તેમ પ્રાઈવેટ સર્કલના એક રિપોર્ટમાં જણાવાયું છે.

પ્રાઈવેટ સકલે રજૂ કરેલા રિપોર્ટ મુજબ સ્ટાર્ટઅપ ફંડીગની ટોચના ૧૦ શહેરોની યાદીમાં અમદાવાદને ૪૬ કરોડ અને વડોદરાને ૧૦ કરોડનું ફંડિગ મળતાં તેનો ટોપ ૧૦ શહેરોમાં સમાવેશ થયો છે. જો કે ટીયર ૧,૨ અને ૩ના શહેરોમા ફંડિગ લેન્ડસ્કેપમાં ઘણો તફાવત જોવા



**સ્ટાર્ટઅપ ફંડિગ ટોપ 10 શહેર**

| શહેર | ફંડ(રૂ.કરોડમા) |
|---|---|
| બેંગાલુરૂ | ૨,૬૬૧ |
| મુંબઇ | ૯૨૨ |
| દિલ્હી એનસીઆર | ૮૨૯ |
| પૂણે | ૨૪૦ |
| હૈદરાબાદ | ૨૦૨ |
| જયપુર | ૫૦ |
| ચેન્નઇ | ૪૬ |
| અમદાવાદ | ૪૬ |
| કોલક્તા | ૨૩ |
| વડોદરા | ૧૦ |

મળ્યો છે. જેમ કે સ્ટાર્ટઅપનો ટિયર ૧ શહેરોમાં ફ્રેબુઆરી ૨૦૨૪માં કુલ ફંડિગનો ૯૯% હિસ્સો રહ્યો છે.

જે ટિયર ૨ અને ૩ શહેર માટે સ્ટાટઅપ ફંડિગનો માત્ર ૧% હિસ્સો રહ્યો હતો. ટિયર ૧ શહેરોમાં સિટી સ્ટાર્ટઅપનું સરેરાશ ડીલનું કદ અંદાજે ૩૩ કરોડ રહ્યુ હતું. જ્યારે ટિયર ૨ અને ૩ શહેર માટે ડીલ દીઠ માત્ર ૪ કરોડ હતા, જે ડીલના કદમા ૮ ગણો તફાવત દર્શાવે છે.

એકંદરે કુલ ફંડિગની રકમ ફ્રેબુઆરી ૨૦૨૪માં રૂ. ૫૦૩૯ કરોડ સુધી પહોંચી છે. જેમાં ૭% માસિક અને ૪૩% વાર્ષિકવધારો નોંધાયો છે. ડીલની ગણતરીના સંદર્ભમાં ફ્રેબુઆરી ૨૦૨૪માં ૧૩૦ ડીલ નોંધાઈ છે. જે જાન્યુઆરી ૨૦૨૪માં ૧૫% નો વધારો અને ફેબ્રુઆરી ૨૦૨૩માં ૧૯% નો વધારો દર્શાવે છે. વધુમા એંજલ ફંડિગ ટિયર ૨ અને ૩ શહેરોમાં સ્ટાટઅપ માટે પસંદગીના રોકાણકારોના પ્રકાર તરીકે ઉભરી આવી છે. ટિયર ૨ અને ૩ શહેરોમાં ૩૪% ડિલ કરવામાં આવ્યાં છે. આ શહેરના સ્ટાર્ટઅપ્સે વેન્ચર કેપિટલ અને પ્રાઈવેટ ઈક્વિટી ડીલ્સમા ભાગીદારીથી માત્ર ૬% હિસ્સો ધરાવે છે.

## ગયા અઠવાડિયે મુકેશ અંબાણીને થયું 81763 કરોડ રૂપિયાનું નુકસાન, રોકાણકારોને નાણાં પણ ડૂબ્યા

નવી દિલ્હી | મુકેશ અંબાણી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માટે છેલ્લું અઠવાડિયું ખરાબ રહ્યું હતું. તેમની કંપનીને અંદાજે 82,000 કરોડ રૂપિયાનું નુકસાન સહન કરવું પડ્યું હતું. આ ઉપરાંત LIC ને પણ મોટું નુકસાન થયું છે. જો બંનેની ખોટને ભેગી કરવામાં આવે તો નુકસાન અંદાજે 1.5 લાખ કરોડ રૂપિયા થશે.આ ઉપરાંત દેશની ટોપ કંપનીઓના માર્કેટ કેપમાં 70,467.63 કરોડ રૂપિયાનો વધારો થયો છે. જેમાંથી ટાટા ગૃપની કંપની TCSને મોટો ફાયદો થયો છે. બીજી સૌથી વધુ નફો કરતી કંપની સુનીલ મિત્તલની એરટેલ હતી. બંનેના ફાયદાની રકમ ઉમેરવામાં આવે તો તે અંદાજે 50,000 કરોડ રૂપિયા થાય છે.ગયા અઠવાડિયે શેરબજારમાં જોરદાર ઘટાડો આવ્યો હતો. સેન્સેક્સ 1,475.96 પોઈન્ટ અથવા 1.99 ટકાના ઘટાડા સાથે 72,643.43 પોઈન્ટ પર પહોંચ્યો હતો. શુક્રવારે સેન્સેક્સમાં 453.85 પોઈન્ટનો ઘટાડો આવ્યો હતો. નિફ્ટીમાં 2 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. નિફ્ટી હજુ પણ 22,000 પોઈન્ટથી ઉપરના સ્તર પર છે.દેશની ટોપ 10 કંપનીમાંથી 5 કંપનીના માર્કેટ કેપમાં 2,23,660 કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ 81,763.35 કરોડ રૂપિયા ઘટીને 19,19,595.15 કરોડ રૂપિયા થયું હતું. દેશની સૌથી મોટી વીમા કંપની LIC નું માર્કેટ કેપ 63,629.48 કરોડ રૂપિયા ઘટીને 5,84,967.41 કરોડ રૂપિયા થયું છે.

ટેક્સ છૂટ માટે PPFમાં 31મી માર્ચ સુધી રોકાણ કરો

# PPF એકાઉન્ટ પર મળે છે લોન, સરળતાથી તૈયાર થશે મોટું ફંડ; 7 ખાસ વાત

નવી દિલ્હી | નાણાકીય વર્ષ 2023-24 માટે ટેક્સ સેવિંગ રોકાણ કરવા માટે હવે 15 દિવસથી ઓછો સમય બાકી છે. તમારે આ કામ 31 માર્ચ 2024 સુધીમાં કરવાનું રહેશે. જો તમે સુરક્ષિત રોકાણની સાથે ટેક્સ બચાવવા માંગો છો, તો તમે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) સ્કીમમાં રોકાણ કરી શકો છો.હાલમાં, PPF એકાઉન્ટ પર 7.1% વાર્ષિક વ્યાજ આપવામાં આવે છે. આ સિવાય તમને PPF એકાઉન્ટ પર લોનની સુવિધા પણ મળે છે. અમે તમને PPF વિશે એવી જ 7 ખાસ વાતો જણાવી રહ્યા છીએ. જેથી તમે પણ આ સ્કીમમાં રોકાણ કરીને નફો કમાઈ શકો...

### 1. સરકારી સુરક્ષાની ગેરંટી

PPF સીધું કેન્દ્ર સરકાર દ્વારા નિયંત્રિત થાય છે અને વ્યાજ પણ સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. તેથી, યોજનામાં રોકાણ પર સુરક્ષાની સંપૂર્ણ ગેરંટી છે. જો તમે ટેક્સ મુક્તિ અને સારા વળતર સાથે રોકાણ શોધી રહ્યા છો તો પીપીએફમાં રોકાણ કરવું શ્રેષ્ઠ છે. PPF કરતાં વધુ વળતર માત્ર સુકન્યા સમૃદ્ધિ યોજના અને વરિષ્ઠ નાગરિક યોજનામાં જ ઉપલબ્ધ છે. પરંતુ, દરેક જણ આમાં રોકાણ કરી શકે નહીં.

### 2. ટેક્સ છૂટનો મળે છે લાભ

PPFમાં રોકાણ EEEની શ્રેણીમાં આવે છે. તેનો અર્થ એ છે કે સ્કીમમાં કરવામાં આવેલા સમગ્ર રોકાણ પર તમને ટેક્સ છૂટનો લાભ મળે છે. આ સિવાય રોકાણમાંથી મળતા વ્યાજ પર અને આ સ્કીમમાં રોકાણની સંપૂર્ણ રકમ પર પણ કોઈ ટેક્સ ચૂકવવો પડતો નથી. મેચ્યોરિટી પર મળેલી રકમ પર કોઈ ટેક્સ ચૂકવવો પડતો નથી.

**3. PPF એકાઉન્ટ પર મળે છે લોનની સુવિધા |** તમે PPF ખાતામાં જમા રકમ પર પણ લોન લઈ શકો છો. તમે જે નાણાકીય વર્ષમાં પીપીએફ ખાતું ખોલાવ્યું હોય તે નાણાકીય વર્ષના અંત પછીના એક નાણાકીય વર્ષથી લઈને પાંચમાં નાણાકીય વર્ષની સમાપ્તિ સુધી તમે પીપીએફમાંથી લોન લેવા માટે હકદાર છો.

**દર મહિને કેટલું રોકાણ કરવાથી કેટલા પૈસા મળશે**

| રોકાણ (દર મહિને રૂ.માં) | 15 વર્ષ બાદ કેટલા રૂપિયા મળશે |
|---|---|
| 1 હજાર | 3.25 લાખ |
| 2 હજાર | 6.50 લાખ |
| 3 હજાર | 9.76 લાખ |
| 5 હજાર | 16.27 લાખ |
| 10 હજાર | 32.54 લાખ |
| 12 હજાર 500 | 40.68 લાખ |

### 4. તમે ઈચ્છો તેટલા લાંબા સમયગાળા માટે રોકાણ કરી શકો છો

પીપીએફ ખાતાની પાકતી મુદત 15 વર્ષ છે. પરંતુ તમે ઈચ્છો તેટલું વિસ્તૃત કરી શકો છો. જો પૈસાની તાત્કાલિક જરૂરિયાત ન હોય તો ખાતાધારક પાકતી મુદત પછી તેના ખાતાને લંબાવી શકે છે. આ તમને વધુ ફંડ જનરેટ કરવામાં મદદ કરશે.

**5. સ્કીમ ચલાવવી સરળ છે |** આ સ્કીમમાં તમારે એક વર્ષમાં ઓછામાં ઓછા 500 રૂપિયાનું રોકાણ કરવું પડશે. એટલે કે, જો તમે કોઈપણ વર્ષમાં નાણાકીય તંગીમાં હોવ. તે જ સમયે, તેમાં એક વર્ષમાં વધુમાં વધુ 1.5 લાખ રૂપિયાનું રોકાણ કરી શકાય છે. તમે નાણાકીય વર્ષમાં વધુમાં વધુ 12 હપ્તાઓમાં પૈસા જમા કરાવી શકો છો. હાલમાં તેના પર 7.1% વાર્ષિક વ્યાજ મળી રહ્યું છે.

### 6. બાળકના નામે પણ ખાતું ખોલાવી શકાય છે

કોઈપણ વ્યક્તિ કોઈપણ પોસ્ટ ઓફિસ અથવા બેંકમાં પોતાના નામે આ ખાતું ખોલાવી શકે છે. આ સિવાય સગીર વતી અન્ય કોઈ વ્યક્તિ પણ ખાતું ખોલાવી શકે છે. એક વાલી માત્ર એક બાળકના નામે PPF ખાતું ખોલાવી શકે છે.

### 7. સરળતાથી તૈયાર થશે મોટું ફંડ

જો તમે આ સ્કીમ દ્વારા દર મહિને 1,000 રૂપિયાનું રોકાણ કરો છો, તો તમને 15 વર્ષ પછી 3 લાખ 18 હજાર રૂપિયા મળશે. જ્યારે તમે દર મહિને 2 હજાર રૂપિયાનું રોકાણ કરો છો, તો તમને 15 વર્ષ પછી 6 લાખ 37 હજાર રૂપિયા મળશે.

# શેરોમાં ટ્રેડીંગના દિવસે ટી+0 સેટલમેન્ટને સેબીની મંજૂરી : FPIsને ડિસ્કલોઝર્સ ધોરણોમાં રાહત

મુંબઈ | સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ બ્રોકરો અને અન્ય હિસ્સેદારો, સ્ટેક હોલ્ડરોના અભિપ્રાય અને રજૂઆતને ધ્યાનમાં લીધા બાદ હાલ તુરત શેર બજારોમાં પ્રાયોગિક ધોરણે ટ્રેડીંગના દિવસે જે શેરોમાં સોદાના ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટને લાગુ કરવા મંજૂરી આપી છે. આ સેટલમેન્ટ અત્યારે વૈકલ્પિક ધોરણે માત્ર ૨૫ સ્ક્રિપો અને કેટલાક બ્રોકરો પૂરતું જ અમલી બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે સેબીએ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ને ડિસ્કલોઝર્સ ધોરણોમાં અપેક્ષિત રાહતો આપી છે.સેબીની બોર્ડ મીટિંગમાં લેવાયેલા નિર્ણય મુજબ સેબી ટી પ્લસ શૂન્ય સેટલમેન્ટના બીટા વર્ઝનને અત્યારે મર્યાદિત અને વૈકલ્પિક ધોરણે અમલી બનાવી રહી છે. આ માટે વિવિધ હિસ્સેદારો-સ્ટેકહોલ્ડરો સાથે અને ઉપયોગ કરનારાઓ સાથે સલાહ-વિચારણા કરવાનું ચાલુ રાખશે. આ સેટલમેન્ટની પ્રગતિની દર ત્રણ મહિને અને છ મહિને સમીક્ષા કરવામાં આવશે અને ત્યાર બાદ આગળ વધુ પગલાં લેવાશે એમ સેબીએ જણાવ્યું છે.આ દરમિયાન સેબીની ગઈકાલે બોર્ડ મીટિંગમાં મોડેથી લેવાયેલા અન્ય નિર્ણયોમાં એફપીઆઈઝને જો તે કોઈ સિંગલ-એક જ કોર્પોરેટ ગુરપમાં વહીવટ હેઠળની ઈક્વિટી એસેટ્સના ૫૦ ટકાથી વધુ ધરાવતા હોય તો એમને કેટલીક



શરતોને આધીન વધારાની ડિસ્કલોઝર જરૂરીયાતમાંથી મુક્ત આપવામાં આવી છે.આ સાથે અનુપાલનની સુનિશ્ચિતતા કરવા અને બિઝનેસ કરવામાં સરળતા રહે એની ખાતરી માટે અલ્ટરનેટીવ ઈન્વેસ્ટમેન્ટ ફંડો, તેના મેનેજર અને મુખ્ય મેનેજમેન્ટ કર્મચારીઓએ તેમના બન્ને રોકાણકારો અને રોકાણોનું ડ્યુ ડીલિજન્સ હાથ ધરવાનું રહેશે એવો નિર્ણય લેવાયો છે. એઆઈએફ થકી ફંડિંગ બાબતે ચિંતાને લઈ સેબીએ રોકાણકારો અને રોકાણ કોઈપણ ફાઈનાન્શિયલ ધારાધોરણોને અવરોધ નહીં તે સુનિશ્ચિત કરવા માટે પણ એક પગલું લીધું છે. આ પ્રકારના ડ્યુ-ડિલિજન્સ આવશ્યકતા સાથે એઆઈએફ સંબંધિત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ દરખાસ્તો-પગલાં અમલી બનાવવા માટે નિયમનકારી સાનુકૂળતા કરી આપશે એવું સેબીનું કહેવું છે.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ એટલે કે બિઝનેસમાં સરળતા માટે સેબીએ આઈપીઓ અને ફંડ ઊભું કરવા આવતી કંપનીઓ માટે ઈક્વિટી શેરોના પબ્લિક કે રાઈટ ઈસ્યુમાં એક ટકા સિક્યુરિટી ડિપોઝિટની આવશ્યકતા રદ કરવાનો નિર્ણય લીધો છે. પ્રમોટર ગુરપ કંપનીઓ અને નોન-ઈન્ડીવ્યુજયુઅલ શેરધારકો જે ઓફર બાદની ઈક્વિટી શેર મૂડીના પાંચ ટકાથી વધુ હોલ્ડિંગ ધરાવતા હોય એમને પ્રમોટર તરીકે ઓળખ વિના ન્યુનતમ પ્રમોટર્સ હિસ્સામાં યોગદાન આપવા પણ મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત ફરજિયાત કન્વર્ટિબલ ડિબેન્ચરો કન્વર્ટ થયેલા ઈક્વિટી શેરો જે ડીઆરએચપી ફાઈલ કરાવ્યા પૂર્વે એક વર્ષથી ધરાવતા હોય એ શેરોને લઘુતમ પ્રમોટર્સ યોગદાનની જરૂરીયાતને પહોંચી વળવા ગણતરીમાં લઈ શકાશે.લિસ્ટેડ કંપનીઓ માટે બિઝનેસમાં સરળતા, સુગમતા કરી આપવા વર્તમાન કમ્પાલયન્સ જરૂરીયાત સંબંધિત પણ કેટલાક ફેરફારો સેબીએ કર્યા છે. જેમાં લિસ્ટેડ કંપનીઓ માટે માર્કેટ કેપિટલાઈઝેશન આધારિત કમ્પલાયન્સ જરૂરીયાત ૩૧, માર્ચના એક દિવસના માર્કેટ કેપિટલાઈઝેશનના બદલે ૩૧, ડિસેમ્બરના અંતના છ મહિનાના સરેરાશ માર્કેટ કેપિટલાઈઝેશનના ધોરણે નિર્ધારીત કરવામાં આવશે. આ સાથે માર્કેટ કેપિટલાઈઝેશન આધારિત જોગવાઓને લાગુ પડતી અટકાવવા માટે ત્રણ વર્ષનો સનસેટ ક્લોઝ દાખલ રવામાં આવશે. જે વહીવટી અધિકારીઓ માટે નિયામક સત્તાધીશોની મંજૂરી આવશ્યક હોય એ ખાલી જગ્યાઓને ભરવા માટેની સમય મર્યાદા પણ ત્રણ મહિનાથી વધારીને છ મહિના કરવામાં આવશે. આ સાથે અન્ય નિર્ણયોમાં રિસ્ક મેનેજમેન્ટ કમિટીની સતત બે મીટિંગ વચ્ચે મહત્તમ માન્ય સમયગાળો ૧૮૦ દિવસથી વધારીને ૨૧૦ દિવસ કરવામાં આવશે, જેથી લિસ્ટેડ કંપનીઓને મીટિંગનું સમયપત્રક નક્કી કરવામાં રાહત મળી શકે.

સેબી બોર્ડ દ્વારા મંજૂર કરાયેલા અન્ય નિર્ણયોમાં પ્રાઈવેટ પ્લેસમેન્ટ કરાયેલા ઈન્વિટ (ઈન્ફ્રાસ્ટ્રકચર ઈનવેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ) દ્વારા સબઓર્ડિનેટ યુનિટો ઈસ્યુ કરવા માટે માળખું પૂરું પાડવાની મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય નિયનકારે સ્ટોક એક્સચેન્જને રિસર્ચ એનાલિસ્ટ એડમીનિસ્ટ્રેશન એન્ડ સુપરવાઈઝરી બોડી (આરએએસબી) અને ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ એડમીનિસ્ટ્રેશન એન્ડ સુપરવાઈઝરી બોડી (આઈએએએસબી) તરીકે માન્યતા આપવાનો નિર્ણય કર્યો છે. હાઈ-વેલ્યુ ડેટ લિસ્ટેડ એકમો માટે લિસ્ટિંગ ધોરણો ફરજિયાત લાગુ કરવાની મુદત લંબાવીને ૩૧, માર્ચ ૨૦૨૫ સુધી કરવામાં આવી છે. આ સાથે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સેબીના બજેટને બોર્ડ દ્વારા મંજૂર કરાયું છે.

## વ્હાઈટ કોલર જોબ માર્કેટ:92% કંપનીઓને નવી ભરતી રિપ્લેસમેન્ટને લઈને આશાવાદ

મુંબઈ | દેશમાં વર્ષ 2024ના પહેલા છ મહિના દરમિયાન 92% કંપનીઓ નવી ભરતી અથવા રિપ્લેસમેન્ટની અપેક્ષા ધરાવે છે ત્યારે દેશનું વ્હાઈટ કોલર જોબ માર્કેટ આશાવાદી હાયરિંગ સેન્ટિમેન્ટ ધરાવે છે. નોકરીનો હાયરિંગ આઉટલુક સરવે એ દ્વિ-વાર્ષિક સરવે છે જે સમગ્ર ભારતમાં 1,200 કંપનીઓ અને રિક્રૂટમેન્ટ કન્સલટન્ટ વચ્ચે હાથ ધરવામાં આવે છે.નોકરી ડોટ કોમના ચીફ બિઝનેસ ઑફિસર પવન ગોયલે જણાવ્યું હતું કે તાજેતરના હાયરિંગ આઉટલુક સરવે અનુસાર, વર્ષ 2024ના પહેલા છ મહિના માટે 92% કંપનીઓ નવી ભરતી અને રિપ્લેસમેન્ટને લઈને આશાવાદી છે જે પ્રોત્સાહક છે. હાયરિંગ ટ્રેન્ડ ફરીથી સામાન્ય થશે તેવી ધારણા અને એકંદરે હાયરિંગ આઉટલુક સ્થિર અને સંતુલિત લાગી રહ્યો છે.

સરવેમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે આઈટી સેક્ટરમાં પડકારો છતાં, મોટા ભાગની કંપનીઓનું અનુમાન છે કે ભરતીમાં આઈટી પદોનું વર્ચસ્વ સૌથી વધુ રહેશે. ખાસ કરીને નોન આઈટી સેક્ટર્સમાં આઈટીને લગતી ભરતી વધુ થશે. આઈટી સિવાય અન્ય જે સેક્ટર્સમાં નોંધપાત્ર ભરતી જોવા મળશે તેમાં બિઝનેસ ડેવલપમેન્ટના પદ અને સપ્લાય ચેઈન સેગમેન્ટ સામેલ છે.સરવે અનુસાર 75% કંપનીઓનું માનવું છે કે જાન્યુઆરી થી જૂન 2024 દરમિયાન એટ્રિશન દર 15%થી નીચે રહેશે, જેમાં ગત બે ક્વાર્ટર કરતાં થોડા અંશે સુધારો જોવા મળશે. માત્ર 5% કંપનીઓએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષના પહેલા છ મહિના દરમિયાન એટ્રિશન રેટ 40% અથવા તેનાથી વધુ રહેશે. ઓછો એટ્રિશન દર દર્શાવે છે કે વૈશ્વિક પડકારો અને અનિશ્ચિતતાની સ્થિતિ વચ્ચે લોકો એક જ નોકરીમાં વધુ સમય સુધી ટકી રહે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ફાગણ સુદ-09

# વિપક્ષોએ રણનીતિ બદલી સક્રિય થવું પડશે

ચૂંટણી રાજકીય પક્ષોએ પોતાની તાકાત દેખાડવાનો સૌથી મોટો મંચ હોય છે. ચૂંટણી દરમ્યાન પોતાના કાર્યકર્તાઓમાં ઉત્સાહનો સંચાર કરવા માટે રાજકીય પક્ષો પાસે સૌથી મોટું હથિયાર હોય છે પોતાની જીતનો દાવો કરવો. ભલે રાજકીય પક્ષોના પાયા હચમચી ગયા હોય, પરંતુ તેના કર્તાહર્તાઓની એ જ દેખાડવાની કોશિશ હોય છે કે પાર્ટીને વ્યાપક જનસમર્થન મળી રહ્યં છે. જ્યાં સુધી આગામી સામાન્ય ચૂંટણીની વાત છે તો તેમાં કદાચ જ કોઈને શંકા હોય કે ભાજપની સ્થિતિ મજબૂત છે. ભાજપનો ૩૭૦ને પાર અને પોતાના ગઠબંધન એનડીએ માટે ૪૦૦ પારનો નારો ભલે થોડો અતિરંજિત લાગે, પરંતુ એ તેના આત્મવિશ્વાસને ચોક્કસ દર્શાવે છે. વિપક્ષી ગઠબંધન આ નારાનો ન માત્ર ઉપહાસ ઉડાવી રહ્યુ છે, બલ્કે પોતાના સ્તર પર પડકાર પણ ફેંકી રહ્યું છે. એવામાં વિપક્ષી જૂથની સ્થિતિ સમજવી જરૂરી છે કે તેના દાવામાં કેટલો દમ છે. વિપક્ષી દળોએ વાજતેગાજતે ઈન્ડી ગઠબંધન નામે મોદીવિરોધી રાજકીય મોરચો બનાવ્યો. કોંગ્રેસ સ્વાભાવિક રૂપે આ ગઠબંધનની સૌથી મોટી પાર્ટી બની. ગત લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને લગભગ ૧૨ કરોડ વોટ પણ મળ્યા હતા. જોકે ૨૦૧૪થી કોંગ્રેસ સતત સંકોચાઈ રહી છે. હાલમાં કોંગ્રેસની સરકાર કર્ણાટક, તેલંગણા અને હિમાચલ પ્રદેશ સુધી સમેટાઈ ગઈ છે. હિમાચલમાં તો તેની સરકાર એક પ્રકારે વેન્ટીલેટર પર ચાલી રહી છે. આ જ કારણ છે કે પાર્ટી હિંદી પટ્ટી અથવા ઉત્તર ભારતને છોડીને દક્ષિણ પર પોતાનું પૂરું ધ્યાન કેન્દ્રિત કરવામાં પડી છે. ઉમેદવારોની પહેલી-બીજી યાદીથી પણ પાર્ટીની પ્રાથમિકતા પ્રત્યક્ષ દેખાઈ રહી છે. તેલંગણાની જીત બાદ કોંગ્રેસના કેટલાક નેતાઓએ 'ઉત્તર વિરુદ્ધ દક્ષિણ'ની વિભાજનકારી ચર્ચા પણ ચલાવી, પરંતુ તે કારગત ન રહી. કોંગ્રેસની વાત કરીએ તો તેલંગણામાં ભલે તેને થોડી સીટો મળી જાય, પરંતુ પડોશી આંધ્રમાં તેની હાલત બહુ સારી નથી. અહીં મુખ્ય મુકાબલો સત્તારૂઢ વાયએસઆર કોંગ્રેસ અને ટીડીપી-ભાજપ-જનસેના ગઠબંધન વચ્ચે છે. તમિલનાડુમાં કોંગ્રેસ સહયોગી દ્રમુકની કાખઘોડીના ભરોસે છે. કેરળમાં ગઈ વખતે કોંગ્રેસનું પ્રદર્શન બહેતર રહ્યું, પરંતુ આ વખતે ડાબેરી મોરચો તેની પાસેથી પોતાની રાજકીય જમીન પાછી લેવા પ્રતિબદ્ધ દેખાઈ રહ્યો છે. આ જ કારણ છે કે કોંગ્રેસ-ડાબેરીઓમાં બીજી જગ્યાએ પર ગઠબંધન છતાં કેરળમાં બંને એકબીજા સામે લડી રહ્યા છે. ત્યાં સુધી કે રાહુલ ગાંધીની વાયનાડ સીટ પર પણ ડાબેરીઓએ ઉમેદવાર ઉતારવામાં પાછી પાની ન રાખી. રહી વાત કર્ણાટકની, તો ગત ચૂંટણીમાં કોંગ્રેસ અને જેડીએસ મળીને પણ ત્યાં ભાજપનો રસ્તો નહોતા રોકી શક્યા. આ વખતે તો રાજ્યમાં જેડીએસ પણ ભાજપ સાથે ગઠબંધનમાં છે. ગુજરાતની વાત કરીએ તો અહીં કોંગ્રેસની હાલત સાવ કથળેલી છે. ગત લોકસભા ચૂંટણીમાં તેનું ખાતું પણ નહોતું ખૂલ્યું. વિધાનસભા ચૂંટણીમાં પણ માનમર્દન થયું અને ત્યારબાદથી પણ એક પછી એક ધારાસભ્યો ભાજપમાં સામેલ થતા જાય છે. ગુજરાત કોંગ્રેસમાં ભાગદોડ જેવી સ્થિતિ છે. મહારાષ્ટ્રમાં અશોક ચવ્હાણ જેવા નેતા તેનો સાથ છોડી ગયા. પાર્ટી અહીં પણ વધી-ઘટી શિવસેના અને એનસીપીના સહારે છે. મહારાષ્ટ્રના પડોશી છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં વિપક્ષી ગઠબંધનનો મુખ્ય ચહેરો કોંગ્રેસ જ છે, પરંતુ ત્યાં પણ પાછલી લોકસભા ચૂંટણી બાદથી કોંગ્રેસ પોતાની જમીન મજબૂત ન કરી શકી. ગત દિવસોમાં ત્યાં સુધી અફવા ઉડી કે કમલનાથ જેવા દિગ્ગજ ખુદ કોંગ્રેસ છોડી દેવાના છે.

### સાંસદ હોળી-ધુળેટી જેવા તહેવારોમાં એક્સ્ટ્રા બસો સાગબારા સેલંબા સુધી દોડે તે માટે તજવીજ કરાવે તેવી આશા

# હોળી ધુળેટીના તહેવારોમાં પોતાના વતનમાં પરત ફરતા... નર્મદાના આદિવાસી લોકો માટે અંકલેશ્વરથી વધુ બસોની વ્યવસ્થા થાય તેવી માંગ

ભરત શાહ | રાજપીપળા

આવનાર હોળી ધુળેટીના તહેવારો દરમ્યાન સાગબારા તાલુકા સહિત નર્મદા જિલ્લામાંથી રોજગાર અર્થે અંકલેશ્વર,સુરત, બારડોલી, વડોદરા, સહિત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માં ગયેલા લોકો વતન પરત ફરશે ત્યારે આવા લોકોની મજબૂરીનો મોટો ફાયદો ખાનગી વાહનો વાળા ઉઠાવી ઊંચું ભાડું તો વસુલે છે જ પરંતુ જીવન જોખમે મુસાફરી પણ કરાવતા હોય છે.ત્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં સરકાર દ્વારા જેવી રીતે વધારાની એસટી બસો દોડાવવામાં આવે છે તેવી વધારાની બસો જો અંકલેશ્વર થી સાગબારા સેલંબ સુધી દોડાવવામાં આવે તેવી માંગ ઉઠી છે ત્યારે અહીંના સાંસદ આ બાબતે વાહન વ્યવહાર મંત્રીને રજુઆત કરે તે જરૂરી છે.



ગુજરાત નું એસટી નિગમ દરરોજ આઠ હજાર થી વધુ બસોના કાફલા સાથે 33 લાખ કિ.મી.ના સંચાલનમાં 25 લાખ જેટલા મુસાફરોને પોતાના સ્થાને પહોંચાડે છે.ત્યારે વાર તહેવાર એસટી નિગમ ખાતું વધારાની બસો દોડાવીને પરિવહનની સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે.હાલમાં આવી રહેલા હોળી ધુળેટીના તહેવારો દરમ્યાન ગુજરાતના પંચમહાલ, ગોધરા,દાહોદ,ઝાલોદ, સંતરામપુર,છોટા ઉદેપુર સહિતના અનેક જિલ્લાઓમાથી મજૂર વર્ગ નાગરિકો રાજ્યના જુદાજુદા જિલ્લાઓમાં નોકરી, વ્યવસાય અને મજૂરી અર્થે ગયેલા હોય છે અને આદિવાસી સમાજ માટે હોળી.ધુળેટી એ દિવાળી જેવો તહેવાર ગણાય છે માટે આ તહેવારો માં ગમે ત્યાંથી લોકો પોતાના વતન માં આવતા હોય જેમાં નર્મદા જિલ્લાના સાગબારા સહિત અન્ય તાલુકાના લોકોનો પણ સમાવેશ થાય છે.માટે એસટી નિગમ આવા જિલ્લાઓમાં વધારાની બસો દોડાવવાની તૈયારી કરી રહ્યું છે. ત્યારે અંકલેશ્વર સુરત બારડોલી નવસારી અને માંડવી જેવા અનેક સ્થળો પર થી સાગબારા સેલંબા ખાતે પણ આવા મજૂરીયાત વર્ગ માટે એક્સ્ટ્રા બસો



દોડાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. અહીંના સંસદ આ બાબતે રાજ્યના વાહન વ્યવહાર મંત્રીને આ બાબતે રજુઆત કરે તે જરૂરી છે.સાગબારા ડેડીયાપાડા ના ધારાસભ્ય ચૈતર વસાવા પણ સાગબારા ડેડીયાપાડા તાલુકામાં હોળી ધુળેટીના તહેવારો દરમ્યાન એક્સ્ટ્રા બસો દોડે તે માટે રાજ્ય સરકાર માં રજુઆત કરી લોકોની સમસ્યાઓને દૂર કરે તેવી કાર્યવાહી હાથ ધરે તેવું તાલુકાની જનતા આશા સેવી રહી છે.

દિવાળી હોય કે હોળી ધુળેટી રોજગારીની માટે બહાર ગયેલા તાલુકવાસીઓ તહેવારો દરમિયાન માદરે વતન ફરવાનું અને તહેવારો પોતાના પરિવાર સાથે ઉજવવાનું ભૂલ્યા નથી ત્યારે આવા લોકોની મજબૂરીનો ફાયદો ખાનગી વાહનો વાળા ઉઠાવતા હોય છે અને બે ત્રણ ઘણું ઊંચું ભાડું વસૂલી જીવન ઝોખમે મુસાફરી કરાવતા હોય છે ત્યારે સ્થાનિક ધારાસભ્ય ધ્વારા આ બાબતે યોગ્ય રજુઆત કરી લોકોને સમસ્યાઓ માથી છુટકારો અપાવે તેવી માંગ ઉઠી છે.ત્યારે અંકલેશ્વર થી સાગબારા સેલંબા સુધીના રૂટ માં આવતા પોલીસ સ્ટેશનો અને એસટી નિગમ દ્વારા પણ આવા વાહનો વાળાઓ સામે પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

## સુરત શહેર-જિલ્લામાંથી આચાર સંહિતાનો અમલ થતા 3178 હોર્ડિંગ,પેઈન્ટીગ હટાવાયા

સુરત | તા.17



ભારતીય ચુંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીઓની તારીખ જાહેર કરવામાં આવી છે. જેના ભાગરૂપે સુરત જિલ્લામાં આચારસંહિતાના ચુસ્ત અમલ માટે તંત્ર દ્વારા પ્રચારસામગ્રી દુર કરવામાં આવી રહી છે. સુરત શહેર-જિલ્લાની તમામ ૧૬ વિધાનસભા વિસ્તારમાં પ્રથમ દિવસે તંત્ર દ્વારા હોર્ડિંગ્સો, પોસ્ટરો તેમજ દિવાલ પર દોરેલા ચિત્રોને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લામાંથી પબ્લીક તથા ખાનગી સ્થળોએથી ૮૧૦ વોલ પેઈન્ટિંગ, ૧૨૭૨ પોસ્ટરો, ૪૪૦ બેનરો તથા અન્ય ૬૫૬ મળી કુલ ૩૧૭૮ પ્રચાર સામગ્રી દુર કરવામાં આવી હતી.

વિગતે જોઈએ તો સુરત ઉત્તર ૪૦,વરાછા રોડમાંથી ૨૪, કરંજમાંથી ૨૧, લીંબાયતમાં ૩૭૫, સુરતપુર્વમાંથી ૧૪૪, ઉધનામાંથી ૪૧૫, મજુરામાંથી ૯૯, કતારગામમાંથી ૫૪, સુરતપશ્ચિમમાંથી ૪૫, ચોર્યાસીમાંથી ૭૦૮, બારડોલીમાંથી ૫૫૨, મહુવામાંથી ૫૮, ઓલપાડમાંથી ૨૨૫, કામરેજમાંથી ૧૬૩, માંડવીમાં ૭૩, માંગરોળમાં ૧૮૨ જેટલા વોલ પેઈન્ટિંગ, પોસ્ટરો, બેનર સહિતની પ્રચાર સામગ્રી દુર કરીને આદર્શ આચારસંહિતા સહિતા અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

## ભદામ ગામે 75મા પ્રાગટ્ય અમૃત મોહત્સવ નિમિત્તે મહા રક્તદાન કેમ્પ યોજાયો



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં આવેલ એક માત્ર ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સંચાલિત બ્લડ બેન્ક છે,અહીં આદિવાસી વસ્તી ધરાવતા નર્મદા જિલ્લામાં હવે રક્તદાન અંગે જાગૃતિ આવી છે. જિલ્લાના મુખ્ય મથક રાજપીપલા ની બાજુમાં આવેલ નાનકડા એવા ભદામ ગામે વડતાલ દ્વિશતાબ્દી મહોત્સવ તથા આચાર્ય મહારાજ લાલજી મહારાજ વડતાલ ગાદીપતિ ના 75 માં પ્રાગટ્ય અમૃત મોહત્સવ નિમિત્તે આંતરરાષ્ટ્રીય મહા રક્તદાન કેમ્પ યોજાયો. જેનું દીપ પ્રાગટ્ય કરી રક્તદાન ની શરૂઆત કરવામાં આવી.જેમાં ભદામ ગામ ના રક્તદાતાઓ એ મોટી સંખ્યામાં રક્તદાન કરી જરૂરિયાત વાળા દર્દીઓ ને તાત્કાલિક રક્ત મળી રહે તેવા પ્રયત્ન કર્યા.સંસ્થા ના આયોજક ડો.જયેશભાઇ પટેલ એ આભાર ની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે નર્મદા જિલ્લા શાખા માં રક્તની જરૂરિયાત ને પહોંચી વળવા આજે રક્તદાન કેમ્પ કર્યો છે અને સામાજિક સેવાને સાર્થક કરવનો પ્રયત્ન કર્યો છે.

## નર્મદા જિલ્લામાં લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજપીપળામાં BSF જવાનોની ફ્લેગ માર્ચ



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં લોકસભાની નાંદોદ અને ડેડીયાપાડા એમ બે બેઠકો પર ચૂંટણી યોજાવાની છે.આ બન્ને બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન થાય એ માટે નર્મદા જિલ્લામાં બાહ્ય પોલીસ સુરક્ષા બલો તૈનાત કરી દેવાયા છે.ત્યારે રવિવારે BSF ના આ સુરક્ષા જવાનો શહેરના વિસ્તારની માહિતી માટે રાજપીપળા ટાઉન પોલીસ સાથે શહેર માં ફ્લેગ માર્ચનું આયોજન કર્યું હતું. લોકસભા ચુટણી યોજાવાની છે.ત્યારે વહિવટીતંત્રની સાથે નર્મદા પોલીસ પણ સજ્જ બની છે.નર્મદા જિલ્લો બોર્ડરનો જિલ્લો હોય BSF જવાનોની ટુકડીએ નર્મદા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સૂંબે ની સૂચનાથી સમગ્ર ચૂંટણી દરમ્યાન જિલ્લામાં સપુંર્ણ શાંતિ રહે એ માટે જિલ્લામાં સુરક્ષા સંભાળી છે.ત્યારે રાજપીપળા શહેરના વિવિધ વિસ્તારની માહિતી મેળવવા ટાઉન પીઆઈ આર.એસ.ડોડીયા અને પીએસઆઈ ડી.કે.પરમાર સહિત ટાઉન પોલીસ સ્ટાફ સાથે BSF જવાનો ની ટીમે ફ્લેગ માર્ચ યોજી તમામ વિસ્તારોનું નિદર્શન કર્યુ હતુ.

# છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોડૅ અમરેલી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ગૌતમ પરમાર પોલીસ મહાનિરીક્ષક ભાવનગર નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે અન્વયે હિંમકર સિંહ સાહેબ પોલીસ અધિક્ષક શ્રી અમરેલી નાઓ દ્વારા ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે સી.એન.દવે સા.પો.સબ. ઈન્સ્પેક્ટર પેરોલ ફર્લો સ્કવોડે અમરેલીની સુચના મુજબ આ.હેડ કોન્સ્ટેબલ જયપાલસિંહ ઝાલાને ચોક્કસ બાતમી મળેલ કે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નાસતો ફરતો આરોપી યશરાજ કાંતિભાઈ ચાવડાના દિકરાનું બોનંમેરો ટ્રાન્સપ્લાન્ટ ની સારવાર કરાવવા રૂ. ૧,૨૦,૦૦૦/- જેટલો ખર્ચો થાય તેમ હોય તેવું જણાવી વિશ્વાસમાં લઈ તેઓની પાસેથી પૈસા મેળવી અને પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખી ફરી. સાથે વિશ્વાસઘાત તથા ઠગાઈ અંગે જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ગુન્હો રજી. થયેલ અને આ કામે આરોપીનું નામદાર જાફરાબાદ કોર્ટે પકડ વોરંટ ઈસ્યુ કરેલ.

આરોપી અમદાવાદ ખાતે હોય આરોપી ને અમદાવાદ ખાતેથી મળી આવતા આરોપી ની પુછપરછ કરી અમરેલી ખાતે લાવી આગળની ઘટતી કાર્યવાહી કરી સદર ગુન્હો જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનનો હોય આરોપીને જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપતી અમરેલી પેરોલ ફર્લો સ્કવોડે અમરેલી ટીમ.

# ડેડીયાપાડા અને તિલકવાડા પોલીસે જુગાર પર છાપો મારી જુગારીઓને દબોચ્યા

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં દારૂ જુગાર સહિતના બેનંબરી ધંધા ખાનગી રાહે ધમધમે છે જેમાં પોલીસ અવાર નવાર છાપા મારી ગુના દાખલ કરે છે અને હાલમાં પણ ડેડીયાપાડા તેમજ તિલકવાડા પોલીસે બે ગામોમાંથી જુગાર પર રેડ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડા પોલીસે ગડી ગામે ઉપલા ફળીયા ચાલતા જુગાર પર રેડ કરી (૧) સુરેંદ્રભાઈ સુરમાભાઈ વસાવા (૨) ગિરીષભાઈ મુળજીભાઈ વસાવા (૩) રામસીંગભાઈ પોહનાભાઈ વસાવા (૪) નવલસીંહ બહાદુરભાઈ વસાવા તેમજ નાશી ગયેલ આરોપીઓ (૫) મગનભાઈ રુપસીંગભાઈ વસાવા (૬) રાજેશભાઈ ઉબાડીયાભાઈ વસાવા તમામ રહે. ગડી ઉપલુ ફળીયુ તા.દેડીયાપાડા જી.નર્મદા નાઓ ગડી ગામે ઉપલા ફળીયામા મહુડાના ઝાડ નીચે પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડતા દાવ પરના રોકડા રૂ.૨૦૦/- તથા તથા પકડાયેલ જુગારીઓ ની અંગ ઝડતીના રોકડા રૂ.૧૦,૬૯૦/- મળી કુલ કિ.રૂ.૧૦,૮૯૦/- ના જુગાર પકડી. પાડયો હતો. જ્યારે તિલકવાડા પોલીસે સાવલી ગામે બોર ફળીયામાં (૧) મહેશભાઈ દેવાભાઈ ભીલ(૨) રમેશભાઈ રામગઢભાઈ ભીલ(૩) પ્રિતેશભાઈ રાજુભાઈ ભીલ (૪) કાળુભાઈ શાન્તિભાઈ ભીલ,તમામ રહે.સાવલી બોર ફળીયુ તા. તિલકવાડા જી.નર્મદા ને સાવલી ગામના બોર ફળીયામાં સમળાના ઝાડ નીચે હાર જીતનો જુગાર રમતા દાવ ઉપરના રોકડા રૂપિયા ૨૩૦/- તથા અંગ-ઝડતીના રોકડા રૂપિયા ૯૦૦/- મળી આવતા કુલ્લે રૂ.૧,૧૩૦/- ના મુદામાલ સાથે જુગાર રમતા ઝડપી કાયદેસર કાર્યવાહી કરી છે.આમ ડેડીયાપાડા અને તિલકવાડા પોલીસે આ બે ગામોમાં ચાલતા જુગાર પર રેડ કરી મુદ્દામાલ સાથે જુગારીઓ ને દબોચી લીધા હતા.

## કુકમા (ભુજ) ગામે રાત્રે ચોરી કરવાના ઈરાદે આવેલા શખ્શોનો હોમગાર્ડ જવાન પર હુમલો



મહેશ સોની. ભૂજ

ભુજ તાલુકાના કુકમા ગામે ગઈ રાત્રે ચોરી કરવાના ઈરાદે આવેલા શંકાસ્પદ શખ્શોએ રાત્રી દરમ્યાન ફરજ બજાવતા હોમગાર્ડના જવાનો ઉપર હુમલો કરતાં ત્રણ જવાનોને ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા.જોકે હોમગર્ડ ના જવાનોએ પણ બહાદુરી પૂર્વક સામનો કરી એક શંકાસ્પદ હુમલાખોરને ઝડપી પોલીસને હવાલે કર્યો હતો. પકડાયેલ શખ્શો જવાનોને બચકા ભર્યા હતા તો અન્ય શખ્શોએ જવાનો ઉપર પત્થરમારો કર્યો હતો.

# ધાનપોર ગામની બે વર્ષથી ગુમ થયેલ મહિલાને શોધી કાઢી તેના પરિવારને સોંપતી એન્ટી હ્યુમન ટ્રાફીકીંગની ટીમ

ભરત શાહ, રાજપીપળા | જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબે,નર્મદાનાઓએ હાલમાં ગુમ થયેલ બાળકોને શોધી કાઢી તેમના માતા-પિતાને સોંપવા તથા ગુમ થયેલ વ્યક્તિઓને શોધવા સારૂ અસરકારક કામગીરી કરવાની સુચના આપતા આર.જી. ચૌધરી, પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી. નાઓ દ્વારા જીલ્લાના ગુમ થયેલ બાળકો તથા વ્યક્તિઓની શોધખોળ કરવા રાજપીપલા પો.સ્ટે. થી દાખલ ગુમ થયેલ વનિતાબેન ભરતભાઈ પટેલ રહે.ધાનપોર તા.નાંદોદ જી.નર્મદા નાઓ કોઈ કારણોસર પોતાના ઘરેથી ક્યાંક જતા રહેલ હોવાની જાહેરાત તેમના પતિ ભરતભાઈ નગીનભાઈ પટેલ રહે. ધાનપોર નાએ રાજપીપલા પો.સ્ટે.માં આપેલ. જે અનુસંધાને જે.આર.ડામોર, પો.સ.ઈ. AHTUનાઓ અને એલ.સી.બી. ટીમના પોલીસ માણસોએ જીલ્લામાં ગુમ થયેલ વ્યક્તિઓની તપાસ કરતાં હ્યુમન સોર્સ આધારે માહીતી મળેલ કે વનિતાબહેન સુરત શહેર ખાતેના ઉધના વિસ્તારમાં રહેતા હોય જેથી એલ.સી.બી.ની ટીમને સુરત ઉધના વિસ્તારમાં મોકલતા ગુમ થયેલ બહેનની શોધખોળમાં મળી આવતા તેના પરિવારને સોંપવામાં આવી હતી.

## કચ્છમાં પ્રથમ ડ્રોન પાયલોટ બની ગામનું ગૌરવ વધાર્યું

મહેશ એલ. સોની | નખત્રાણા



નમો ડ્રોન દીદી યોજના અંતર્ગત ખેતીમાં મહિલાઓને આધુનિક ખેતી અંગેની તાલીમ દેશભરમાં આપવામાં આવે છેજેમાં ડ્રોન દ્વારા જંતુ નાશક દવા છંટકાવની તાલીમ પણ આપવામાં આવે છે. જેથી મહિલાઓ પણ ખેતીમાં મહત્વ પૂર્ણ યોગદાન આપી શકે આ યોજના અંતર્ગત કચ્છમાં પણ એવી તાલીમ પામેલા નખત્રાણા તાલુકાના દેવપર યક્ષ ગામના નિલમબેન ભીમાણી કચ્છના પ્રથમ ડ્રોન મહિલા પાયલોટ બની ગામનું ગૌરવ વધાર્યું છે.

## અપહરણ તથા પોક્સોના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને મધ્યપ્રદેશ ખાતેથી ઝડપી પાડતી સાવરકુંડલા રૂરલ પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



ગૌતમ પરમાર પોલીસ મહાનિરીક્ષક શ્રી ભાવનગર વિભાગ ભાવનગર નાઓએ સમગ્ર ભાવનગર રેન્જમાં તથા અમરેલી પોલીસ અધિક્ષક શ્રી હિંમકર સિંહ સાહેબ નાઓએ અમરેલી જીલ્લામાં ગુન્હો કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કડક સુચના કરી હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક શ્રી સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાઓએ સાવરકુંડલા ડીવીઝનમા ગુનો કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડવા સુચના કરેલ છે અન્વયે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં પોક્સોના ગુન્હાના ભોગ બનનાર સગીરાને સાથે લઈ નાશી ગયેલ હોય તેને ઝડપી પાડવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ચૌધરી સાહેબે તેમની સાથે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટાફની ટીમ બનાવી ઉપરોક્ત ગુન્હાના આરોપીને ઝડપી પાડવા મધ્યપ્રદેશ રાજ્યના બડવાની જીલ્લા માં જઈ ટેકનીકલ સોર્સીસના આધારે આરોપી તથા ભોગ બનનાર સાથે શોધી કાઢવામાં સફળતા મેળવેલ આરોપી પ્રભુ સ/ઓ મનુભાઈ શંકરભાઈ બડોલે નં ઝડપી ધોરણસરની કાર્યવાહી કરતી સાવરકુંડલા રૂરલ પોલીસ ટીમ.

### ભરુચ બેઠક પર ભાજપનું હિંદુ કાર્ડ

# મનસુખ વસાવાએ કહ્યું ચૈતર વસાવા સાથે રોહિંગ્યા લોકો ફરે છે, સાવધાન

ભરત શાહ | રાજપીપળા



ગુજરાતની સૌથી ચર્ચાસ્પદ ગણાતી ભરૂચ લોકસભા બેઠક પર હાલ ભાજપ સાંસદ મનસુખ વસાવા અને ઈન્ડીયા ગઠબંધનના આપ- કોંગ્રેસના સંયુક્ત ઉમેદવાર ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચે સીધી ટક્કર છે.ત્યારે પ્રચાર દરમીયાન ભાજપ સાંસદ મનસુખ વસાવાએ જાહેરમાં એવું નિવેદન આપ્યું હતું કે ચૈતર વસાવા સાથે રોહિંગ્યા લોકો ફરે છે.આ નિવેદને ભારે ચર્ચા જગાવી છે.

ભાજપ સાંસદ મનસુખ વસાવાએ પોતાનાં પ્રચાર દરમીયાન જણાવ્યું હતું કે આપણી સરહદો પેહલા સુરક્ષિત ન્હોતી. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનની બોર્ડર પરથી ઘુસણખોરો ઘુસી જતા હતા.ચૈતર વસાવા સાથે પશ્ચિમ બંગાળમાંથી આવતા રોહિંગ્યા મુસ્લિમો ફરે છે, મારી પાસે ફોટા પણ છે એટલે બધા ચેતજો.રોહિંગ્યા લોકો પશ્ચિમ બંગાળમાંથી દિલ્હી, પંજાબ થઈ ગુજરાતના ભરુચ, વાલિયા, ઝઘડિયા, જંબુસર અને ડેડીયાપાડામાં રોહિંગ્યા લોકો ફરે છે એટલે બધા સાવધાન રેહજો. આ મામલે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે મારી સાથે ભરૂચ લોકસભા કોંગ્રેસના મુસ્લિમ આગેવાનો ફરે છે એ લોકો મને માર્ગદર્શન પણ આપે છે એટલે એમને ટાંકીને જ મનસુખ વસાવાએ આવું નિવેદન કર્યું છે.મનસુખ વસાવા પુરાવા આપે કોણ એમાંથી રોહિંગ્યા છે.એમને રોહિંગ્યા કહી મનસુખ વસાવાએ મુસ્લિમ સમાજનું અપમાન કર્યું છે.મનસુખ વસાવા મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરે છે, મુસ્લિમ સમાજ જાગૃત છે એટલે મુસ્લિમ સમાજ મનસુખ વસાવાને આનો લોકસભા ચૂંટણીમાં જવાબ આપશે.

## રાજપીપળા પોલીસ સ્ટેશનમાં પીઆઈ આર.એસ. ડોડિયાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા પોલીસ સ્ટેશન ખાતે નવા મુકાયેલા પીઆઈ આર એસ ડોડીયા ના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિ ની બેઠક યોજવામાં આવી. આગામી દિવસો માં આવનાર હોળી,ધુળેટી અને હાલ ચાલી રહેલા રમજાન મહિના ને ધ્યાને લઈ તેમજ શહેર માં શાંતિ જળવાઈ રહે એ માટે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિના સભ્યોની બેઠક બોલાવાઈ હતી. જેમા દરેક ધર્મના આગેવાનો તેમજ રાજકીય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આવનાર તહેવારોને લઈને ચર્ચા કરવામાં આવી હતી અને શાંતિપુર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી કરવામાં આવે અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટેની ચર્ચા કરવામાં આવી હતી.હજાર આગેવાનો એ પોત પોતાના મંતવ્યો રજૂ કરતાં ટાઉન પીઆઈ ડોડીયા એ તેનું નિરાકરણ લાવવા સૂચન આપ્યા હતા. જોકે આમ પણ રાજપીપળા શહેર માં કોમી ભાઈચારા સાથે જ બધા તહેવારો શાંતિપૂર્વક મનાવવામાં આવે છે છતાં કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી રાજપીપળા પોલીસ દ્વારા આ મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.

# હેયરફોલ હોય કે ટેનિંગ, બદામનું તેલ આપશે સમસ્યામાં રાહ

## હૃદય અને મગજને સ્વસ્થ રાખે છે બદામ : કબજિયાતમાં રાહત મેળવવા નવશેકા દૂધમાં બદામનું તેલ મિક્સ કરીને પીઓ

બદામ વિશે વાત કરીએ તો બદામને ખૂબ જ શક્તિશાળી ડ્રાયફ્રૂટ માનવામાં આવે છે, કારણ કે તેમાં ઓમેગા 3, વિટામિન E, B, B2, કેલ્શિયમ, પોટેશિયમ, પ્રોટીન, ફાઈબર અને ઝિંક જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. બદામનું દરરોજ સેવન હૃદય અને દિમાગ બંનેને સ્વસ્થ રાખવા માટે ફાયદાકારક માનવામાં આવે છે, જ્યારે તેનું તેલ પણ ગુણોનો ભંડાર છે, જેના ઉપયોગથી તમે સ્વાસ્થ્ય અને ત્વચાની અનેક સમસ્યાઓથી છુટકારો મેળવી શકો છો. રોજ પલાળેલી બદામ ખાવાના ફાયદા મોટાભાગના લોકો જાણે છે, પરંતુ શું તમે જાણો છો કે બદામનું તેલ પોષક તત્વોનો પણ ખજાનો છે અને તે તમને ઘણી સમસ્યાઓથી મુક્તિ અપાવી શકે છે. તો ચાલો જાણીએ તેનો ઉપયોગ કરવાની કેટલીક રીતો.



### ત્વચા માટે બદામ તેલ લાભદાયી

જો સૂતા પહેલા દરરોજ બદામના તેલથી ચહેરા પર માલિશ કરવામાં આવે તો કરચલીઓ, રિંકલ્સ અને નીરસતા જેવા અકાળે વૃદ્ધત્વના ચિહ્નો ટાળી શકાય છે. આ તમારી ત્વચામાંથી શુષ્કતા દૂર કરે છે અને તમારા ચહેરા પર કુદરતી ચમક લાવે છે. બદામનું તેલ ખીલ, ટેનિંગ અને રંગ સુધારવા જેવી સમસ્યાઓને દૂર કરવામાં પણ અસરકારક છે.

### વાળ માટે બદામના તેલનો ઉપયોગ કરો

બદામનું તેલ તમારા વાળ માટે વરદાનથી ઓછું નથી. અઠવાડિયામાં બે વાર વાળ ધોવાના 1.5 કે 2 કલાક પહેલા વાળમાં બદામનું તેલ લગાવો. તેનાથી વાળ ખરવાથી તો છુટકારો મળશે જ સાથે સાથે વાળ ચમકદાર અને મજબૂત પણ બનશે. ડેન્ડ્રફથી છુટકારો મેળવવા માટે તમે લીંબુના રસ સાથે બદામનું તેલ લગાવી શકો છો.

### હાડકાં મજબૂત બનશે

બદામનું તેલ બાળકોને માલિશ કરવા માટે પણ ઉત્તમ માનવામાં આવે છે, કારણ કે તે સ્નાયુઓને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આ સિવાય બદામનું તેલ દૂધમાં મિક્સ કરી શકાય છે. જે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ તેલની માલિશ કરવાથી સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.



### કબજિયાતમાં રાહત મેળવવા માટે આ રીતે બદામના તેલનું સેવન કરો

જો કોઈ વ્યક્તિ હંમેશા કબજિયાતથી પરેશાન રહેતી હોય તો રાત્રે સૂતા પહેલા એક ચમચી બદામનું તેલ નવશેકા દૂધમાં મેળવીને પીવાથી આંતરડામાં જમા થયેલી ગંદકી દૂર થાય છે, જેનાથી કબજિયાતની સમસ્યામાં રાહત મળશે.

# ઉનાળામાં આ પાંચ વસ્તુઓ ખાવાનું ટાળવું

## ખાવાથી થઈ શકે છે ડિહાઈડ્રેશન

ગરમી શરૂ થાય એટલે સૌથી પહેલા ખાવા પીવા પર ખાસ ધ્યાન આપવું પડે છે. જો આ ઋતુ દરમિયાન ખાવા પીવાની બાબતમાં ધ્યાન રાખવામાં ન આવે તો તબિયત બગડતા વાર નથી લાગતી. સૌથી વધારે તો આ સીઝનમાં ડિહાઈડ્રેશનની સમસ્યા જોવા મળે છે. સાથે જ ફૂડ પોઈઝનિંગ પણ વધારે પ્રમાણમાં થાય છે. તેથી જ ઉનાળો શરૂ થાય કે તુરંત જ પોતાની ખાવા પીવાની બાબતો પર ધ્યાન આપવાની શરૂઆત કરી દેવી જોઈએ જેથી તમે ગરમીના વાતાવરણમાં પણ શરીરને સ્વસ્થ રાખી શકો. સ્વાસ્થ્ય નિષ્ણાતો અનુસાર ગરમીની ઋતુ શરૂ થાય એટલે કેટલીક ફૂડ આઈટમ્સને ખાવાનું અવોઈડ કરવું જોઈએ. કેટલીક ખાવા પીવાની વસ્તુઓ એવી હોય છે જે ઉનાળા દરમિયાન શરીરને નુકસાન કરે છે. આ બધી વસ્તુઓ ખાવાથી ડિહાઈડ્રેશન થઈ જાય છે. કારણ કે આ વસ્તુઓ એવી હોય છે જે શરીરમાં હોય તે પાણીને પણ શોષી લે છે. તો ચાલો તમને જણાવીએ કે એવી કઈ કઈ વસ્તુઓ છે જેનું સેવન ઉનાળામાં કરવાનું ટાળવું જોઈએ.

ગરમીના દિવસોમાં નોનવેજ ખાવાનું પણ ટાળવું જોઈએ. આવી બધી વસ્તુઓને યોગ્ય રીતે સ્ટોર કરવામાં ન આવે તો ઉનાળામાં તે ઝડપથી ખરાબ થઈ જાય છે અને આવી ફૂડ આઈટમ્સ ખાવાથી ફૂડ પોઈઝનિંગ પણ થઈ શકે છે. ગરમીમાં નોનવેજનું પાચન પણ બરાબર રીતે થતું નથી અને તેનાથી ડીહાઈડ્રેશન થવાની શક્યતા પણ વધી જાય છે.




### મસાલેદાર ભોજન

સ્વાદિષ્ટ ભોજન ખાવું સૌ કોઈને પસંદ છે પરંતુ ગરમીની શરૂઆત થાય એટલે વધારે પડતા મસાલા વાળું ભોજન કરવાનું ટાળવું જોઈએ. વધારે માત્રામાં ગરમ મસાલા જેમકે એલચી, મરી, આદુ, લસણ, રાઈ, મરચું ભોજનમાં લેવાથી શરીરની અંદર ગરમી વધી જાય છે જે ઉનાળામાં હાનિકારક સાબિત થઈ શકે છે.



### જંક ફૂડ

ગરમીની શરૂઆત થાય એટલે સમોસા, પકોડા, વડાપાવ જેવી તળેલી વસ્તુઓ અને પીઝા બર્ગર જેવા જંક ફૂડ પચાવવામાં શરીરને વધારે મહેનત કરવી પડે છે. સાથે જ આ વસ્તુઓ એવી હોય છે જે પાચન ક્રિયાને પણ પ્રભાવિત કરે છે અને શરીરમાં હોય તે પાણીને પણ વધારે શોષે છે. તેથી શક્ય હોય ત્યાં સુધી ગરમીમાં આવી બધી ફૂડ આઈટમ્સ નો ઉપયોગ ઓછો કરવો.

### આલ્કોહોલ

દારૂ કોઈપણ ઋતુમાં પીવો હાનિકારક છે પરંતુ ઉનાળા દરમિયાન તો આલ્કોહોલનું સેવન શરીર માટે વધારે જોખમી સાબિત થાય છે. દારૂ પીધા પછી પેશાબ વારંવાર જવું પડે છે અને તેનાથી શરીરનું પાણી પણ ઓછું થવા લાગે છે. જો ઉનાળામાં તમે દારૂ પીવો છો તો હિટ સ્ટ્રોકનું કારણ પણ તે બની શકે છે.





### ચા કે કોફી

મૂડ ફ્રેશ કરવા માટે ચા કે કોફી સૌથી વધુ પીવાય છે સવારની શરૂઆત પણ ચા અથવા તો કોફી સાથે થતી હોય છે પરંતુ ઉનાળા દરમિયાન કેફિનનું સેવન મર્યાદિત માત્રામાં કરવું જોઈએ. જો વધારે પ્રમાણમાં કેફિન શરીરમાં જાય છે તો તે શરીરને વધારે ગરમ કરે છે અને ડીહાઈડ્રેશનનું કારણ બને છે.

# સ્વાસ્થ્ય માટે વરદાન છે કાળી દ્રાક્ષ

ગરમીની શરૂઆતની સાથે જ દ્રાક્ષની સિઝન પણ શરૂ થઈ ગઈ છે. માર્કેટમાં કાળી અને લીલી એમ બે પ્રકારની દ્રાક્ષ જોવા મળે છે. દ્રાક્ષ વિટામીન સીનો સૌથી સારો સોર્સ છે. આ સિઝનમાં દ્રાક્ષ ખાવાથી શરીરની ઈમ્યુનિટી વધે. આ સિવાય દ્રાક્ષ ફાઈબરથી ભરપૂર હોય છે તે પાચનતંત્રને પણ મજબૂત બનાવે છે. દ્રાક્ષ ખાવાથી બ્લડપ્રેશરના દર્દીને પણ ફાયદો થાય છે. દ્રાક્ષમાં પોટેશિયમ, મેગ્નેશિયમ પૂરતા પ્રમાણમાં હોય છે જે હાર્ટ હેલ્થને સુધારે છે. તેમાં રહેલા એન્ટી ઓક્સિડન્ટ વાયરલ બીમારીઓ સામે લડવામાં મદદ કરે છે. દ્રાક્ષ ખાવાથી ઈમ્યુનિટી સ્ટ્રોંગ થાય છે. દ્રાક્ષ ખાવાથી શરીરને આ બધા જ ફાયદા થાય છે. પરંતુ તેમ છતાં મનમાં પ્રશ્ન રહે છે કે કાળી અને લીલી બે દ્રાક્ષમાંથી સૌથી વધારે ફાયદાકારક કઈ દ્રાક્ષ હોય છે. તો આજે તમને જણાવીએ કાળી દ્રાક્ષ થતા ફાયદા વિશે.



### કાળી દ્રાક્ષ ખાવાથી થતા ફાયદા

- કાળી દ્રાક્ષમાં કેલરી ઓછી હોય છે અને ફાયબર વધારે હોય છે. કાળી દ્રાક્ષ ખાવાથી લાંબા સમય સુધી પેટ ભરેલું રહે છે અને તેનાથી ઓવર ઈટિંગ અટકી જાય છે. કાળી દ્રાક્ષ ખાવાથી વજન નિયંત્રણમાં રહે છે.
- કાળી દ્રાક્ષ પોષક તત્વથી ભરપૂર હોય છે જે હાર્ટને હેલ્ધી બનાવે છે. તેમાં રહેલા એન્ટિઓક્સિડન્ટ કાર્ડિયો વેસ્ક્યુલર ડિસીઝથી શરીરનું રક્ષણ કરે છે. તેનાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રાખવામાં મદદ મળે છે.
- કાળી દ્રાક્ષ ફાઈબરથી ભરપૂર હોય છે જે પાચન ક્રિયાને સુધારે છે. તેનું સેવન કરવાથી કબજિયાતની તકલીફ મટે છે અને અપચો પણ થતો નથી.

# શરીરમાં સતત રહેતો હોય દુખાવો તો આ 3 આયુર્વેદિક નુસખાથી તુરંત મળશે આરામ

આજના સમયમાં દરેક વ્યક્તિનું જીવન ઘડિયાળના કાંટે દોડે છે. ઓફિસનું કામ ઘરની જવાબદારીઓ અને ક્યારેય ન પૂરી થતી સમસ્યા વચ્ચે લાઈફને બેલેન્સ કરવામાં જીવન પસાર થાય છે. આ બધી જ વસ્તુઓને બેલેન્સ કરવાની પાછળ લોકો પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપી શકતા નથી. જેના કારણે જ નાની ઉંમરમાં શરીરમાં કેટલીક બીમારીઓ ઘર કરી જાય છે. જેમાં સૌથી સામાન્ય છે શરીરના દુખાવા. ઘણા લોકોને હાથ પગમાં દુખાવો રહેતો હોય છે તો ઘણાને કમરમાં દુખાવો, કેટલાક લોકો ઘૂંટણની સમસ્યાથી પરેશાન હોય છે. પરંતુ શું તમે જાણો છો કે શરીરના આ પ્રકારના દુખાવાનો કાયમી ઈલાજ આયુર્વેદમાં છે ? આયુર્વેદમાં આ સમસ્યાઓ થવાના કારણ અને તેના નિવારણ બંને વિશે જણાવવામાં આવ્યું છે. આયુર્વેદ અનુસાર શરીરમાં રહેતા અલગ અલગ પ્રકારના દુખાવા વાત દોષના કારણે હોય છે. આ પ્રકારની સમસ્યાને દૂર કરવી હોય તો ત્રણ સરળ ઉપાય કરી શકાય છે. આ ત્રણ આયુર્વેદિક નુસખા શરીરના દુખાવાને કાયમ માટે દૂર કરી શકે છે.



1 આયુર્વેદ નિષ્ણાતો જણાવે છે કે જો શરીરમાં દુખાવાની સમસ્યા હોય તો કાચી વસ્તુઓ અને સૂકું ભોજન ખાવાનું ટાળવું જોઈએ. કાચી વસ્તુઓના પાચનમાં પાચનતંત્રને વધારે મહેનત કરવી પડે છે. સાથે જ શરીરમાં ડ્રાઈનેસ પણ વધે છે. શરીરમાં ડ્રાઈનેસ વધી જવાથી શરીરમાં દુખાવાને લઈને સેન્સિટીવીટી વધી જાય છે. તેથી આયુર્વેદમાં જણાવવામાં આવ્યું છે કે કાચી વસ્તુઓ ખાવાને બદલે ગરમ પકાવેલી અને તરલ પદાર્થ વાળી વસ્તુઓ ખાવી જોઈએ. સૂકું અને કાચું ભોજન ખાવાથી શરીરમાં દુખાવાની સમસ્યા વધી શકે છે. દાખલા તરીકે જો તમે દિવસ દરમિયાન એક વાટકી દલીયા ખાવ છો તો તેનાથી શરીરના દુખાવાને દૂર કરવામાં મદદ મળશે.

2 લીંબુ, ટામેટા, આમલી, વિનેગર, સંતરા જેવી ખાટી વસ્તુઓ પણ દુખાવા પ્રત્યેની સેન્સિટીવીટી વધારી શકે છે. તેથી શરીરમાં દુખાવાની સમસ્યા રહેતી હોય તેમણે શક્ય હોય ત્યાં સુધી ખાટા પદાર્થોનું સેવન કરવાનું ટાળવું જોઈએ. ખાટા પદાર્થો શરીરની નર્વસ સિસ્ટમને વધારે સેન્સિટીવ બનાવી દે છે જેના કારણે દુખાવા પણ વધે છે.

3 શરીરના સાંધાના દુખાવાની સમસ્યાને દૂર કરવી હોય તો જરૂર અનુસાર નાળિયેરનું તેલ, ઓલિવ ઓઈલ કે પછી બદામનું તેલ લઈ તેમાં લસણની થોડી કડી ઉમેરી બરાબર ઉકાળી લેવું. હવે આ તેલને ઠંડુ કરી બોટલમાં ભરી લેવું. નિયમિત રીતે આ તેલથી સાંધા પર માલિશ કરી 20 મિનિટ માટે તડકામાં બેસવું. આ કામ નિયમિત કરી લેવાથી સાંધાના દુખાવા મટે છે અને મસલ્સ તેમજ નસ મજબૂત થાય છે.

# હોળી રમવા ઘરે જ બનાવો ફુલમાંથી નેચરલ રંગ, સ્કીન, આંખ અને વાળને નહીં કરે નુકસાન

ગણતરીના દિવસોમાં હોળીનો તહેવાર આવી જશે. હોળીનો તહેવાર ધામધૂમથી ઉજવવા માટે તૈયારીઓ પણ શરૂ થઈ ચૂકી હોય છે. હોળીનો તહેવાર રંગ ગુલાલનો તહેવાર છે. આ દિવસે લોકો એકબીજાને રંગ લગાડીને તહેવારની ઉજવણી કરે છે. માર્કેટમાં અત્યારથી જ હોળીના રંગો પણ દેખાવા લાગ્યા છે. પરંતુ ઘણા લોકોને હોળી રમવામાં એક ચિંતા સતાવે છે કે કેમિકલ યુક્ત રંગથી તેમની સ્કીન, આંખ અને વાળ ડેમેજ થઈ જશે. જો તમને આવી ચિંતા સતાવતી હોય તો આ વખતે તમે ચિંતા મુક્ત થઈને હોળી રમી શકો છો. હોળી રમવા માટે તમે ઘરે જ પ્રાકૃતિક રંગ તૈયાર કરી શકો છો. ઘરે બનાવેલા આ રંગ તમારી સ્કિન આંખ કે વાળને કોઈ નુકસાન નહીં કરે. આ રંગને સાફ કરવામાં વધારે પાણીની જરૂર પણ નહીં પડે. તમે ઘરે સરળતાથી કેટલાક ફૂલોની મદદથી નેચરલ રંગ તૈયાર કરી શકો છો. તો ચાલો તમને પણ જણાવીએ કે કયા કયા ફૂલથી હોળીના રંગ તૈયાર કરી શકાય છે.

- અપરાજિતાના બ્લુ રંગના સુંદર ફુલની મદદથી તમે બ્લુ ગુલાલ બનાવી શકો છો. નેચરલ ગુલાલમાં આ ફૂલને મિક્સ કરવાથી બ્લુ ગુલાલ બનાવી શકો છો અથવા તો તેને પાણીમાં મિક્સ કરીને બ્લુ કલરનો રંગ તૈયાર કરી શકો છો.
- ગલગોટાના પીળા અને કેસરી ફૂલથી પણ સુંદર કલર બની શકે છે. આ ફૂલ ખુબ જ સરળતાથી તમને મળી પણ જશે. પૂજામાં ઉપયોગ થયેલા આ ફૂલ નો પણ તમે રંગ બનાવવામાં ઉપયોગ કરી શકો છો. તેના માટે રાત્રે પાણીમાં ગલગોટા ના ફૂલની પાંદડીઓને પલાળી દેવી. સવાર સુધીમાં પીળો અને કેસરી રંગ તૈયાર થઈ જશે.

# મમ્મીથી છુપાવીને પપ્પા સોનાનાં ઘરેણાં લાવ્યાં...

પપ્પાની નનામી ની વિધિ કરાવતા કરાવતા ગોરદાદા ને એ જૂના દિવસો યાદ આવ્યાં જ્યારે બધી દિકરીઓ નાની હતી ને જોશી સાહેબ યુવાન હતા અને મૃત્યુ ના ચાર મહિના પહેલા ગોરદાદા ને મળવા બોલાવ્યા ત્યારે પપ્પા એ ગોર દાદા ને સૂચવ્યું હતું કે કદાચ મૃત્યુ પામે તો એ વખતે એમની અંતિમ વિધિઓ કોની પાસે કરાવવી વગેરે સૂચના આપી હતી... ગોરદાદા બોલ્યાં કે જોશી સાહેબ ને મુખાગ્નિ વિભા આપશે ને બીજી દિકરીઓ એનો હાથ પકડી રાખશે. ઘરેથી નનામી નીકળશે ત્યારે પણ એમ્બ્યુલન્સ સુધી દિકરીઓ કાંધ આપશે એવી ઈચ્છા સાહેબ ની હતી.સાહેબ માટે તો એની દિકરીઓ સાચા હીરા જેવી છે. પિતા એના સંતાન ની ખુશીઓ માટે કેટકેટલા પ્રયત્નો કરે છે એ મે જોશી સાહેબ ના જીવનની નજીક રહીને જોયું છે.એ સંજુ ની માંદગી ના સમયે હોય કે પછી એ સાજી થઈ ગઈ પછી ફરી ધામધૂમથી લગ્ન કરાવીને સાસરે મોકલી ત્યારનો પ્રસંગ હોય. મીનું એ જ્યારે અભિ સાથે કોર્ટ મેરેજ કર્યા ત્યારે એને સૌથી વધારે આઘાત લાગ્યો હતો.પરંતુ જ્યારે ખબર પડી કે અભિ એ વિનોદ કાકાનો દીકરો છે ત્યારે બન્ને ના લગ્ન ને અપનાવી લીધા હતા.મીનું સૌથી મોટી દીકરી એટલે એ એવું ઈચ્છતા હતા કે એ એના લગ્ન ખુદની પસંદ ના છોકરા સાથે કરે.

સંજુના લગ્ન એ ક્યારેય અપનાવવા તૈયાર નહતા,વળી એ વખતે તો એ સંજુથી ભારે નારાજ હતા.એની તબિયત પણ એ વખતે ખૂબ બગડી ગઈ હતી.પરંતુ જ્યારે મેં એને દેવેન ના જન્મ ના દસ દિવસ પછી દિલ્હીથી ફોન કરીને જણાવ્યું હતું કે સંજુ એ બે સુંદર બાળકોને જન્મ આપ્યો છે ત્યારે એ બધી શિકાયત ભૂલીને વિનોદકાકા સાથે કોઈને કશું જણાવ્યા વગર પોહચી ગયા હતા.કેતુ બોલ્યો કે કાકા જ્યારે ઘરે આવ્યા ત્યારે મારું ફેમિલી તો ખૂબ ખુશ થયું હતું,પરંતુ સંજુ,પપ્પાથી નારાજ હતી એટલે એ ત્યાંથી નીકળી ગયા હતા.

મમ્મીથી છુપાવીને રાધિકા અને રાઘવ માટે સોનાના ચેન, ચાંદીનો કંદોરો, પાયલ વગેરે આશીર્વાદ રૂપે લાવ્યા હતા.પપ્પા દિલ્હી આવ્યા હતા એ વાત મમ્મી ને સંજુ ટ્રીટમેન્ટ માટે અમદાવાદ આવી ત્યારે ખબર પડી હતી. મે પપ્પા આગળ માફી માગી ત્યારે પપ્પા નાં શબ્દો હતા કે બેટા,દીકરીનો બાપ છું એટલે એ વખતે તમારા નિર્ણયથી ખૂબ દુઃખી હતો,પરંતુ રૂબરૂ આવીને જોયું કે મારી દીકરીને તો મારાથી વધારે પ્રેમ અને દેખભાળ કરવાવાળું કુટુંબ મળીયું છે ત્યારે જ તમને માફ કરી દીધા હતા.

'ગોરદાદા બોલ્યાં કે જોશી સાહેબ એ દીકરીઓને બાળપણ થીજ ખૂબ ખુશહાલ જીવન આપ્યું છે એટલે એની ચિંતા એ રહેતી કે જ્યાં સુધી ઘરે છે ત્યાં સુધી તો કોઈ આચ નહિ આવવા દઈશ.છોકરીઓને ખબર નહિ કેવા સાસરિયા મળશે ને ત્યાં દુઃખી થશે તો શું કરીશ?

'મીનુનાં લગ્ન હોય કે નાની દીકરી રેવતી ના બધાના લગ્ન બાદ એ કહેતા હતા કે 'દાદાભાઈ,છોકરીઓ સાસરે જાય છે ત્યારે મને તો મારા શરીરના અંગો કપાયા હોય એવું દર્દ થાય છે.શું થાય સમાજની બનાવેલ વ્યવસ્થા ના



**મારા પપ્પાનું વિશ્વ**
**- રુપાલી દવે**

કારણે દીકરીઓને સાસરે મોકલવી પડે છે.'

પાંચેય દીકરીઓનાં લગ્ન બાદ મે વિભા ના હોસ્પિટલ નાં ઉદઘાટન વખતે પૂછ્યું હતું કે સાહેબ બધી દીકરીઓનાં લગ્ન કરી નાખ્યાં એમ વિભા ના લગ્ન સારો છોકરો શોધી કરી નાખો,તમે કહો તો વિભા ને લાયક બે મુરતિયા ના માગા મારી પાસે છે ત્યાં વાત ચાલવું..

સાહેબે રીતસર તાડુકી ને કીધું હતું વિભા ને સાસરે એ ક્યારેય નહી મોકલે,મારી દીકરીનું જીવન મુક્ત આઝાદ પક્ષી જેવું છે એને લગ્નના પાજરા માં પૂરીને એનો શ્વાસ રુંધવવા નથી માગતો. દાદાભાઈ,એવું પણ નથી કે એને એકલી જીવવા માટે છોડી દઈશ,પરંતુ વિભા ખુદ લગ્ન કરવા ક્યારેય નથી માગતી.જ્યારે એ અવિનાશ ની સાથે લગ્ન કરવા તૈયાર થઈ ત્યારે સૌથી વધારે હું ખુશ થયો હતો.પરંતુ અવિનાશ એના જીવન ને બાંધી દેવા માગતો હતો,મારી દીકરીઓને એના સાસરિયાં એના પરિવારમાં બાંધી ને રાખવા માગે ત્યારે હું એ ભૂલી જાવ છું કે સામે એમના સાસરિયાં ઊભા છે.

ગોરદાદા,જોશી સાહેબ સાથે વિતાવેલ દિવસો યાદ કરતા કરતા ખુદ ચોધાર આંસુડે રડવા લાગ્યા.કૃષ્ણાશ્રય ની વર્ષોથી નાની હોય કે મોટી દરેક પૂજા કરાવી છે પરંતુ મે ક્યારેય મારી દક્ષિણા કેટલી છે એ કીધું નથી ને જોશી સાહેબ એ પૂછ્યું નથી. પૂજાના અંતે દક્ષિણા ના રૂપિયાનું કવર આપતા હતા.કવર માં ના રૂપિયા દક્ષિણા કરતા ખૂબ વધારેજ નીકળતા હતા જમાઈઓ સામે જોઈને બોલ્યાં કે સાહેબ સાથે નાતો જોડીનેતમે અને તમારા પરિવાર ના લોકોનો ખૂબ નશીબદાર છે.સાહેબ તો ભગવાનનું માણસ હતા.

'કૃષ્ણાશ્રય ની બહાર ' શ્રી કૃષ્ણ શરનમ મમ: ' મંત્ર નો ધ્વનિ સંભળાઈ રહ્યો હતો.કુટુંબીઓ અને સગવહલા નાં મુખ પર વાક્યો હતા કે જોશી સાહેબ ના મૃત્યુ બાદ છોકરીઓનું શું થશે? દીકરીઓને તો એના પપ્પા માટે ખૂબ લાગણીઓ છે. જોષી સાહેબ ની મરવાની ઉમર ક્યાં હતી? વળી એને તો કોઈ એવો મોટો રોગ પણ થયો નહતો.તો પછી આમ અચાનક કેમ મૃત્યુ પામ્યા હશે?

# ઘરમાં રહેલી આ વસ્તુઓથી ચહેરા પર મેળવો ઈન્સ્ટન્ટ ગ્લો, 24 કલાક ચહેરો દેખાશે ફ્રેશ

દોડધામ ભરેલી લાઈફ સ્ટાઈલના કારણે લોકો પોતાના માટે પણ સમય કરી શકતા નથી. ખાસ કરીને જે મહિલાઓ ઘર અને ઓફિસ બંને સંભાળતી હોય તેમના માટે સ્કીન કેર માટે સમય કાઢવો મુશ્કેલ હોય છે. આ રીતે સતત દોડધામ કરતી મહિલાઓના ચહેરા પર સતત થાક જોવા મળે છે. કહેવામાં જો કોઈ પાર્ટી કે લગ્ન પ્રસંગમાં જવાનું થાય તો ચહેરા પર ગ્લો દેખાતો નથી. જો આવું તો મારી સાથે પણ થતું હોય તો આજે તમને કેટલીક એવી વસ્તુઓ વિશે જણાવીએ જેનો ઉપયોગ કરવાથી ચહેરા પર ઈન્સ્ટન્ટ ગ્લો આવે છે. જો તમારે પણ અચાનક ક્યાંય જવાનું થાય અથવા તો થોડો સમય મળે તો આ વસ્તુઓનો ઉપયોગ ત્વચા પર કરવો તેનાથી ચહેરાનો ગ્લો વધી જશે અને 24 કલાક ચહેરો ફ્રેશ દેખાશે.



## ચહેરા પર ઈન્સ્ટન્ટ ગ્લો લાવતા ફેસપેક

**કાચું દૂધ :** ચહેરા પર ઈન્સ્ટન્ટ ગ્લો લાવવા માટે અને સ્કીન કેર કરવા માટે કાચું દૂધ સૌથી બેસ્ટ છે. પ્રદૂષણ અને તડકાના કારણે સ્કીન ડલ થઈ ગઈ હોય તો તેના પર કાચું દૂધ લગાડવું જોઈએ. કાચુ દૂધ ચહેરા પર લગાડીને મસાજ કરવાથી ડેડ સ્કેન સેલ્સથી છુટકારો મળે છે અને ચહેરા પર ગ્લો આવે છે.

**ટમેટા :** ચહેરા પર ટમેટા લગાડવાથી પણ ફાયદો થાય છે. ટમેટાને કાપીને તેનાથી ચહેરા પર મસાજ કરવાથી ચહેરા પર ગ્લો વધે છે અને સ્કિન પર શાઈન આવે છે. ટમેટા વિટામીન સી થી ભરપૂર હોય છે, જે ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. તમે ટમેટાની પેસ્ટ બનાવીને પણ ચહેરા પર અપ્લાય કરી શકો છો.

# KGF ફેમ યશની ફિલ્મમાં બેબો કામ કરશે

## એક્ટ્રેસે ફેન્સ સાથે વાત-વાતમાં મ્હોર મારી, 'ટોક્સિક' ફિલ્મથી કન્નડમાં ડેબ્યૂ કરશે



### ફિલ્મનું બજેટ 100 કરોડ રૂપિયા હશે

'KGF' સિરીઝની જેમ આ ફિલ્મ પણ એક્શન થ્રિલર હશે. સૂત્રોએ જણાવ્યું- યશ પોતે પણ આ ફિલ્મમાં નિર્માતા હશે. તે 100 કરોડથી વધુના બજેટમાં પણ લગાવવામાં આવી રહ્યું છે. યશને ફિલ્મનો પ્લોટ એટલો ગમ્યો છે કે તે હાલમાં અન્ય પ્રોજેક્ટ્સને બાજુ પર રાખીને તેનું સંપૂર્ણ ધ્યાન તેના પર કેન્દ્રિત કરી રહ્યો છે. ડ્રગ્સ અને રશિયન માફિયાઓ સાથે જે પણ હિપ્પી સંસ્કૃતિ હતી - તે બધું જ ફિલ્મમાં બતાવવામાં આવશે.

### 'KGF 2'નું જબરદસ્ત કલેક્શન હતું...

યશ આ પહેલાં 'KGF 2'માં જોવા મળ્યો હતો. પ્રશાંત નીલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મે વિશ્વભરમાં 1200 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. યશે દોઢ-બે વર્ષ પછી તેની નવી ફિલ્મ 'ટોક્સિક'ની જાહેરાત કરી છે.

KGF ફેમ યશ સ્ટારર ફિલ્મ 'ટોક્સિક' ચર્ચામાં છે. આ ફિલ્મ આવતા વર્ષે એપ્રિલમાં રિલીઝ થશે. આવી સ્થિતિમાં હવે આ ફિલ્મ વિશે એક નવું અપડેટ હાલમાં જ સામે આવ્યું છે. 'ટોક્સિક'માં યશની સામે કરીના કપૂર જોવા મળશે. આ વાતની પુષ્ટિ ખુદ કરીના કપૂરે કરી છે.
કરીના કપૂરે હાલમાં જ ઝૂમ સાથે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું કે તે એક મોટા બજેટ સાઉથની ફિલ્મમાં જોવા મળશે. આ પાન ઈન્ડિયા ફિલ્મ હશે. કરીના કપૂરે વાતચીત દરમિયાન કહ્યું- હાલમાં જ મેં કહ્યું, હું સાઉથની એક મોટી ફિલ્મ કરવા જઈ રહી છું. આ એક પાન ઈન્ડિયા મૂવી હશે, પરંતુ હું તે નથી જાણતી કે ફિલ્મનું શૂટિંગ ક્યાં થશે. પરંતુ હું મારા ફેન્સને જણાવતા ખૂબ જ ઉત્સાહિત છું કે હું પ્રથમ વખત આ પ્રકારના પ્રોજેક્ટ સાથે જોડાઈ રહી છું.
જોકે કરીના કપૂરે ફિલ્મનું નામ જાહેર કર્યું નથી, પરંતુ સાઉથની એક મોટી ફિલ્મ વિશે બેબોની આ વાત સીધી 'ટોક્સિક' તરફ ઈશારો કરે છે. ફેન્સે આ વીડિયો ક્લિપ જોતાની સાથે જ અનુમાન લગાવવાનું શરૂ કર્યું કે કરીના અન્ય કોઈ નહીં પણ યશ સ્ટારર 'ટોક્સિક' ફિલ્મ વિશે વાત કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ મામલે હજુ સુધી મેકર્સ તરફથી કોઈ ઓફિશિયલ જાહેરાત આવી નથી.
યશ આ પહેલાં 'KGF 2'માં જોવા મળ્યો હતો. પ્રશાંત નીલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મે વિશ્વભરમાં 1200 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. યશે દોઢ-બે વર્ષ પછી તેની નવી ફિલ્મ 'ટોક્સિક'ની જાહેરાત કરી છે. ફિલ્મ 'ટોક્સિક' ગોવાના બેકગ્રાઉન્ડ પર આધારિત હશે. KGFની જેમ આ પણ પીરિયડ ક્રાઈમ ડ્રામા હશે. 60ના દાયકામાં ગોવામાં રશિયન અને ડ્રગ્સ માફિયાઓની ઘૂસણખોરી હતી. યશનો રોલ ત્યાંના રશિયન વર્ચસ્વને કેવી રીતે પડકારશે - ફિલ્મની વાર્તા આની આસપાસ વણાયેલી હશે.

# સિદ્ધુ મૂસેવાલાના ઘરે ફરી ગુંજી કિલકારી...

## 58 વર્ષની વયે માતા ચરણ કૌરે પુત્રને જન્મ આપ્યો, પિતાએ શેર કરી તસવીર; મૂસેવાલાના ચાહકોમાં ખુશીની લહેર ...



પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાના ઘરે ફરી એકવાર કિલકારી ગુંજી ઉઠી છે. તેના માતા ચરણ કૌરે એક પુત્રને જન્મ આપ્યો છે. મૂસેવાલાના પિતા બલકૌર સિંહે પોતે સોશિયલ મીડિયા પર આ માહિતી જણાવી છે. ગાયક સિદ્ધુ મૂસેવાલા તેના માતા-પિતા - 58 વર્ષીય માતા ચરણ કૌર અને 60 વર્ષીય બલકૌર સિંહનો એકમાત્ર સંતાન હતો સિદ્ધુ મૂસેવાલાના પિતા બલકૌર સિંહે તેમના નાના પુત્રની તસવીર શેર કરતા લખ્યું, 'શુભદીપને પ્રેમ કરનારા લાખો આત્માઓના આશીર્વાદથી અનંત ભગવાને શુભના નાના ભાઈને અમારા ખોળામાં બેસાડ્યો છે. ઈશ્વરના આશીર્વાદથી પરિવાર સ્વસ્થ છે અને તમામ શુભેચ્છકોના અપાર પ્રેમ બદલ હું આભારી છું.
જાણીતા પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની વર્ષ 2022માં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સિદ્ધુ મૂસેવાલા તેના માતા-પિતાનો એકમાત્ર સંતાન હતો. આવી સ્થિતિમાં પરિવારના વારસદાર માટે તેના માતા-પિતાએ આઈવીએફ ટેકનીક દ્વારા ગર્ભ ધારણ કરવાનો નિર્ણય લીધો હતો. સિદ્ધુના ભાઈના જન્મના સમાચાર સામે આવતા જ મૂસેવાલાના ચાહકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. સિદ્ધુના પિતાની આ પોસ્ટને લાખો ચાહકો લાઈક્સ કરી રહ્યા છે.

# સિંગર એડ શીરને પર્ફોર્મ કર્યું

## દિલજિત દોસાંજ સાથે પંજાબી ગીત ગાતો જોવા મળ્યો, ફેન્સે આપ્યું કંઈક આવું રિએક્શન



ગઈકાલે એટલે કે શનિવારે રાત્રે પ્રખ્યાત સિંગર એડ શીરને મુંબઈમાં પર્ફોર્મ કર્યું હતું. સિંગરે મુંબઈમાં મહાલક્ષ્મી રેસકોર્સમાં પર્ફોર્મ કર્યું હતું.

એડ શીર ને સ્ટેજ પર દિલજિત દોસાંજે સાથે હાથ મિલાવ્યા હતા. જ્યારે દિલજિત તેનું પ્રખ્યાત ગીત 'લવર' ગાતો જોવા મળ્યો હતો, ત્યારે એડ શીરન ગિટાર વગાડતો જોવા મળ્યો હતો. પરંતુ જેમ જ દિલજીત તેમની નજીક આવે છે,એડ શીરન પણ તેના 'લવર' ગીતની મજા માણતો અને ગાતો જોવા મળે છે. શીરનને આ રીતે ગાતા જોઈને દિલજીત પણ ચોંકી જાય છે.
એડ શીરન અને દિલજીતની આ જુગલબંધી જોઈને ફેન્સ ખુશીથી ઉછળતા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર લોકોએ જોરદાર કમેન્ટ કરી. જ્યાં એક યુઝરે લખ્યું- આ અત્યાર સુધીનો બેસ્ટ સહયોગ હતો. જ્યારે અન્ય એક યુઝરે લખ્યું- મજા આવી. ફેમસ સિંગર બાદશાહે લખ્યું- દિલજીત ભાઈએ ED પાજીને ગિટારવાદક બનાવ્યા. વરુણ ધવને પણ કમેન્ટ કરી અને લખ્યું- ગ્લોબલ ડોમિનેશન.
મુંબઈ આવ્યા બાદ એડ શીરન બોલિવૂડ સેલેબ્સ સાથે પાર્ટી કરતો જોવા મળ્યો હતો. કિંગ ખાને ઈન્સ્ટાગ્રામ પર એડ શીરન સાથેનો એક વીડિયો શેર કર્યો હતો. વીડિયોમાં શાહરુખ એડ શીરનને સિગ્નેચર પોઝ શીખવતો જોવા મળ્યો હતો.
એડ શીરનની બીજીવાર ભારતની મુલાકાતે છે. આ પહેલાં 2017માં ભારતની મુલાકાત પણ લીધી હતી, જ્યાં તેમણે મુંબઈમાં પોતાનો કોન્સર્ટ કર્યો હતો.

# યોદ્ધાએ બે દિવસમાં કરી 10.26 કરોડ રૂપિયાની કમાણી

## 'બસ્તર'ના કલેક્શનમાં 65%નો ઉછાળો, 'શૈતાન'એ બીજા શનિવારે કર્યો 8.50 કરોડનો બિઝનેસ...




સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોદ્ધા'ની કમાણીમાં બીજા દિવસે 41.41%નો વધારો થયો છે. ફિલ્મે શુક્રવારે 4 કરોડ 25 લાખ રૂપિયાની કમાણી કરી હતી, જ્યારે શનિવારે તેણે 6.01 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ સાથે ફિલ્મે બે દિવસમાં 10 કરોડ 26 લાખ રૂપિયાની કમાણી કરી લીધી છે.
બીજી તરફ, 'યોદ્ધા' સાથે રિલીઝ થયેલી અદા શર્મા સ્ટારર ફિલ્મ 'બસ્તર'ના કલેક્શનમાં પણ બીજા દિવસે 65%નો વધારો જોવા મળ્યો હતો. ઈન્ડસ્ટ્રીના ટ્રેકર સેકનિલ્કના જણાવ્યા અનુસાર ફિલ્મે શુક્રવારે 40 લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. અને શનિવારે તેણે 65 લાખ રૂપિયાની કમાણી કરી હતી. ફિલ્મે બે દિવસમાં 1 કરોડ 15 લાખ રૂપિયાની કમાણી કરી લીધી છે. ફિલ્મની ઓક્યુપન્સી 12.58% હતી. 'શૈતાન' એ તેના બીજા શનિવારે 8 કરોડ 50 લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ રીતે બીજા સપ્તાહમાં ચાલી રહેલી આ ફિલ્મે શનિવારે રિલીઝ થયેલી બે નવી ફિલ્મો કરતાં વધુ કમાણી કરી છે. આ ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર અત્યાર સુધીમાં 93 કરોડ 30 લાખ રૂપિયાની કમાણી કરી છે.
'શૈતાન'ના વર્લ્ડવાઈડ કલેક્શનની વાત કરીએ તો શુક્રવાર સુધી ફિલ્મે દુનિયાભરમાં 125 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ભારતીય બોક્સ ઓફિસ પર તેનું નેટ કલેક્શન 86 કરોડ 72 લાખ રૂપિયા હતું.
આ તમામ ફિલ્મોમાં યામી ગૌતમ અભિનિત 'આર્ટિકલ 370' એ વિશ્વભરમાં 100 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. ચોથા સપ્તાહમાં ચાલી રહેલી આ ફિલ્મે શનિવારે 1 કરોડ 20 લાખ રૂપિયાની કમાણી કરી હતી. તેણે ભારતીય બોક્સ ઓફિસ પર અત્યાર સુધીમાં 71 કરોડ 11 લાખ રૂપિયાનું કલેક્શન કર્યું છે.

# ઉ અંટાવા ગીતના શૂટિંગ દરમિયાન થરથર ધ્રૂજતી હતી

સામંથા રૂથ પ્રભુનું 'ઉ અંટાવા' વર્ષ 2021નું પ્રખ્યાત ગીત સાબિત થયું છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો હતો કે ગીતના પહેલા શૉટ દરમિયાન તે ધ્રૂજતી હતી. ફરીથી ડાન્સ નંબર નહીં કરવાનો પણ નિર્ણય લગભગ લઈ જ લીધો છે.
ઈન્ડિયા ટુડે કોન્ક્લેવ 2024માં સામંથાએ ખુલાસો કર્યો કે 'ઉ અંટાવા' કરવાનો અને 'ધ ફેમિલી મેન'માં રાજીની ભૂમિકા ભજવવાનો નિર્ણય સમાન હતો. તેઓને બહારના પ્રભાવ વિના પોતાના



નિર્ણયો લેવાની સ્વતંત્રતા ગમે છે. સામંથાએ કહ્યું કે તેણે 'ઉ અંટાવા' કરવાનું પસંદ કર્યું કારણ કે તે પર્ફોર્મન્સમાં નવી સ્ટાઈલ કરવા માગતી હતી. જોકે શરૂઆતમાં તે ગીતથી અસ્વસ્થતા અનુભવતી હતી. તેમને પોતાની જાત પર ભરોસો ન હતો.
સામંથાએ કહ્યું- મેં હંમેશા એ વિચાર સાથે કામ કર્યું છે કે હું એટલી સારી નથી. હું સુંદર દેખાતી નથી. હું અન્ય છોકરીઓ જેવી દેખાતી નથી. તેથી મારા માટે તે એક મોટો પડકાર હતો. હકીકતમાં જ્યારે 'ઉ અંટાવા'નો પહેલો શોટ શૂટ થયું ત્યારે હું ભયથી ધ્રૂજતી હતી કારણ કે મારા માટે સેક્સી દેખાવું સરળ નહોતું. આ ગીત પરફોર્મ કરવું એ કંઈક એવું હતું.

# રાજ કુમાર રાવને નવી ગેંગસ્ટર આધારિત ફિલ્મ માટે સાઈન કરાયો



રાજકુમાર રાવને એક ગેંગસ્ટર પર આધારિત ફિલ્મ માટે સાઈન કરાયો છે. આ ફિલ્મનું દિગ્દર્શન અગાઉ રાજકુમાર રાવને લઈ બોઝ ડેડ ઔર અલાઈવબનાવનારા દિગ્દર્શક પુલકિત કરવાના છે. પુલકિતે જ બનાવેલી ભૂમિ પેડનેકરની ભક્ષક ફિલ્મ હાલમાં જ રિલીઝ થઈ છે. જોકે, આ ફિલ્મમાં રાજકુમાર રાવના રોલ વિશે કોઈ ચોક્કસ વિગતો જાહેર કરવામાં આવી નથી. આ કયા ગેંગસ્ટરની વાત છે, ફિલ્મનું ટાઈટલ શું હશે તથા અન્ય કલાકારો કોણ હશે તેની જાહેરાત પણ હાલના તબક્કે કરવામાં આવી નથી. આ ફિલ્મ આગામી મહિનાઓમાંફ્લોર પર જાય તેવી સંભાવના છે. રાજકુમાર રાવ આ પહેલાં પણ કેટલાક એક્શન રોલ કરી ચૂક્યો હોવાથી તેના માટે આ ભૂમિકા સહજ હશે તેમ માનવામાં આવે છે. રાજકુમાર રાવ આ વર્ષે શ્રદ્ધા કપૂર સાથેની સ્ત્રી ટૂ ફિલ્મ પર મોટો મદાર રાખી રહ્યો છે.

# કરીના, ક્રિતિ અને તબ્બુ સ્ટારર ફિલ્મ 'ક્રૂ'નું ટ્રેલર રિલીઝ થયું

## ત્રણેય અભિનેત્રીઓ મનોરંજનનો જબરદસ્ત ડોઝ લઈને આવી, દિલજીત અને કપિલ પણ સાથ આપશે...

કરીના કપૂર, તબ્બુ અને ક્રિતી સેનન સ્ટારર ફિલ્મ 'ક્રૂ'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ કોમેડી ફિલ્મની વાર્તા કોહિનૂર એરલાઇન્સમાં કામ કરતી ત્રણ એર હોસ્ટેસની આસપાસ વણાયેલી છે.
29 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહેલી આ ફિલ્મમાં કરીના, તબ્બુ અને ક્રિતી ઉપરાંત દિલજીત દેસાંઝ, કપિલ શર્મા અને રાજેશ શર્મા પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.
ફિલ્મના ટ્રેલરમાં બતાવવામાં આવ્યું છે કે, કરીના, તબ્બુ અને ક્રિતી કોહિનૂર એરલાઈન્સમાં કામ કરે છે જે નાદાર થઈ ગઈ છે. ત્રણેય તેમના પગાર જમા થવાની રાહ જોઈ રહ્યા છે.
આ દરમિયાન ફ્લાઈટમાં એક વૃદ્ધ મુસાફરનું મૃત્યુ થયું. ત્રણેય તે પ્રવાસી પાસેથી સોનાના બિસ્કિટ શોધી કાઢે છે. આ ફિલ્મ સોનાના બિસ્કિટ ચોર્યા પછી આ ત્રણેયને કઈ તકલીફ પડે છે અને તેઓ તેમાંથી કેવી રીતે બહાર નીકળે છે તેના વિશે છે.
ફિલ્મનું ટ્રેલર લોકોને ખૂબ જ પસંદ આવ્યું છે. સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સે કહ્યું કે, તેઓ આ કોમેડી ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. આ ઉપરાંત ઘણા યુઝર્સ ફિલ્મમાં ત્રણેય અભિનેત્રીઓની જોડીને પણ પસંદ કરી રહ્યા છે. આ ફિલ્મ એકતા કપૂર અને સનમ કપૂરની બહેન રિયા કપૂર દ્વારા સહ-નિર્માણ કરવામાં આવી છે. 2018માં રિલીઝ થયેલી 'વીરે દી વેડિંગ' પછી આ તેમની સાથેની બીજી ફિલ્મ છે. આ ફિલ્મમાં કરીના કપૂર ઉપરાંત સોનમ કપૂર, સ્વરા ભાસ્કર અને શિખા તલસાનિયા સાથે જોવા મળી હતી.

# પુલકિત-ક્રિતીએ લગાવ્યા ઠુમકા

## લગ્ન બાદ દુલ્હન ઢોલના તાલે જોરદાર ડાન્સ કરતી જોવા મળી, સાસરિયામાં એક્ટ્રેસનું શાનદાર સ્વાગત...



પુલકિત સમ્રાટ અને ક્રિતી ખરબંદા લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. કપલે 15 માર્ચે સાત ફેરા લીધા.લગ્ન દરમિયાન તેમનો પરિવાર અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. આવી સ્થિતિમાં જ્યારે પુલકિત ક્રિતી સાથે તેના ઘરે પહોંચ્યો ત્યારે બંનેનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું.
પુલકિત-ક્રિતી ઢોલના તાલે ડાન્સ કરતા જોવા મળ્યા હતા. કપલના ડાન્સનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ક્રિતી ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. ક્રિતી હાથમાં બંગડીઓ અને માથામાં સિંદૂર લગાવેલી જોવા મળી હતી. જ્યાં એક્ટ્રેસે રેડ ફ્લાવર પ્રિન્ટવાળી સાડી પહેરી હતી. પુલકિત સફેદ કુર્તા-પાયજામામાં જોવા મળ્યો હતો. પુલકિત પણ સીટી મારતો જોવા મળ્યો હતો. ક્રિતીના સાસુ અને સસરાએ પૈસાથી નજર ઉતારી હતી.
લગ્નની તસવીરો શેર કરતી વખતે ક્રિતીએ લખ્યું - વાદળી આકાશથી સવારના ઝાકળ સુધી, ઉતાર-ચઢાવમાંથી પસાર થવું, ત્યાં ફક્ત તમે જ છો. શરૂઆતથી અંત સુધી, દરેક સમયે અને પછી, જ્યારે મારું હૃદય અલગ રીતે ધબકે છે. તે તમે છો. સતત, સતત, તમે. ક્રિતીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તસવીરો શેર કરી છે, જેમાં બંને એકબીજાનો હાથ પકડેલા જોવા મળે છે. કેટલાકમાં બંને એકબીજાને ગળે લગાવી રહ્યાં છે અને ક્રિતી પુલકિતના કપાળ પર કિસ કરતી જોવા મળે છે. એક તસવીરમાં પુલકિતે ક્રિતીના ગળામાં મંગળસૂત્ર પહેર્યું છે. લગ્ન પછી ક્રિતી સિંદૂર લગાવીને ખૂબ જ સુંદર લાગી રહી હતી. ત્યાં હાજર લોકો કપલ પર ફૂલ વરસાવી રહ્યા છે.
ક્રિતી ખરબંદાએ લગ્ન માટે પેસ્ટલ પિંક લહેંગા પસંદ કર્યો હતો. પુલકિત સમ્રાટની શેરવાની પણ ખાસ હતી. તેમની શેરવાની પર ગાયત્રી મંત્ર જોવા મળ્યો હતો. ક્રિતી-પુલકિતે એકબીજાને 4-5 વર્ષ સુધી ડેટ કર્યા બાદ લગ્ન કર્યા હતા. પુલકિત સમ્રાટના આ બીજા લગ્ન છે.

# યુસુફ પઠાણ કરોડોની સંપત્તિનો માલિક, પૂર્વ ઓલરાઉન્ડર ધરાવે છે આટલી નેટવર્થ




**વડોદરામાં જન્મેલ અને ભારતીય ટીમના પૂર્વ ઓલરાઉન્ડર યુસુફ પઠાણ લોકસભાની ચૂંટણી લડવા માટે મેદાને ઉતરી રહ્યો છે. પશ્ચિમ બંગાળના બહરામપુર લોકસભા બેઠક પરથી યુસુફ પઠાણ લોકસભાની ચૂંટણી લડવાનો છે.**

વડોદરા | તા.17

41 વર્ષનો ક્રિકેટર યુસુફ પઠાણ વર્ષે દહાડે 20 કરોડ રુપિયાની આવક ધરાવે છે. જ્યારે તેની નેટવર્થની વાત કરવામાં આવે તો, 248 કરોડ રુપિયા ધરાવે છે. આમ પૂર્વ ઓલરાઉન્ડર કરોડોની સંપત્તિ ધરાવે છે. તેની પાસે ફોર્ડ એન્ડેવર અને BMW X5 કાર છે.

યુસુફ પઠાણની ટિકિટ જાહેર કરવા સાથે જ તેની ચર્ચા શરુ થઈ ચુકી છે. યુસુફ પઠાણ આમ તો ઓછુ બોલતો ક્રિકેટર મનાય છે પરંતુ હવે ચૂંટણીના પ્રચારમાં ગળા બેસે એમ ભાષણ આપતો નજર આવી શકે છે. પઠાણે ક્રિકેટમાંથી નિવૃત્ત થયા બાદ પણ કરોડોમાં આળોટે છે. તેની પાસે અઢળક સંપત્તિ છે અને વડોદરામાં મહેલ જેવો બંગ્લો ધરાવે છે. ચૂંટણી લડવા માટે ઉમેદવારી પત્ર ભરવા સાથે જ તેની મિલ્કતો અને તેની અન્ય સંપત્તિઓ સહિતની વિગતો સત્તાવાર રીતે સામે આવશે. યુસુફ પઠાણ કેટલા કરોડ-અબજનો માલિક છે એ પણ ચૂંટણી અધિકારી સમક્ષ જાહેર કરશે.કરિયર પર નજર કરવામાં આવે તો, યુસુફ પઠાણ ભારતીય ટીમ વતીથી 57 વનડે અને 52 ટી20 મેચ રમી ચૂક્યો છે.

વનડે ક્રિકેટમાં યુસુફના નામે 810 રન નોંધાયેલા છે. જેમાં 2 સદી અને 3 અડધી સદી સામેલ છે. જ્યારે 33 વિકેટ પોતાના નામે કરી છે. ટી20 ક્રિકેટમાં 22 મેચ રમીને 236 રન અને 13 વિકેટ ઝડપી છે. જ્યારે IPL માં 174 મેચ રમીને 3204 રન નોંધાવ્યા છે. આ દરમિયાન એક સદી અને 13 અડધી સદી નોંધાવી છે.

# IPLના કારણે આ ખેલાડીએ પાક. ટીમનો કોચ બનવાનો કર્યો ઈનકાર



સિડની | તા.17

આ ઓસ્ટ્રેલિયન દિગ્ગજ પાકિસ્તાન સુપર લીગ (PSL) ટીમ ક્વેટા ગ્લેડીયેટર્સનો કોચ છે. આ સિઝનમાં તેણે ટીમને કોચિંગ આપ્યું હતું. તે છેલ્લા કેટલાક અઠવાડિયાથી PCB સાથે ચર્ચામાં હતો. બોર્ડ તેને પાકિસ્તાન ટીમની મર્યાદિત ઓવરોની ટીમનો કોચ પણ બનાવવા માંગતું હતું. પરંતુ હવે આ ખેલાડીએ આ રેસમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે અને હવે તે ભારતમાં IPLમાં કોમેન્ટ્રી કરતો જોવા મળશે.પાકિસ્તાન ક્રિકેટ ટીમ નવા કોચની શોધમાં છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) આ માટે ઘણા નામો પર વિચાર કરી રહ્યું છે. પરંતુ આ દરમિયાન તેમને આંચકો લાગ્યો છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓલરાઉન્ડર શેન વોટસન ટીમના મુખ્ય કોચ બનવાની રેસમાં સૌથી આગળ હતો. એવું માનવામાં આવી રહ્યું હતું કે વોટસનનું નામ પસંદ થવું નિશ્ચિત છે, પરંતુ આ દરમિયાન વોટસને કોચ બનવાની રેસમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હોવાના સમાચાર આવ્યા હતા. વોટસને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને આપ્યો ઝટકોવોટસન પાકિસ્તાન સુપર લીગ (PCL) ટીમ ક્વેટા ગ્લેડીયેટર્સના કોચ છે. આ સિઝનમાં તેણે ટીમને કોચિંગ આપ્યું હતું. તે છેલ્લા કેટલાક અઠવાડિયાથી PCB સાથે ચર્ચામાં હતો. બોર્ડ તેને પાકિસ્તાન ટીમની મર્યાદિત ઓવરોની ટીમનો કોચ પણ બનાવવા માંગતું હતું. પરંતુ હવે વોટસન તેમાંથી બહાર છે. IPL અહેવાલ મુજબ, વોટસન પાકિસ્તાની ટીમનો કોચ ગંભીરતાથી હતો અને કામ કરવા પણ ઉત્સુક હતો. PSL ખૂબ ગમ્યું, પરંતુ પછી તેણે IPLને કારણે પોતાનો નિર્ણય બદલી નાખ્યો. રિપોર્ટ અનુસાર, વોટસને તેની હાલની કોમેન્ટ્રી અને કોચિંગ કોન્ટ્રાક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો છે. તે IPLમાં કોમેન્ટ્રી કરી રહ્યો છે.

# ગૌતમ ગંભીરે KKRના ખેલાડીઓને જે કહ્યું એ દરેક ટીમ માટે છે એક બોધપાઠ

કોલકત્તા | તા.17

કોલકાતાએ 2012 અને 2014માં આઈપીએલનું ટાઈટલ જીત્યું હતું અને મુંબઈ ઈન્ડિયન્સ-ચેન્નઈ સુપર કિંગ્સ પછી ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી સફળ ટીમ છે. આ બંને ખિતાબ ગૌતમ ગંભીરે તેની કેપ્ટનશીપમાં જીત્યા હતા અને હવે ફરી એકવાર ગંભીર 10 વર્ષ બાદ ટીમને ચેમ્પિયન બનાવવા વાપસી કરી છે. પરત ફરતાની સાથે જ ગંભીરે ખેલાડીઓને ગુરુમંત્ર આપ્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડયા પર વાયરલ થયો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ પછી ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં જો કોઈ એક ફ્રેન્ચાઈઝી સૌથી વધુ સફળ રહી હોય તો તે કોલકાતા નાઈટ રાઈડર્સ છે. આ ટીમે બે વખત IPL ટાઈટલ જીત્યું હતું પરંતુ આ બંને ટાઈટલ 10 વર્ષ પહેલા આવ્યા હતા અને ટીમ માટે બંને વખત ટ્રોફી જીતનાર કેપ્ટન ગૌતમ ગંભીર હવે આ મિશન સાથે KKRમાં પરત ફર્યો છે. મેન્ટર તરીકે પરત ફરતાની સાથે જ તેણે ખેલાડીઓને ચેતવણી પણ આપી દીધી છે. પરંતુ ગંભીરે તેના ખેલાડીઓને જે કહ્યુ તે દરેક ફ્રેન્ચાઈઝી અને આંતરરાષ્ટ્રીય ટીમો માટે પણ એક બોધપાઠ છે. ચેમ્પિયન ટીમની જેમ રમોટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ સ્ટાર ઓપનરે તાજેતરમાં પ્રથમ વખત KKRના ટ્રેનિંગ સેશનમાં ભાગ લીધો હતો, જ્યાં તેણે પ્રેક્ટિસમાં હાજર તમામ ખેલાડીઓની સામે ટૂંકું પરંતુ મહત્વપૂર્ણ ભાષણ આપ્યું હતું. KKRએ ગૌતમના ભાષણનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો, જે દરેક ખેલાડી અને દરેક ટીમે જોવો જોઈએ. પોતાના ખેલાડીઓને પ્રોત્સાહિત કરતી વખતે ગૌતમ ગંભીરે કહ્યું કે તેઓ ખૂબ જ સફળ ફ્રેન્ચાઈઝી માટે રમી તાલીમ મળશે, તે જ રીતે રમવું જોઈએ અને સમાન વલણ જાળવી રાખવું જોઈએ.



## ગૌતમ ગંભીરની કોલકત્તામાં વાપસી

2012 અને 2014માં ગૌતમ ગંભીરે પોતાની કપ્તાની હેઠળ કોલકત્તાને IPLમાં ચેમ્પિયન બનાવ્યું હતું. ત્યારથી કોલકાતા ત્રીજા ટાઈટલની રાહ જોઈ રહ્યું છે. ચેમ્પિયન બનવાની વાત તો છોડો, આ ફ્રેન્ચાઈઝી 2014થી ટૂર્નામેન્ટની ફાઈનલમાં પણ પહોંચી નથી. તે પછી ગૌતમ ગંભીર ટીમ છોડીને દિલ્હીમાં જોડાયો, પછી તે નિવૃત્ત થયો. તે લખનૌ સુપર જાયન્ટ્સના મેન્ટર તરીકે IPLમાં પણ પાછો ફર્યો, પરંતુ ત્યાં 2 વર્ષ રહ્યા બાદ તે 'ઘરે પરત ફર્યો' છે અને ટીમ સાથેની તેની પ્રથમ મુલાકાતમાં તેણે ખેલાડીઓને કડક સૂચના આપી છે.ખેલાડીઓમાં ઉત્સાહ જગાડવાની સાથે, ગૌતમ ગંભીરે કંઈક એવું કહ્યું જે માત્ર KKR ખેલાડીઓ માટે જ નહીં પરંતુ દરેક ક્રિકેટ ડ્રેસિંગ રૂમ અને દરેક ટીમની રમતમાં સૌથી મહત્વપૂર્ણ છે.

# ICCએ વાઈટ બોલ ફોર્મેટમાં 'સ્ટોપ ક્લોક' નિયમ લાગુ કરવાનો લીધો નિર્ણય

નવી દિલ્હી | તા.17

એક મોટી જાહેરાતમાં, ICC એ આ વર્ષે જૂનમાં યોજાનાર T20 વર્લ્ડ કપથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના સફેદ બોલના ફોર્મેટમાં 'સ્ટોપ ક્લોક' નિયમ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. તમને જણાવી દઈએ કે T20 વર્લ્ડ કપ 1 જૂનથી શરૂ થવાનો છે. તેની અંતિમ મેચ 29 જૂને રમાશે. વ્હાઈટ બોલ ક્રિકેટમાં સમય બગાડવાની પ્રથાને રોકવા માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ શુક્રવારે જાહેરાત કરી કે આ વર્ષના T20 વર્લ્ડ કપથી 'સ્ટોપ ક્લોક' નિયમ કાયમી થઈ જશે. આ નિયમ હેઠળ, ટીમે પેનલ્ટી રનથી બચવા માટે પાછલી ઓવરની 60 સેકન્ડની અંદર નવી ઓવર શરૂ કરવી પડશે.



વ્હાઈટ બોલ ક્રિકેટમાં સમય બગાડવાની પ્રથાને રોકવા માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ શુક્રવારે જાહેરાત કરી કે આ વર્ષના T20 વર્લ્ડ કપથી 'સ્ટોપ ક્લોક' નિયમ કાયમી થઈ જશે. આ નિયમ હેઠળ, ટીમે પેનલ્ટી રનથી બચવા માટે પાછલી ઓવરની 60 સેકન્ડની અંદર નવી ઓવર શરૂ કરવી પડશે.આ માટે, મેદાન પર સ્થાપિત 'ઈલેક્ટ્રોનિક' ઘડિયાળ 60 થી શૂન્ય સુધી કાઉન્ટ ડાઉન થશે અને થર્ડ અમ્પાયર ઘડિયાળ શરૂ કરવાનો સમય નક્કી કરી શકશે. આગામી ઓવર આ 60 સેકન્ડના સમયગાળામાં શરૂ કરવાની રહેશે.

જો ફિલ્ડિંગ ટીમ આમ નહીં કરે, તો તેને બે ચેતવણીઓ આપવામાં આવશે અને પછીના ઉલ્લંઘન માટે દરેક ઘટના માટે પાંચ રનનો દંડ કરવામાં આવશે.ICC એ તેની વાર્ષિક બોર્ડ મીટિંગ પછી એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'સ્ટોપ ક્લોક' નિયમ જૂન 2024 થી તમામ ODI અને T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં કાયમી બની જશે, જેની શરૂઆત વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024થી થશે.

# ગર્લ્સ હોસ્ટેલમાં ઝડપાયો સ્ટાર ખેલાડી, ઓલિમ્પિક રમવાનું સપનું તૂટી ગયું

નવી દિલ્હી | તા.17

કોમનવેલ્થ ગેમ્સ 2022માં વેઈટલિફ્ટર અચિંત શિયુલીએ ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. હવે અચિંત શિયુલી પેરિસ ઓલિમ્પિકની તૈયારી માટે લગાવવામાં આવેલા કેમ્પમાંથી બહાર ફેંકાઈ ગયો છે. આ સાથે જ તેનું ઓલિમ્પિક રમવાનું સપનું પણ તૂટી ગયું છે. પેરિસ ઓલિમ્પિક 2024ની તૈયારી માટે આયોજિત કેમ્પમાંથી ભારતીય વેઈટલિફ્ટર અચિંત શિયુલીને બહાર કરી દેવામાં આવ્યો છે. અચિંતા શિયુલી રાત્રે NIS પટિયાલાની ગર્લ્સ હોસ્ટેલમાં ઘૂસતો ઝડપાયો હતો, ત્યારબાદ તેની સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી. અચિંતાએ બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ 2022માં નવા રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં જવાનું સપનું તૂટી ગયું




ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશનના એક અધિકારીએ કહ્યું, 'આવું અનુશાસન સહન કરવામાં આવશે નહીં. અચિંતાને તરત જ કેમ્પ છોડવા માટે કહેવામાં આવ્યું. આ સાથે અચિંતની પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવાની આશા પણ સમાપ્ત થઈ ગઈ છે. અચિંતા આ મહિને થાઈલેન્ડના ફૂકેટમાં IWF વર્લ્ડ કપ રમી શકશે નહીં, જે પેરિસ ઓલિમ્પિક માટે ફરજિયાત હતો.આ ઘટના ગુરુવારે રાત્રે બની હતી. 22 વર્ષીય અચિંતાને સુરક્ષાકર્મીઓએ પકડી લીધો હતો અને તેનો વીડિયો પણ બનાવ્યો હતો.

# ગુજરાતને ફટકો, બાઈક અકસ્માતને કારણે આ ખેલાડી ટૂર્ના.માંથી થયો બહાર

ગાંધીનગર તા 17

IPL 2024ના થોડા દિવસો પહેલા ગુજરાત ટાઈટન્સને મોટો ફટકો પડ્યો છે કારણ કે ટીમનો એક યુવા ખેલાડીને અકસ્માત થયો છે અને હવે તે આખી સિઝનમાંથી બહાર થઈ ગયો છે. આ ખેલાડીને ગુજરાત ટાઈટન્સ ફ્રેન્ચાઈઝીએ ઓક્શનમાં 3.60 કરોડમાં ખરીદ્યો હતો. આ યુવા ખેલાડીના અકસ્માત અને ટુર્નામેન્ટ માંથી બહાર થવા અંગે ગુજરાત ટાઈટન્સના કોચે પુષ્ટિ કરી છે.

IPL 2024 પહેલા ગુજરાત ટાઈટન્સને મોટો ફટકો પડ્યો છે. ગુજરાત IPL 2024 માં તેના અભિયાનની શરૂઆત 24 માર્ચે મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચથી કરવાનું હતું, પરંતુ તેના થોડા દિવસો પહેલા જ વિકેટકીપર ખેલાડી રોબિન મિન્ઝ ઈજાગ્રસ્ત થયો હતો. એવું કહેવામાં આવી



રહ્યું છે કે રોબિન આખી સિઝન ચૂકી જશે કારણ કે તે બાઈક અકસ્માતમાં ઈજાનો શિકાર બન્યો છે. ગુજરાત ટાઈટન્સના કોચ આશિષ નેહરાએ પણ પુષ્ટિ કરી છે કે રોબિન આગામી IPLમાં નહીં રમે.રોબિન મિન્ઝના પિતા ફ્રાન્સિસ મિન્ઝનું કહેવું છે કે તેમનો પુત્ર સુપર બાઈક ચલાવતી વખતે ઘાયલ થયો હતો. મિન્ઝ ઝારખંડના ગુમલા જિલ્લામાં કાવાસાકી કંપનીની સુપર બાઈક ચલાવી રહ્યો હતો અને આ દરમિયાન તેણે બાઈક પરનો કાબૂ ગુમાવ્યો હતો. જો કે તેણે પોતાની જાતને ખૂબ જ ગંભીર ઈજાનો શિકાર બનવાથી બચાવી લીધી છે.

# ભારતની ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ UAEમાં રમાઈ શકે છે

દુબઈ | તા.17

ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પાકિસ્તાનમાં યોજાશે. અહીં ભારતની મેચ રમવા પર ફરી આશંકા છે. આ દરમિયાન એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) તેને એશિયા કપ જેવા 'હાઈબ્રિડ મોડલ' પર આયોજીત કરી શકે છે. ICC એક્ઝિક્યુટિવ બોર્ડના એક સૂત્રએ PTI ને કહ્યું, 'જો ભારત સરકાર ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન મોકલવા માંગતી નથી, તો ICC ત્યાંના બોર્ડ પર દબાણ ન બનાવી શકે. તેણે વિકલ્પ શોધવો પડશે. હાલમાં દુબઈમાં ICC બોર્ડના સભ્યોની બેઠક ચાલી રહી છે. આ વિષય બેઠકના એજન્ડામાં સામેલ નથી, પરંતુ બેઠકમાં સભ્યો વચ્ચે તેની ચર્ચા થઈ શકે છે. એશિયા કપની મેચો ભારતના કહેવાથી શ્રીલંકામાં યોજાઈ હતી ગયા વર્ષે પણ એશિયા કપની યજમાની પાકિસ્તાનને મળી હતી. ત્યારે પણ જ્યારે ભારત ત્યાં નહોતું ગયું ત્યારે આ ટુર્નામેન્ટ 'હાઈબ્રિડ મોડલ' પર યોજાઈ હતી. ભારત સામેની મેચો શ્રીલંકામાં યોજાઈ હતી. કોલંબોમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતીય ટીમે શ્રીલંકાને 10 વિકેટે હરાવીને ચેમ્પિયનશિપ જીતી લીધી હતી.



# લુંગી એનગિડી ઈજાના કારણે IPLમાંથી બહાર

નવી દિલ્હી | તા.17

ઈન્ડિયન પ્રીમિયર લીગની વર્તમાન સિઝન પહેલા દિલ્હી કેપિટલ્સ (DC)ને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ટીમનો ફાસ્ટ બોલર લુંગી એનગિડી ઈજાના કારણે આખી સિઝનમાંથી બહાર છે. ફ્રેન્ચાઈઝીએ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર જેક ફ્રેઝર-મેકગર્કને વર્ષનો મેકગર્ક 50 લાખ રૂપિયામાં દિલ્હીમાં જોડાયો છે. ફ્રેઝર-મેકગર્ક ઓસ્ટ્રેલિયા માટે 2 વનડે રમ્યો છે. તેણે લિસ્ટ-એમાં 29 બોલમાં સદી ફટકારી છે. એનગિડીને પણ દિલ્હીએ 50 લાખ રૂપિયામાં સાઈન કર્યો હતો.

# ધોની ચાલુ મેચમાં જ કોઈ બીજાને કેપ્ટનશિપ સોંપી શકે છે



2024ની શરૂઆત 22 માર્ચથી થવાની છે. આ સિઝનની પ્રથમ મેચ ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. લોકસભા ચૂંટણી પહેલા IPLના પ્રથમ તબક્કાનું શિડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે, જે 7 એપ્રિલ સુધી ચાલશે. ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ બીજા તબક્કાના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવશે. ચેન્નઈ સુપર કિંગ્સે મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં 5 વખત IPL ટ્રોફી જીતી છે. ધોની 42 વર્ષનો છે. આવી સ્થિતિમાં, અટકળો લગાવવામાં આવી રહી છે કે આ તેની છેલ્લી સિઝન હોઈ શકે છે. હવે અંબાતી રાયડુએ ધોની માટે મોટી વાત કહી છે. અંબાતી રાયડુએ કહ્યું કે, "ઈમ્પેક્ટ પ્લેયરના નિયમ દ્વારા ધોની મિડલ ઓવર્સમાં કેપ્ટનશિપપ અન્ય કોઈને સોંપી શકે છે. આ વર્ષ CSK માટે બદલાવનું હોઈ શકે છે.

# એવો ખેલ બતાવીશું કે કોઈ ભૂલી નહીં શકે...: રોહિતની જગ્યાએ કેપ્ટન બનેલા હાર્દિકની હુંકાર

મુંબઈ | તા.17

IPL 2024ની શરૂઆત 22 માર્ચ રોજ થવાની છે. લોકસભા ચૂંટણીના કારણે IPL 2024ના પ્રથમ તબક્કાનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું હતું, જે 7 એપ્રિલ સુધી રમાશે. આ વખતે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ નવા કેપ્ટન સાથે મેદાનમાં ઉતરવા જઈ રહી છે. રોહિત શર્માની જગ્યાએ હાર્દિક પંડ્યાને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. IPLની શરૂઆત પહેલા હાર્દિકે મોટુ નિવેદન આપતા કહ્યું



કે, "મારી ટીમ આ વખતે શાનદાર પ્રદર્શન કરવા જઈ રહી છે. અમે એવું ક્રિકેટ રમીશું જેને કોઈ ભૂલી શકશે નહીં." પંડ્યા ગુજરાત ટાઈટન્સ છોડી મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બન્યો હાર્દિક પંડ્યાએ કહ્યું, "અમારી ટીમ IPLમાં એવી રમત બતાવશે જેને કોઈ ભૂલી શકશે નહીં." IPLની આગામી સિઝન પહેલા, પંડ્યાએ ગુજરાત ટાઈટન્સ છોડી દીધી અને મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બન્યો હતો. તેણે વર્ષ 2015માં મુંબઈ માટે IPLની શરૂઆત કરી હતી અને આ ટીમમાં રહીને 4 ટાઈટલ જીત્યા હતા. તે વર્ષ 2022માં ગુજરાતની ટીમમાં જોડાયો હતો અને તે જ સિઝનમાં ટીમને ચેમ્પિયન પણ બનાવી હતી.

# ક્રિકેટના ભગવાને આજના દિવસે કર્યો હતો કરિશ્મા

માર્ચ મહિનો ઈતિહાસમાં ક્રિકેટ સાથે જોડાયેલી ઘણી મોટી ઘટનાઓ સાથે નોંધાયેલો છે. 16 માર્ચ પણ ક્રિકેટ માટે આવો જ એક ઐતિહાસિક દિવસ છે. ભારતમાં ક્રિકેટને એક ધર્મ માનવામાં આવે છે અને સચિન તેંડુલકર ક્રિકેટ ચાહકો માટે ભગવાનથી ઓછા નથી. 16 માર્ચ, 2012 એ દિવસ છે જ્યારે સચિને એશિયા કપની મેચમાં બાંગ્લાદેશ સામે રમતી વખતે મીરપુરના શેર-એ-બંગાળ સ્ટેડિયમમાં સદી ફટકારીને અભૂતપૂર્વ રેકોર્ડ બનાવ્યો હતો. આ સચિનની ODI ક્રિકેટમાં 49મી સદી હતી છે. આ રીતે માસ્ટર બ્લાસ્ટરે સદીની સદી પૂરી કરી. ભારત રત્નથી સન્માનિત સચિન તેંડુલકર આ રેકોર્ડ બનાવનારા વિશ્વના એકમાત્ર બેટ્સમેન છે.



# IPL 2024 ક્યાંય નહીં જાય, સમગ્ર ટૂર્નામેન્ટ ભારતમાં જ યોજાશે

નવી દિલ્હી | તા.17

દેશમાં આ વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે, જેના માટે મતદાન 19 એપ્રિલથી શરૂ થશે. આ દરમિયાન આઈપીએલ સિઝન પણ રમવાની છે, જેના કારણે સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ટૂર્નામેન્ટનો બીજો ભાગ ભારતની બહાર લઈ જવાની ચર્ચાઓ થઈ રહી હતી, પરંતુ હવે એવું થવાનું નથી. IPL 2024 ક્યાંય નહીં જાય, સમગ્ર ટૂર્નામેન્ટ ભારતમાં જ યોજાશે, જય શાહે કરી પુષ્ટિઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સિઝન સંપૂર્ણપણે ભારતમાં યોજાશે કે નહીં તે અંગે અલગ-અલગ અહેવાલો આવી રહ્યા છે. હવે આ તમામ અહેવાલો પર ખુદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ જય શાહે મૌન તોડ્યું છે. શાહે સ્પષ્ટ કર્યું છે કે IPL 2024 સિઝન સંપૂર્ણપણે ભારતમાં રમાશે અને બોર્ડની તેને UAE અથવા અન્ય કોઈ દેશમાં લઈ જવાની કોઈ યોજના નથી. 19 એપ્રિલથી શરૂ થનારી લોકસભા ચૂંટણીની તારીખની જાહેરાત બાદ જય શાહનું આ નિવેદન આવ્યું છે. IPLની નવી સિઝન 22 માર્ચથી શરૂ થઈ રહી છે.

## ટૂર્નામેન્ટ 22 માર્ચથી ચેન્નાઈમાં શરૂ

ભારતીય બોર્ડે ગયા મહિને જ IPLનું શેડ્યૂલ જાહેર કર્યું હતું પરંતુ તે માત્ર 17 દિવસનું શેડ્યૂલ હતું, જેમાં માત્ર 21 મેચોના શેડ્યૂલનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ટૂર્નામેન્ટની શરૂઆત 22 માર્ચથી ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચથી થવાની છે અને પ્રથમ તબક્કાની છેલ્લી મેચ 7 એપ્રિલે રમાશે.

**BCCI સેક્રેટરી શાહે કર્યો ખુલાસો :** ત્યારથી સતત એવી અટકળો ચાલી રહી હતી કે લોકસભા ચૂંટણીમાં સુરક્ષા વ્યવસ્થાના પડકારને ધ્યાનમાં રાખીને બોર્ડ ટૂર્નામેન્ટના બાકીના ભાગનું આયોજન ભારતની બહાર કરી શકે છે. ચૂંટણી પંચે શનિવાર, 16 માર્ચે તારીખોની જાહેરાત કરતા પહેલા એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે બાકીનો ભાગ UAEમાં યોજાઈ શકે છે, જેના માટે બોર્ડ અમીરાત ક્રિકેટ બોર્ડ સાથે વાત કરી રહ્યું છે. પરંતુ હવે BCCI સેક્રેટરી શાહે પોતે આ અહેવાલોને નકારી કાઢ્યા છે.

# પવિત્ર રમઝાન માસમાં ઈન્ડોનેશિયામાં અઢી કિલોમીટર લાંબી ઈફતાર પાર્ટીનો નવો રેકોર્ડ સર્જાયો



મકાસર | ઈફતાર પાર્ટીનુ આયોજન સાઉદી અરબના ઈસ્લામિક મામલાઓના મંત્રાલય દ્વારા કરવામાં આવ્યુ હતુ. ઈફતારમાં બેસવાની જે વ્યવસ્થા કરવામાં આવી હતી તે અઢી કિલોમીટર લાંબી હતી.આ ઈફતાર પાર્ટીને વિશ્વ રેકોર્ડનુ પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યુ છે. તેનુ આયોજન ઈન્ડોનેશિયાના મકાસર નામના શહેરમાં કરવામાં આવ્યુ હતુ. જેમાં 15000થી વધારે લોકોએ ભાગ લીધો હતો. જેમાં અન્ય ઈસ્લામિક દેશોના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. સાઉદી અરબ દ્વારા પવિત્ર રમઝાન માસમાં બીજા દેશોમાં પણ ઈફતાર પાર્ટીઓના આયોજનની સાથે સાથે કુરાનની પ્રતોનુ તેમજ ખજૂરનુ વિતરણ કરવાની નવી પહેલ કરવામાં આવી છે.

## ન્યૂઝ ટ્રેક

### ભારતના અગ્નિ-5 મિસાઈલ પરીક્ષણથી પાક.માં ખળભળાટ

કરાંચી | ભારતના અગ્નિ-5 મિસાઈલના પરીક્ષણથી પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. અગ્નિ 5 મિસાઈલની શક્તિ જોઈને પાકિસ્તાને ભારતને વિનંતી કરી છે. આ વિનંતીથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે અગ્નિ 5 મિસાઈલના પરીક્ષણથી પાકિસ્તાન 'આઘાતમાં' છે.દુનિયા ભારતની તાકાત જોઈ રહી છે અનેક સિદ્ધિ બાદ હવે સંરક્ષણ ક્ષેત્રે ભારત પોતાની તાકાત વધારો કરી રહ્યું છે. તાજેતરમાં ભારતે સંપૂર્ણપણે સ્વદેશી બનાવટથી અગ્નિ 5 મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. દુનિયાએ આ મિસાઈલની શક્તિનો સ્વીકાર કર્યો છે. ખતરનાક મિસાઈલ પરીક્ષણના સમાચારે પાડોશી દેશ પાકિસ્તાનમાં હલચલ મચાવી દીધી છે. આ પરીક્ષણને ધ્યાનમાં લઈને પાકિસ્તાને ભારતને વિનંતી કરી છે કે જો તે પરીક્ષણ પહેલા પૂર્વનિર્ધારિત સમય મર્યાદાનું પાલન કર્યુ હોત તો સારું થાત. અગ્નિ 5 મિસાઈલની શક્તિના કારણે ગભરાઈને પાકિસ્તાને ભારતને આ વિનંતી કરી છે.

### કેનેડા ગયેલા વિદ્યાર્થીઓનું રિવર્સ માઈગ્રેશન

ટોરેન્ટો | નોકરીઓની વ્યાપકપણે અછત, રહેવાની સમસ્યા, ઓછી આવક સામે વધુ ખર્ચ હવે ભારતથી કેનેડા ગયેલા વિદ્યાર્થીઓને રિવર્સ માઈગ્રેશન (પાછા આવવા) માટે મજબૂર કરી રહ્યો છે. દર વર્ષે ભારતમાંથી એક લાખ જેટલાં વિદ્યાથીઓ કેનેડા જતા હોય છે પરંતુ આ વર્ષે કેનેડા જવા કરતાં કેનેડાથી પાછા આવવાનો ધસારો મોટા પાયે જોઈ શકાય છે.હાલ તો સાવ મશીન જેવા થઈ ગયા છીએ. જેવું વીડિયોમાં જોયું હતું એવું જ કેનેડા છે પરંતુ વધુ ઊંડા ઊતરીએ તો અહીંનું જીવન ખૂબ જ સંઘર્ષ ભર્યું છે. નોકરીઓ છે નહીં અને રહેવા- જમવાના સામાન્ય આવી સ્થિતિમાં અહીં રહેવું ખૂબ કપરું છે. એક નાનકડી કરે છે કે તમે અહીંની જમીન પર ઉતરો પછી તમને ખબર પડે છે કે તમારે રહેવાનું ક્યાં છે ? ભણવાનું ક્યાં છે ? કામચલાઉ રીતે કોઈ મોલના એક રૂમમાં ચાલતી દુકાન જેવી કોલેજોમાં હાજરીનું કોઈ મહત્ત્વ નથી હોતું પરંતુ તેની સામે કામ મળવું અહીં ખૂબ મુશ્કેલ છે.

### લંડનમાં બીજેપીના સમર્થનમાં કાર રેલીનું આયોજન

લંડન | ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપી યુકે દ્વારા લંડનમાં કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતમાં લોકસભા ચૂંટણી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપને સમર્થન આપવા માટે કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી નોર્થોલ્ટના કચ્છ લેવા પાટીદાર સમાજ સંકુલથી શરૂ થઈ અને વેમ્બલીના સ્વામિનારાયણ BAPS મંદિર ખાતે સમાપ્ત થઈ.હેરોના સાંસદ અને પદ્મશ્રી વિજેતા બોબ બ્લેકમેન કહે છે કે ભારતીય ચૂંટણી એ વિશ્વની લોકશાહીની સૌથી મોટી કવાયત છે. જ્યારથી ભારતમાં ભાજપ સત્તામાં બ્રિટનની મિત્રતા વધુ મજબૂત બની છે. ભાજપ સરકારના કારણે ભારત એક વિકસતી અર્થવ્યવસ્થા તરીકે ઊભું છે. ભાજપ ફરી એકવાર સરકારમાં આવે.

## CAA-રામ મંદિરનો ઉલ્લેખ કર્યો, ભારતે કહ્યું- હિન્દુઓ-શીખોની સાથે પણ છે ભેદભાવ

# પાકિસ્તાન-ચીને UNમાં ઈસ્લામોફોબિયા વિરુદ્ધ વોટિંગ કરાવ્યું

**કરાંચી | તા.17**

રુચિરા કંબોજે યુએન જનરલ એસેમ્બલીમાં ઈસ્લામોફોબિયા પર ભારતનું વલણ રજૂ કર્યું. શનિવારે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીમાં ઈસ્લામોફોબિયા (ઈસ્લામ પ્રત્યે નફરત) વિરુદ્ધ ઠરાવ પસાર કરવા માટે મતદાન થયું હતું. આ પ્રસ્તાવ પાકિસ્તાન દ્વારા ચીનના સહયોગથી લાવવામાં આવ્યો હતો. ભારતે આ મતદાનમાં ભાગ લીધો ન હતો. પાકિસ્તાને ઈસ્લામોફોબિયાનો ઉલ્લેખ કરતા CAA અને રામ મંદિરનો પણ ઉલ્લેખ કર્યો છે. યુએનમાં ભારતના રાજદૂત રૂચિરા કંબોજે તેની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું- મારા દેશના મુદ્દાઓ પર આ પ્રતિનિધિમંડળના વિચારો ખોટા છે. જ્યારે એસેમ્બલી એવા મુદ્દા પર ચર્ચા કરતી હોય કે જેના માટે ઊંડા વિચાર, શાણપણ અને બુદ્ધિમત્તાની જરૂર હોય, ત્યારે પ્રતિનિધિમંડળની આવી વિચારસરણી યોગ્ય નથી. યુરોપિયન દેશ સ્વીડનમાં કેટલાક લોકો કુરાનને સતત બાળી રહ્યા હતા, જેના પર પાકિસ્તાને ઈસ્લામોફોબિયા વિરુદ્ધ પ્રસ્તાવ લાવવાની જાહેરાત કરી હતી. 'માત્ર એક નહીં પણ તમામ ધર્મો વિરુદ્ધ નફરતની ટીકા થવી જોઈએ' ભારતે યુએનમાં કહ્યું હતું કે માત્ર એક ધર્મના નામે નહીં પરંતુ તમામ ધર્મોના નામે થતા દરેક ભેદભાવની ટીકા થવી જોઈએ. પછી ભલે તે યહૂદી હોય, મુસ્લિમ હોય કે ખ્રિસ્તી હોય.



### ભારતે કહ્યું- યુએન ધર્મના નામે વિભાજિત ન થાય

ભારતે કહ્યું કે આ ઠરાવ સાથે એવું ન થવું જોઈએ કે ભવિષ્યમાં વિવિધ ધર્મોની નફરત વિરુદ્ધ ઠરાવ પસાર કરવામાં આવે. આ કારણે સંયુક્ત રાષ્ટ્ર ધર્મના નામે અલગ-અલગ જૂથોમાં વહેંચાઈ જશે. યુએનએ ધર્મથી આગળ વિચારવું જોઈએ. આવી દરખાસ્તો આપણને એક થવાને બદલે તોડી નાખે. કોઈપણ એક ધર્મને બદલે તમામ ધર્મો સામે નફરત અને ભેદભાવ રોકવા માટે ઠરાવ પસાર કરવો જોઈએ.

### માત્ર ઇસ્લામોફોબિયાનો સામનો કરવા માટે કોઈ નિમણૂક ન કરવી જોઈએ

115 દેશોએ ઈસ્લામ પ્રત્યે નફરત વિરુદ્ધ લાવવામાં આવેલા ઠરાવને સમર્થન આપ્યું હતું. જોકે, ભારત, બ્રાઝિલ, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, યુક્રેન અને બ્રિટન સહિત 44 દેશો મતદાનમાં ગેરહાજર રહ્યા હતા. તસવીર બ્રિટનમાં મસ્જિદોના નિર્માણ વિરુદ્ધ થઈ રહેલા વિરોધ પ્રદર્શનની છે. પાકિસ્તાન અને ચીનના પ્રસ્તાવમાં ઈસ્લામોફોબિયાનો સામનો કરવા માટે વિશેષ દૂતની નિમણૂક કરવાની પણ માંગ કરવામાં આવી હતી. ભારતે આનો વિરોધ કર્યો છે. કંબોજે કહ્યું કે નિમણૂક પહેલા એ વિચારવું જોઈએ કે શું આ યુએનના બજેટ અને સંસાધનોનો યોગ્ય ઉપયોગ છે. શરણાર્થીઓને આશ્રય આપવાના ભારતના ઈતિહાસનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે અમે પારસી, બૌદ્ધ અને યહૂદીઓને આશ્રય આપ્યો હતો. જ્યારે ધાર્મિક દ્વેષના કારણે તેની હત્યા કરવામાં આવી રહી હતી.



# અમેરિકામાં ગોળીબાર, 3નાં મોત

**ફિલાડેલ્ફિયા | તા.17**

યુએસએના પેન્સિલવેનિયાના ફિલાડેલ્ફિયાના ફોલ્સ ટાઉનશીપમાં શનિવારે (16 માર્ચ) ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા હતા. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી ન્યુ જર્સીના ટ્રેન્ટન ભાગી ગયો હતો. ત્યાં તેણે પોતાની જાતને એક ઘરમાં બંધ કરી દીધી. આરોપીની ઓળખ 26 વર્ષીય આન્દ્રે ગોર્ડન તરીકે થઈ છે. મૃતકોમાં ગોર્ડનની સાવકી માતા, તેની 13 વર્ષની બહેન અને તેના બે બાળકોની માતાનો સમાવેશ થાય છે. પેન્સિલવેનિયાની ફોલ્સ ટાઉનશિપ પોલીસે જણાવ્યું હતું કે યુવકે એઆર-15 સ્ટાઈલની એસોલ્ટ રાઈફલ વડે આ ઘટનાને અંજામ આપ્યો હતો. ફોલ્સ ટાઉનશીપ એ ફિલાડેલ્ફિયાથી લગભગ 45 કિલોમીટર ઉત્તરપૂર્વમાં સ્થિત એક શહેર છે. આ




શહેર ન્યુ જર્સી-પેન્સિલવેનિયા સરહદની નજીક છે. આ ઘટના બાદ પોલીસે નજીકના લોકોને તેમના ઘરના દરવાજા અને બારી બંધ કરીને પોતાને બચાવવાની સલાહ આપી છે.અમેરિકન મીડિયા અનુસાર, આરોપીએ પેન્સિલવેનિયામાં બે અલગ-અલગ જગ્યાએ તેના પરિવારના સભ્યોની હત્યા કરી હતી. આરોપીએ પહેલા લેવિટાઉનમાં ન્યૂ પોઈન્ટ લેન સ્થિત ઘરમાં ઘુસીને તેની 52 વર્ષની સાવકી મા અને 13 વર્ષની બહેનની ગોળી મારીને હત્યા કરી નાખી.ત્યારબાદ તે સવારે 9 વાગ્યાની આસપાસ લેવિટાઉનમાં એક ઘરે ગયો અને 25 વર્ષીય ટેલર ડેનિયલ્સની હત્યા કરી. તે તેના બે બાળકોની માતા હતી. ગોળીબારના સમયે અન્ય ત્રણ લોકો ઘરે હતા. જોકે, ફાયરિંગનો અવાજ સાંભળીને તે છુપાઈ ગયા હતા, જેના કારણે તેનો 9:13 વાગ્યે ત્રણ લોકોની હત્યા કર્યા પછી, ગોર્ડને મોરિસવિલેમાં બ્રિસ્ટોલ પાઈક પર ડૉલર જનરલના પાર્કિંગમાં તેની કારની બંદૂકની અણીએ ડ્રાઈવરને લૂંટી લીધો હતો.

# સોમાલિયાના ચાંચિયાઓનું ઈન્ડિયન નેવી પર ફાયરિંગ

**જર્કાતા | તા.17**

ઈન્ડિયન નેવી 3 મહિના પહેલા હાઈજેક થયેલા જહાજને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન સોમાલિયાના ચાંચિયાઓએ નેવી પર ગોળીબાર કર્યો છે. ઈન્ડિયન નેવીએ આનો એક વીડિયો શેર કર્યો છે. નેવીએ કહ્યું- 14 ડિસેમ્બરે પણ ચાંચિયાઓએ માલ્ટાના જહાજ એમવી રુએનને હાઈજેક કરી લીધું હતું. તેઓ આ જહાજનો ઉપયોગ દરિયામાં લૂંટ કરવા માટે કરતા હતા. 15 માર્ચે અમારું એક હેલિકોપ્ટર તેને બચાવવા જહાજની નજીક પહોંચ્યું. આ પછી તરત જ ચાંચિયાઓએ હેલિકોપ્ટર પર ફાયરિંગ કર્યુ હતું. હાલ અમે સેલ્ફ ડિફેન્સમાં કાર્યવાહી કરી રહ્યા છીએ. ચાંચિયાઓને આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેમને બંધક બનાવવામાં આવેલા ક્રૂ મેમ્બર્સને મુક્ત કરવા પણ કહેવામાં આવ્યું છે. જો કે ક્રૂ મેમ્બર્સની સંખ્યાની જાણકારી નથી. એક દિવસ પહેલા બાંગ્લાદેશના જહાજને બચાવી લેવામાં આવ્યું હતું

14 માર્ચે ઈન્ડિયન નેવીએ હિંદ મહાસાગરમાં બાંગ્લાદેશી જહાજ MV અબ્દુલ્લાને સોમાલિયન ચાંચિયાઓના હુમલામાંથી બચાવી લીધું હતું. 12 માર્ચે મોઝામ્બિકથી સંયુક્ત આરબ અમીરાત (UAE) જઈ રહેલા બાંગ્લાદેશી વેપારી જહાજ અબ્દુલ્લા પર 15-20 હથિયારધારી લૂંટારાઓએ હુમલો કર્યો હતો. આ જહાજ સોમાલિયાની રાજધાની કિલોમીટર દૂર હતું. તેમાં બાંગ્લાદેશના 23 ક્રૂ મેમ્બર સવાર જ ઈન્ડિયન નેવીએ ક્રૂ મેમ્બરનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. મળ્યો, તો નેવીએ તેના પેટ્રોલિંગ એરક્રાફ્ટને જહાજ પર નજર રાખવા માટે મોકલ્યા.

# પુતિને ગિફ્ટ આપેલી મોંઘીદાટ લિમોઝિન કારમાં મુસાફરી કરીને કિમ જોંગે વટ પાડ્યો

**પ્યોંગયાંગ | તા.17**

નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગે રશિયાના પ્રમુખ પુતિને ભેટમાં આપેલી બે લક્ઝરી કારમાં મુસાફરી કરી છે. કિમ જોંગની બહેને આ બાબતની જાણકારી આપી હતી અને રશિયા સાથે નોર્થ કોરિયાના ઘનિષ્ઠ બની રહેલા સબંધોની પ્રશંસા કરી હતી. રશિયાના પ્રમુખ પુતિને ફેબ્રુઆરીમાં કિમ જોંગને ઓરસ સીનટ નામની મોંઘીદાટ લિમોઝિન કાર ભેટ તરીકે મોકલી આપી હતી. આ પહેલા ગત સપ્ટેમ્બરમાં કિમ જોંગે રશિયાની મુલાકાત લીધી હતી અને તે વખતે પુતિને કિમ જોંગને આ કાર બતાવી હતી. તટસ્થ નિરિક્ષકોનુ કહેવુ છે કે, પુતિને કિમ જોંગને આ કાર મોકલીને યુએનના પ્રસ્તાવોનુ ઉલ્લંઘન કર્યુ છે. નોર્થ કોરિયાને લક્ઝરી વસ્તુઓ સપ્લાય નહીં કરવાનો ઠરાવ યુએન દ્વારા કરવામાં આવેલો છે. જોકે પુતિનને યુએનની ઝાઝી પરવા નથી. કિમ જોંગની બહેન કિમ યો જોંગે કહ્યુ હતુ કે, કિમ જોંગે પહેલી વખત આ લિમોઝિનમાં મુસાફરી કરી છે. પુતિને ભેટ તરીકે મોકલેલી કારમાં સફર કરીને કિમ જોંગે સંદેશો આપ્યો છે કે, રશિયા અને નોર્થ કોરિયા ગાઢ મિત્રો છે તેમજ બંને દેશ વચ્ચેના સબંધો નવા સ્તર પર વિકસી રહ્યા છે પુતિને જે કાર મોકલી છે તે રશિયાની પહેલી લક્ઝરી કાર બ્રાન્ડ છે. પુતિને 2018માં પહેલી વખત તેનો ઉપયોગ કર્યો હતો અને એ પછી રશિયાના નેતાઓ તેમજ ટોચના અધિકારીઓના કાફલામાં આ કાર નજરે પડતી હોય છે.

# હમાસ-ઇઝરાયલ વચ્ચે 6 સપ્તાહ સુધી યુધ્ધ વિરામ થશે

**જેરુસલેમ | તા.17**

ઈઝરાયેલ અને હમાસના યુદ્ધ વચ્ચે પેલેસ્ટાઈનના વડાપ્રધાન મોહમ્મદ શતયેહએ રાજીનામું આપી દીધું હતું. તેમના સ્થાને હવે મોહમ્મદ મુસ્તુફા નવા વડાપ્રધાન બન્યા છે. હાલમાં ગાઝાપટ્ટીમાં હમાસનું નિયંત્રણ છે જયારે વેસ્ટ બેંકમાં પેલેસ્ટાઈન ઓથોરિટી (પીએ)નું શાસન છે. આથી બંને પક્ષ રાજી થાય તો મિલી જુલી નેશનલ સરકાર બની શકે છે. પેલેસ્ટાઇનને નવા પીએમ મળ્યા પછી હમાસ અને ઇઝરાયેલ વચ્ચે યુધ્ધવિરામની પણ શકયતા વધી ગઇ છે. પ્રાપ્ત માહિતી અનુસાર બંને પક્ષો પોતાની માંગમાંથી પિછેહઠ કરવા તૈયાર થયા છે.

હમાસ યુધ્ધને કાયમી સમાપ્ત કરવાના સ્થાને કમસેકમ ૬ સપ્તાહ સુધી રોકી શકાય તેવી સંમતિ બની શકે છે. ઇઝરાયેલ ૧૦૦૦ પેલેસ્ટાઇની કેદીઓને છોડવા તૈયાર થયું છે જેમાં ૧૦૦ કેદીઓ તો હત્યા સહિતના ગંભીર ગુનાઓ ધરાવે છે. યુધ્ધ વિરામની ભૂમિકા તૈયાર કરવા માટે છેલ્લા બે



દિવસથી દોહા,કાહિરા અને પેરિસમાં વાટાઘાટો યોજાઇ હતી. ઇઝરાયેલની જાસુસી એજન્સીના સુત્રોના જણાવ્યા અનુસાર કતારે હમાસના નેતૃત્વએ જાણ કરી છે કે જો પોતાની ગેર વ્યાજબી માંગણી નહી છોડે તો પોતાના દેશમાંથી કાઢી મુકતા ખચકાશે નહી.

એવી પણ સમજૂતી થઇ છે કે ૧૦૦ પેલેસ્ટાઇની કેદીઓને છોડે તેના બદલામાં સૈનિકો સહિત ઇઝરાયેલના અપહરણનો ભોગ બનેલાને પણ છોડી મુકશે. ઇઝરાયેલી ખુફિયા એજન્સીઓએ સરકારને માહિતી આપી છે કે ૧૩૪ ઇઝરાયેલી બંધકોમાંથી ૩૨ના મુત્યુ થયા છે. ઇઝરાયેલ પીએમ કાર્યાલયના સૂત્રોએ પણ ૧૦૦૦ કેદીઓના બદલામાં ૧૦૨ અપહ્રતોને છોડશે ઉપરાંત મુત્યુ પામેલા ૩૨ના મૃતદેહો પણ સોંપશે.

# રશિયા સાથે બેલાસ્ટિક મિસાઈલ્સનો સોદો કરશો તો વધુ પ્રતિબંધો લગાડાશે

**વોશિંગ્ટન | તા.17**

અમેરિકા અને તેના સાથી દેશોએ ઈરાનને તેના રશિયા સાથેના ટૂંકા અંતરના બેલાસ્ટિક મિસાઈલ્સના સંભવિત સોદા અંગે કડક ચેતવણી આપતા કહ્યું હતું કે 'જો તમે રશિયાને ટૂંકા અંતરના બેલાસ્ટિક મિસાઈલ્સ વેચશો તો તમારી ઉપર કડક પગલાં લેવાશે જેથી વધુ કઠોર પ્રતિબંધો પણ લાદવામાં આવશે.' હકીકત તેમ છે કે યુક્રેન યુદ્ધ બે સપ્તાહમાં જ પતી જશે તેમ માની રશિયાએ ૨૦૨૨ના ફેબ્રુઆરીની ૨૪મીએ હુમલો શરૂ કરી દીધો પરંતુ તે પછી બે વર્ષથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં યુક્રેન મચક આપતું નથી. બીજી તરફ રશિયાનો શસ્ત્ર ભંડાર ખૂટી રહ્યો છે તેથી તે ઈરાનનાં ટૂંકા અંતરના બેલાસ્ટિક મિસાઈલ્સ ખરીદવા માગે છે. આ પૂર્વે રશિયાએ ઈરાન પાસેથી ડ્રોન વિમાનો ખરીધ્યા હતા તે સર્વનિશ્ચિત છે. જોકે અમેરિકાએ હજી સુધી તે વાતની પુષ્ટિ કરી નથી કે ટૂંકા અંતરનાં બેલાસ્ટિક મિસાઈલ્સ રશિયાએ ઈરાન પાસેથી ખરીધ્યાં છે કે કેમ ? પરંતુ તેમ છતાં તે સંભવિત સોદા અંગે અમેરિકા અને તેના પશ્ચિમના સાથી દેશોએ ઈરાનને આ પ્રકારની ધમકી



આપી છે.

જોકે અત્યારે જ અમેરિકા અને તેના સાથી દેશોએ ઈરાન ઉપર બહુવિધ આર્થિક પ્રતિબંધો તો લાદી દીધેલા જ છે. પરંતુ જો આ સોદો થશે તો હજી વધુ કઠોર પ્રતિબંધો મુકવા પશ્ચિમ જગત તૈયાર થયું છે. જો આમ થશે તો પશ્ચિમના દેશો અને ઈરાન વચ્ચે તંગદિલી વધવાની જ છે તે નિશ્ચિત છે. કોઈ માને કે ન માને

પરંતુ વિશ્વ આજે બે ભાગમાં વહેંચાઈ ગયું છે. એક તરફ અમેરિકા અને પશ્ચિમના જૂથના સાથી દેશો છે. બીજી તરફ રશિયા, ઈરાન ઉ.કોરિયા.હકીકત તેમ છે કે યુક્રેન યુદ્ધ બે સપ્તાહમાં જ પતી જશે તેમ માની રશિયાએ ૨૦૨૨ના ફેબ્રુઆરીની ૨૪મીએ હુમલો શરૂ કરી દીધો

પરંતુ તે પછી બે વર્ષથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં યુક્રેન મચક આપતું નથી. બીજી તરફ રશિયાનો શસ્ત્ર ભંડાર ખૂટી રહ્યો છે તેથી તે ઈરાનનાં ટૂંકા અંતરના બેલાસ્ટિક મિસાઈલ્સ ખરીદવા માગે છે. આ પૂર્વે રશિયાએ ઈરાન પાસેથી ડ્રોન વિમાનો ખરીધ્યા હતા તે સર્વનિશ્ચિત છે.

# બીજા દેશોએ અમારી ચિંતા કરવાની જરૂર નથી

**માલદીવ | તા 18**

માલદીવની ભારત વિરોધી મોઈજ્જુ સરકારે તુર્કી પાસેથી બાયરકતાર કંપનીના ડ્રોન ખરીદયા છે. જે માલદીવ પહોંચી પણ ચુકયા છે. શુક્રવારે માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જુએ આ ડ્રોન અંગે પહેલી વખત નિવેદન આપતા કહ્યુ હતુ કે, માલદીવની હવાઈ સીમાઓની રક્ષા આ ડ્રોન દ્વારા કરવામાં આવશે. સાથે સાથે તેમણે ભારતનુ નામ લીધા વગર ટોણો મારતા કહ્યુ હતુ કે, બીજાએ તેની ચિંતા કરવાની જરુર નથી. ચીનના રવાડે ચઢેલા મોઈજ્જુએ ભારત સાથેના સબંધો બેહદ ખરાબ કરી નાંખ્યા છે. મોઈજ્જુએ માલદીવ નેશનલ ડિફેન્સ ફોર્સની હવાઈ પાંખના લોન્ચિંગ દરમિયાન પણ ભારત પર આડકતરી રીતે નિશાન સાધ્યુ હતુ. તેમણે કહ્યુ તુ કે, માલદીવની ભવિષ્યની પેઢી માટે માલદીવ નેશનલ ડિફેન્સ ફોર્સની રચના આશીર્વાદ સમાન છે. આપણા દેશની સુરક્ષાની જવાબદારી આપણી હોવી જોઈએ. જો બીજા દેશો માલદીવની સુરક્ષાની ચિંતા કરતા હોય તો તે આપણા માટે વધારે ચિંતાજનક વાત છે. માલદીવને પોતાની સરહદની સુરક્ષા માટે પેટ્રોલિંગનો અધિકાર છે. તેમણે ભારત સમર્થક વિપક્ષી પાર્ટી પર પણ પ્રહાર કરતા કહ્યુ હતુ કે, આપણી વચ્ચે મતભેદો ભલે હોય પણ માલદીવની વિચારધારા અને માલદીવની ઓળખને પ્રાથમિકતા આપવાની જરુર છે. માલદીવના લોકોએ આપણો દેશ નાનો છે તે વિચારવાનુ છોડી દેવુ જોઈએ. ઉલ્લેખનીય છે કે, માલદીવે બાયરકતાર કંપનીના ડ્રોન ખરી દયા છે અને તેનો ઉપયોગ યુક્રેન પણ કરી રહ્યુ છે. યુક્રેને આ ડ્રોન થકી રશિયાની સેના પર કરેહા હુમલા બાદ આખી દુનિયામાં આ ડ્રોનની ચર્ચા છે. જોકે માલદીવની વિપક્ષી પાર્ટીઓ તુર્કી પાસેથી ડ્રોનની ખરીદીમાં મોઈજ્જુ સરકારે ભ્રષ્ટાચાર આચર્યો હોવાના આક્ષેપો પણ કરી રહી છે.

# એક એવો દેશ કે જ્યાં 95 વર્ષોથી નથી થયો કોઈ બાળકનો જન્મ

રોમ | વિશ્વમાં આ એક એવો દેશ છે, જ્યાં લગભગ 800 લોકો વસવાટ કરી રહ્યા છે. અને લાખો લોકો ત્યા ફરવા માટે આવે છે, પરંતુ આ દેશમાં કોઈ બાળક પેદા થતું નથી. તેના અનેક કારણો જવાબદાર છે. આવો જાણીએ કે ખરેખર એવું શું કારણ છે કે જ્યાં કોઈ બાળક પેદા થતું નથી. આ દેશ 11 ફેબ્રુઆરી 1929ના રોજ અસ્તિત્વમાં આવ્યો આ દુનિયાનો સૌથી નાનો દેશ છે, જ્યાં એવા લોકો વસવાટ કરે છે, જેના ઈશારે આખી દુનિયા ચાલે છે. અહીં રોમન કેથોલિક ખ્રિસ્તી ધર્મના તમામ મોટા ધર્મગુરુઓ પણ રહે છે. તેમજ પોપ અહીંના શાસક છે, પરંતુ આ દેશ વિશે કેટલીક એવી વાતો છે, જેને જાણીને તમને નવાઈ લાગશે. જેમાથી એક વાત એ છે કે અહીં ક્યારેય કોઈ બાળકનો જન્મ થયો નથી. આ દેશ 11 ફેબ્રુઆરી 1929ના રોજ અસ્તિત્વમાં આવ્યો હતો જેને અત્યારે 95 વર્ષ થઈ ગયા. પરંતુ આટલા લાંબા સમય બાદ પણ અહીં કોઈ બાળક જન્મ્યું નથી.

સમગ્ર વિશ્વના કેથોલિક ચર્ચ અને કેથોલિક ખ્રિસ્તીઓના મૂળ અહીં છે તમને જણાવી દઈએ કે આ દેશનું નામ વેટિકન સિટી છે. વિશ્વનો આ સૌથી નાનો દેશ છે. આ દેશ જ્યારે બનાવવામાં આવ્યો ત્યારે એક વાત સ્પષ્ટ હતી, કે આ દેશ માત્ર રોમન કેથોલિક ખ્રિસ્તીઓ માટે જ કામ કરશે. એટલે તમે એવું પણ કહી શકો કે, સમગ્ર વિશ્વમાં જેટલા પણ કેથોલિક ચર્ચ અને કેથોલિક ખ્રિસ્તીઓ છે, તે દરેકના મૂળ અહીં છે. દુનિયાભરના કેથોલિક ચર્ચ અને તેના પાદરીઓ અને મુખ્ય ધાર્મિક નેતાઓને અહીંથી દરેક સુચના આપવામાં આવે છે અને નિયંત્રિત કરવામાં આવે છે. અહીં કોઈ હોસ્પિટલ જ નથી સૌથી પહેલા મહત્ત્વની વાત એ છે કે, અનેકવાર ચર્ચા કરવામાં આવી કે કે અહીં હોસ્પિટલ કેમ નથી. પરંતુ જ્યારે પણ હોસ્પિટલ બનાવવા માટેની માંગણી કરવામાં આવી ત્યારે દર વખતે વાત ફગાવી દેવામાં આવી હતી. અહીં, જ્યારે પણ કોઈ ગંભીર રીતે બીમાર પડે છે અથવા કોઈ મહિલા ગર્ભવતી હોય છે, ત્યારે તેને રોમની હોસ્પિટલમાં મોકલી દેવામાં આવે છે.

### સ્થાપનાના 10 વર્ષ બાદ ભાજપને સત્તામાં તક મળી હતી, 2થી 303 બેઠક પર કેવી રીતે પ્રભુત્વ જમાવ્યો

# 1980માં ભાજપ અસ્તિત્વમાં આવ્યું હતું અને 1984માં તેણે લોકસભાની ચૂંટણીમાં ફક્ત 2 જ બેઠકો હાથ લાગી હતી



નવી દિલ્હી | આઝાદી બાદ આશરે ચાર દાયકા સુધી ભારતીય રાજનીતિમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે કોંગ્રેસઓ દબદબો રહ્યો હતો. 1980માં ભાજપ અસ્તિત્વમાં આવ્યું હતું અને 1984માં તેણે લોકસભાની ચૂંટણીમાં ફક્ત 2 જ બેઠકો હાથ લાગી હતી. ત્યારબાદ વર્ષ 1989ની લોકસભા ચૂંટણી આ રાજકીય દ્રશ્યમાં ઘણો ફેરબદલ લઈને આવી હતી. આ સમયે ભાજપ એક મોટી રાજકીય તાકાત તરીકે ઉભરી હતી અને આગામી એક દાયકામાં તેણે દેશની રાજનીતિને દ્વિધ્રુવીય બનાવી દીધી હતી. જનસંઘના નેતા શ્યામા પ્રસાદ મુખર્જી, પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને ભારતની રાજનીતિમાં આ ફેરફારનો શ્રેય આપવામાં આવે છે.

કોંગ્રેસે જવાહરલાલ નેહરુના નેતૃત્વમાં 1951, 1957 અને 1962ની લોકસભા ચૂંટણી મોટા અંતરથી જીતીને સરકાર બનાવી હતી. આ સમયમાં જવાહરલાલ નહેરુ દેશના સૌથી વધુ લોકપ્રિય નેતા હતા. લેફ્ટ પાર્ટી,જનસંઘ અને અમુક સમાજવાદી ધારાના રાજકીય પક્ષો વિપક્ષમાં હતા પરંતુ તેમની એટલી શક્તિ નહોતી કે કોંગ્રેસને પડકાર આપી શકે.

તત્કાલીન વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ ઈન્દિરા ગાંધી દેશના વડાપ્રધાન બન્યા હતા. કોંગ્રેસે તેમના નેતૃત્વ હેઠળ 1967, 1971 અને 1980ની ચુંટણી જીતી હતી. જોકે 1975માં ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદીને વિપક્ષના તમામ નેતાઓને જેલમાં પૂરી દીધા હતા. લોકોના મૌલિક અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા.ઈન્દિરા ગાંધીની નીતિઓ વિરુદ્ધ સમગ્ર વિપક્ષ એકસંપ થઈ ગયું હતું અને 1977ની સામાન્ય ચુંટણીમાં પ્રથમ વખત કોંગ્રેસની હાર થઈ હતી. 1977માં જનતા પાર્ટીની સરકાર બની અને મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા હતા. જનતા પાર્ટીની સરકાર દેશમાં સૌથી પહેલી બિન કોંગ્રેસી સરકાર હતી. દેશની રાજનીતિમાં કોંગ્રેસના આધિપત્યને પ્રથમ વખત ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો હતો.

1980માં ભાજપની રચના થઈ હતી. ભાજપ હિન્દુત્વ અને રાષ્ટ્રવાદને આગળ કરીને પ્રજા વચ્ચે ગયું હતું. 1989ની સામાન્ય ચૂંટણીમાં ભાજપ એક મોટી રાજકીય તાકાત સ્વરૂપે ઉભરી આવ્યું. આ ચૂંટણીમાં ભાજપને 85 બેઠક પર જીત મળી હતી. ત્યારે વીપી સિંહના નેતૃત્વમાં જનતા દળની ગઠબંધન સરકાર બની હતી. 1991ની લોકસભા ચૂંટણીમાં ભાજપની બેઠક વધીને 120 થઈ ગઈ હતી. 1996ની સામાન્ય ચૂંટણીમાં ભાજપ 161 બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી.

અહીંથી ભારતનું રાજકારણ દ્વિધ્રુવી બન્યું. એક ધ્રુવ ભાજપનો હતો અને બીજો ધ્રુવ કોંગ્રેસ સહિત અન્ય વિરોધ પક્ષોનો હતો. 1998માં ભાજપે 182 બેઠકો જીતીને સરકાર બનાવી હતી. 1999ની સામાન્ય ચૂંટણીમાં અટલજીના નેતૃત્વમાં ફરી એનડીએની સરકાર બની. પાંચ વર્ષ સુધી ચાલનારી આ પ્રથમ બિન-કોંગ્રેસી ગઠબંધન સરકાર હતી.વર્ષ 2004માં યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં એનડીએની હાર થઈ હતી. ત્યારે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર બની હતી.

મનમોહન સિંહની આગેવાની હેઠળની યુપીએ સરકાર 2009ની સામાન્ય ચૂંટણીમાં ફરી સત્તા પર આવી. આ કારણે ભાજપ 10 વર્ષ સુધી વિપક્ષમાં રહ્યો. આ પછી ભાજપે નરેન્દ્ર મોદીને તેના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કર્યા અને 2014ની સામાન્ય ચૂંટણી લડી. આ ચૂંટણીમાં ભાજપે 282 બેઠકો જીતીને પૂર્ણ બહુમતી સાથે કેન્દ્રમાં સરકાર બનાવી હતી. ત્યરબાદ ભારતીય રાજકારણમાં ભાજપનું વર્ચસ્વ વધવા લાગ્યું. 2019ની લોકસભા ચૂંટણીમાં ભાજપની બેઠકો વધીને 303 થઈ ગઈ છે.

## ન્યૂઝ કોર્નર

### જાતિ-ધર્મના નામે ઉશ્કેરશો તો આકરા પગલા લઇશું : પક્ષોને પંચની ચેતવણી

નવી દિલ્હી | ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. જે સાથે જ સમગ્ર દેશમાં આચાર સંહિતા પણ લાગુ કરી દેવામાં આવી છે. રાજકીય પક્ષો, તમામ નેતાઓએ આ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે વિવિધ પક્ષોને અપીલ કરી હતી કે તેઓ આ આચાર સંહિતાનુ યોગ્ય રીતે પાલન કરે અને પ્રચાર દરમિયાન શિષ્ટાચારને અપનાવે. લોકસભાની ૫૪૩ બેઠકો માટે સાત તબક્કામાં ૧૯મી એપ્રીલથી શરૂ થશે જેમાં શરૂઆતના તબક્કામાં ૧૦૨ બેઠકોને આવરી લેવામાં આવશે. જ્યારે ૪ જુનના રોજ મતગણતરી કરવામાં આવશે. તારીખોની જાહેરાત કરતી વેળાએ મુખ્ય ચૂંટણી કમિશનરે આચાર સંહિતાના પાલનની પણ અપીલ કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે હું તમામને વિનંતી કરુ છું કે વ્યક્તિગત હુમલા અને અયોગ્ય ભાષાથી દૂર રહેવામાં આવે. એકબીજાની દુશ્મનાવટમાં આપણી જે રેખા છે તેને ઓળંગવી ના જોઇએ.

### લોકોના જીવનમાં સરકારનું દબાણ અને અભાવ ન જોઇએ : મોદી

નવી દિલ્હી | ૨૦૨૯ની તૈયારી માટે આવ્યો નથી પણ ૨૦૪૭ સુધીની તૈયારી માટે આવ્યો છું. મારું લક્ષ્ય વિકસિત ભારત છે. છેલ્લા દસ વર્ષમાં અંગ્રેજોના સમયના બનેલા ૧,૫૦૦ જેટલા જૂના કાયદા ખતમ કરી લોકોને હાલાકીમાંથી મુક્તિ અપાવી છે. લોકોને પહેલા નકલ સર્ટિફાઇડ કરાવવા ગેઝેટેડ ઓફિસરના ધક્કા ખાવા પડતા હતા, આજે તે સેલ્ફ એટેસ્ટેડ કરી શકે છે. હું હેડલાઇન પર નહીં ડેડલાઇન પર કામ કરનારો છું. હું માખણ પર નહીં પથ્થર પર લકીર કરવા આવ્યો છું. સામાન્ય રીતે દેશમાં પીએસયુ બરબાદી લાવતા હોય છે, પરંતુ મારી સરકારના પીએસયુની નેટવર્થ દાયકામાં ૯.૫ લાખ કરોડથી વધીને ૭૮ લાખ કરોડ થઈ છે. થોડા જ દિવસો પહેલા પીએમ સૂર્યઘર યોજના શરુ કરી છે. સરકાર લોકોને પોતાના ઘરોમાં સૌર પેનલ લગાવવા ૭૮ હજાર રુપિયા આપી રહી છે. અત્યાર સુધી એક કરોડ લોકો તેની સાથે જોડાઈ ચૂક્યા છે. દસ વર્ષ પહેલા ગણ્યાગાંઠયા સ્ટાર્ટઅપ્સ હતા. આજે સ્ટાર્ટઅપ્સની સંખ્યા સવા લાખને વટાવી ચૂકી છે. આ સ્ટાર્ટઅપ્સ વીસ લાખથી પણ વધુ લોકોને રોજગારી આપે છે.

# લોકસભા ચૂંટણીમાં એક બેઠક પર ચંદુ નામના 11 ઉમેદવાર, મતદારો પણ મૂંઝાઇ ગયા હતા કે કયા ચંદુને મત આપવો?

રાયપુર | દેશમાં 19 એપ્રિલથી સાત તબક્કામાં લોકસભા ચૂંટણીઓ શરૂ થવાની છે અને ચાર જૂને પરિણામ જાહેર થવાનું છે, ત્યારે ઉમેદવારોના નામોના રસપ્રદ કિસ્સાઓની પણ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. વર્ષ 2014ની લોકસભા ચૂંટણીમાં છત્તીસગઢ (Chhattisgarh)ની મહાસમુંદ બેઠક (Mahasamund Seat) અંગે દેશભરમાં ચર્ચાઓ થઈ હતી. તે દરમિયાન આ બેઠક પર એક જ નામના 11 ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. આ તમામનું એક જ નામ હતું 'ચંદુલાલ સાહુ'... આ નામ સામે આવ્યા બાદ ત્યાંના મતદારો પણ મૂંઝાઈ ગયા હતા કે, 'કયા ચંદુને મત આપવો?'




એક જ નામના 10 અપક્ષ ઉમેદવારો વર્ષ 2014ની ચૂંટણીમાં કોંગ્રેસે (Congress) છત્તીસગઢની મહાસમુંદ બેઠક પરથી વરિષ્ઠ નેતા અજીત જોગીને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે BJPએ ચંદૂ લાલ સાહુ (Chandulal Sahu)ને મેદાનમાં ઉતાર્યા હતા. જોકે આ ચૂંટણી રસપ્રદ ત્યારે બની જ્યારે 'ચંદુલાલ સાહુ' નામના એક-બે કે ત્રણ નહીં, પરંતુ 10 ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. આ તમામ અપક્ષ ઉમેદવાર હતા. આ મામલે ભાજપે કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ અમારા ઉમેદવારના નામવાળાઓને મેદાનમાં ઉતારી અજીત જોગીને ફાયદો પહોંચાડવા માંગે છે. ચંદુ નામે ભારે કરી, છેક ચૂંટણી પંચ સુધી મામલો પહોંચ્યો છત્તીસગઢમાં ચંદુ નામનો વિવાદ થતા ભાજપે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી. ભાજપે માંગણી કરી કે, ચંદુ લાલ સાસુ નામના અન્ય ઉમેદવારો નામ ફોર્મ રદ કરવામાં આવે. એટલું જ નહીં ભાજપે આ મામલાની ઊંડી તપાસ કરવા પણ માંગ કરી હતી અને એમ પણ કહ્યું કે, જો અજીત જોગી દોષિત ઠરે તો તેમની ઉમેદવારી રદ કરી દેવી જોઈએ. ભાજપે કહ્યું હતું કે, ચંદુ નામવાળા તમામ 10 ઉમેદવારોએ એક જ દિવસે ફોર્મ ભર્યું હતું. ઉમેદવારી પત્ર ખેંચવાના અંતિમ દિવસ બાદ આ તમામ અંડરગ્રાઉ થઈ ગયા હતા. જોકે ત્યારબાદ અજીત જોગીની એક હજાર મતોથી હાર થઈ હતી. આ ચૂંટણીમાં ભાજપના ચંદુલાલ સાહુ વિજેતા થયા જ્યારે અન્ય સાત ચંદુલાલ સાહુને કુલ 60 હજાર મતો મળ્યા હતા.

### આ વખતે કોંગ્રેસે પણ મોટાભાગના રાજ્યોમાં ગઠબંધન કર્યું

# જ્યાં ભાજપ સામે સીધી ટક્કર ત્યાં I.N.D.I.A.એ અપનાવી જોરદાર રણનીતિ

નવી દિલ્હી | દેશમાં એવી ઘણી બેઠકો છે જ્યાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી ટક્કર થાય છે. છેલ્લી બે લોકસભા ચૂંટણી દરમિયાન વિપક્ષને આ બેઠકો પર હારનો સામનો કરવો પડ્યો હતો. આ વખતે કોંગ્રેસ ગઠબંધન પ્રયત્ન કરી રહ્યું છે કે મુકાબલો ગમે એટલો સીધી ટક્કર વાળો હોય પરંતુ ઉમેદવારને તમામ પક્ષો તરફથી સમર્થન મળે. ઉમેદવારોની પસંદગીમાં પણ એવી રણનીતિ તૈયાર કરવામાં આવી છે જેનાથી સીધા મુકાબલા વાળી બેઠકો પર ચૂંટણી એક તરફી થતી રોકી શકાય.વિપક્ષોનું માનવું છે કે ભાજપને સીધી ટક્કરનો લાભ ફક્ત મતોના ધ્રુવીકરણથી જ મળે છે. એટલે દર વખતે સત્તા પક્ષ દ્વારા એવા મુદ્દા ઉછાળવામાં આવે છે જેનાથી મુકાબલો દ્વિધ્રુવીય થઈ જાય.વિપક્ષ મુસ્લિમ તૃષ્ટિકરણના આરોપથી બચવા માટે જનતા સાથે જોડાયેલા મુદ્દા ઉઠાવી રહ્યો છે. તેમજ ભાજપની ખામીઓ ઉજાગર કરવાની સાથે સાથે પોતાની ગેરંટીને પણ જનતા વચ્ચે લઈ જઈ રહ્યું છે. વિપક્ષ દ્વારા તમામ વર્ગોને લલચાવનારા વચનો પણ આપવામાં આવી રહ્યા છે. ઈન્ડિયા ગઠબંધન હેઠળ કોંગ્રેસ ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી, દિલ્હીમાં આમ આદમી પાર્ટી, બિહારમાં આરજેડી અને તમિલનાડુમાં ડીએમકે સાથે મળીને ચૂંટણી લડી રહી છે. ગઠબંધન હોવા છતાં ઘણા રાજ્યોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર પણ થવાની છે.ભાજપ રાજસ્થાનમાં મજબૂત જોવા મળી રહ્યું છે પરંતુ નવા મુખ્યમંત્રીની નિમણૂક બાદ બદલાયેલા સમીકરણોને કારણે કોંગ્રેસને બેઠક મળવાની આશા જાગી છે. આસામમાં રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાને કારણે કોંગ્રેસમાં મજબૂતી આવી છે પરંતુ તેની અસર લોકસભા ચૂંટણી પર થશે કે કેમ તે જોવાનું રહેશે.

લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ ગઈ વખતે મધ્યપ્રદેશમાં એક પણ બેઠક જીતી શકી નહોતી. આ ઉપરાંત તાજેતરમાં થયેલ વિધાનસભા ચૂંટણીમાં પણ કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો હતો. છેલ્લી બે ચૂંટણી દરમિયાન કોંગ્રેસ ગુજરાતમાં પોતાનું ખાતું ખોલાવી શકી નથી. આ વખતે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન થતાં શું ફેરફાર થઈ શકે છે તે જમીન સ્તરે જોવાનું રહેશે. દિલ્હીમાં પણ આ વખતે સાત બેઠકો પર સીધો મુકાબલો થશે.

### મુંબઇમાં I.N.D.I.A બ્લૉકની મેગા રેલી, તેજસ્વી સહિત આ દિગ્ગજો આપશે હાજરી

નવી દિલ્હી | લોકસભાની ચૂંટણીને લઇને તૈયારીઓ તેજ બની છે.રાજકીય પાર્ટીઓ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. દિગ્ગજ નેતાઓએ જનસભા કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસે શરૂ કરેલી ન્યાય યાત્રાનું સમાપન થવાનું છે. આ અવસર પર મહારાષ્ટ્રના મુંબઇમાં મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગઠબંધનના નેતાઓ મહારેલીમાં હાજર રહેશે. મહારેલીની પહેલા જન ન્યાય પદયાત્રા શરૂ થઇ હતી જેમાં અભિનેત્રી સ્વરા ભાસ્કર, કોંગ્રેસના નેતા વર્ષા ગાયકવાડ અને અમીન પટેલ સહિત અનેક મોટા ચહેરાઓ પહોંચ્યા હતા.રાહુલ ગાંધીની મેગા રેલીમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ પણ ભાગ લેશે. તેઓ આજે એટલે કે રવિવારે બપોરે પટનાથી ફ્લાઈટ દ્વારા મુંબઈ જવા રવાના થશે.સૂત્રોના જણાવ્યા અનુસાર "કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી આજે (17 માર્ચ) રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાની સમાપન રેલીમાં હાજરી આપી શકે છે.

### CAA વિરુદ્ધ ઓવૈસી SCના શરણે,અરજીમાં કરી આ માંગ

નવી દિલ્હી | CAA લાગુ કરવાને લઇને વિપક્ષ દ્વારા સતત વિરોધ કરવામાં આવી રહ્યો છે. અરવિંદ કેજરીવાલ, રાહુલ ગાંધી સહિત ઇન્ડિયા ગઠબંધન દ્વારા આ કાયદાને લઇને વિરોધ કરવામાં આવી રહ્યો છે. જો કે હાલમાં પણ આ સિલસિલો યથાવત છે. ત્યારે હવે અસદુદ્દીન ઓવૈસીએ આ મામલે સુપ્રિમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે.અરજીમાં ઓવૈસીએ કહ્યું કે કાર્યવાહી પેન્ડિંગ હોય તે દરમિયાન નાગરિકતા અધિનિયમ, 1955ની કલમ 6B હેઠળ નાગરિકતાનો દરજ્જો આપવાની માંગ કરતી કોઈપણ અરજી પર સરકાર દ્વારા વિચારણા અથવા કાર્યવાહી કરવી જોઇએ નહીં.AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ નાગરિકતા સંશોધન કાયદા (CAA)ના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. કોર્ટમાં અરજી દાખલ કરીને કહ્યું કે તાત્કાલિક અસરથી CAAના અમલ પર પ્રતિબંધ મૂકવામાં આવે. આ ઉપરાંત તેમણે NRCનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

### વડાપ્રધાન મોદીએ એક પરિવાર તરીકે દેશ માટે કામ કર્યું

# રાજસ્થાનમાં ભાજપની તૈયારીઓ પૂર્ણ, દરેક બૂથ પર લીડ મળશે : સીપી જોશી

જયપુર : ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીપી જોશીએ ભાજપ કાર્યાલયમાં આચારસંહિતાની જાહેરાત બાદ પત્રકારો સાથે વાત કરતા રાજસ્થાનની તમામ 25 બેઠકો પર જીતનો દાવો કર્યો હતો. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીપી જોશીએ કહ્યું કે રાજસ્થાન ભાજપ ચૂંટણી માટે સંપૂર્ણ રીતે તૈયાર છે, જ્યારે કોંગ્રેસ નેતાવિહીન, નેતૃત્વહીન અને વેરવિખેર છે. ભાજપના મજબૂત નેતૃત્વને કારણે અનેક પક્ષોના નેતાઓ અને કાર્યકરોએ ભાજપનું સભ્યપદ લીધું અને આ સિલસિલો ચાલુ છે. એક તરફ એવા રાજકીય પક્ષો છે જેઓ એક પરિવારને દેશ માને છે, તો બીજી બાજુ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે, જેમણે દેશને એક પરિવાર માનીને ગરીબ કલ્યાણથી લઈને ખેડૂતોના સન્માન, મહિલાઓ માટે દરેક વસ્તુ માટે કામ કર્યું છે. યુવાનોનું સશક્તિકરણ અને ઉત્થાન. છેલ્લા દસ વર્ષોમાં, તેમણે તેમના જીવનની



દરેક ક્ષણ ભારત માતાના ગૌરવને વધારવા માટે સમર્પિત કરી. તેનું જ પરિણામ છે કે આજે દેશની જનતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં વિશ્વાસ છે, આ વિશ્વાસને કારણે આ વખતે મોદી સરકાર ફરી એકવાર 400ને પાર કરી જતા લોકોનું સ્લોગન બની છે. રાજસ્થાનના દરેક બૂથ પર ભાજપને લીડ મળશે.

બીજેપી પ્રદેશ અધ્યક્ષ સીપી જોશીએ કહ્યું કે અન્ય સરકારોએ 60 વર્ષ સુધી દેશની જનતાને માત્ર વચનો અને નારા આપ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય સેવક તરીકે કામ કર્યું અને ગરીબોના દર્દને સમજ્યા. મોદી સરકારમાં રેલવે અને હાઈવેથી લઈને ગ્રામીણ વિકાસ સુધી દરેક ક્ષેત્રમાં વિકાસ થયો છે. આવી ઘણી વસ્તુઓ બની જેની કોઈએ કલ્પના પણ કરી ન હતી, કાશ્મીરમાંથી કલમ 370 હટાવી દેવામાં આવી અને અયોધ્યામાં એક ભવ્ય અને દિવ્ય મંદિર બનાવવામાં આવ્યું જેમાં ભગવાન રામલલા રહેતા હતા. આ બધું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રભાવશાળી નેતૃત્વને કારણે જ શક્ય બન્યું છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.પી.જોષીએ જણાવ્યું હતું કે ભાજપ સરકારમાં વિકાસ શક્ય છે. રાજ્યની જનતાએ જોયું છે કે અગાઉની કોંગ્રેસ સરકારે 5 વર્ષ કેવી રીતે લૂંટ અને જુઠ્ઠાણાનું રાજ ચલાવ્યું. જનહિતના મુદ્દાઓ પર રાજકારણ કર્યું. છેલ્લા 6 મહિનામાં પોકળ યોજનાઓ દ્વારા જનતાને રીઝવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

### જમ્મુ કાશ્મીરમાં લોકસભાના તુરંત બાદ વિધાનસભાની ચૂંટણી યોજાશે

નવી દિલ્હી | ચૂંટણી પંચે લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી છે સાથે જ જણાવ્યું છે કે આ ચૂંટણી બાદ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે સુરક્ષાના કારણોને ધ્યાનમાં રાખીને જમ્મુ કાશ્મીરમાં લોકસભા અને વિધાનસભા બન્નેની ચૂંટણી એક સાથે યોજવી શક્ય નથી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે બન્ને ચૂંટણી એક સાથે યોજવી શક્ય ના હોવાથી અલગ અલગ યોજવામાં આવશે. પહેલા લોકસભાની ચૂંટણી યોજાઇ જાય પછી વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવશે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. છેલ્લા છ વર્ષથી વિધાનસભાની ચૂંટણી નથી યોજવામાં આવી. જોકે સુપ્રીમ કોર્ટે વહેલા ચૂંટણી યોજવા તેમજ સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા કહ્યું હતું. જેને પગલે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવી શકે છે.

### દેશમાં સૌથી ટૂંકી ચૂંટણી ફક્ત ચાર જ દિવસમાં પૂરી થઇ ગઇ હતી

# દેશની પ્રથમ ચૂંટણી બાદ 2024માં સૌથી લાંબા સમય સુધી યોજાશે ઈલેક્શન, અત્યાર સુધીનો ઈતિહાસ

નવી દિલ્હી | લોકસભા ચૂંટણી 2024 અત્યાર સુધીની ચૂંટણીઓમાં 1951-52 પછીની બીજા નંબરની સૌથી લાંબી ચૂંટણી નીવડશે. આ વખતની ચૂંટણી 44 દિવસ ચાલશે. જ્યારે 1951-52ની ચૂંટણી ચાર મહિનાથી વધારે ચાલી હતી. દેશમાં સૌથી ટૂંકી ચૂંટણી 1980ની ચૂંટણી હતી. આ ચૂંટણી ફક્ત ચાર જ દિવસમાં પૂરી થઈ ગઈ હતી. તે વખતે ઈન્દિરા ગાંધીએ સત્તા પર પુનરાગમન કર્યું હતું. આ વખતે ચૂંટણી જાહેર થઈ ત્યારથી ચૂંટણી પૂરી થવાના દિવસો ગણીએ તો કુલ 82 દિવસ થાય છે. લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાશે અને 19મી એપ્રિલે પહેલા તબક્કાનું મતદાન થશે અને પહેલી જુને સાતમા તથા અંતિમ તબક્કાનું મતદાન થશે. ચોથી જુને પરિણામ જાહેર થશે. પીએમ મોદી સળંગ ત્રીજી ટર્મ જીતવા મેદાનમાં ઉતરશે.



દેશની સૌપ્રથમ સામાન્ય ચૂંટણી 25 ઓક્ટોબર 1951થી ફેબ્રુઆરી 1952 વચ્ચે યોજાઈ હતી. આમ દેશની પ્રથમ ચૂંટણી તે દેશની સૌથી લાંબી ચૂંટણી હતી. આ ચૂંટણીમાં દેશના કુલ 25 રાજ્યોમાં 401 મતવિસ્તારોમાં 489 બેઠક માટે મતદાન થયું હતું. કુલ 314 મત વિસ્તારોએ ફર્સ્ટ-પાસ્ટ-ધ પોસ્ટ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. જ્યારે 86 મતવિસ્તારોએ બે ઉમેદવારોની પસંદગી કરી હતી. તેમા એક જનરલ કેટેગરીનો હતો અને બીજો અનુસૂચિત જાતિ કે જનજાતિનો હતો. એક મતવિસ્તારે ત્રણ પ્રતિનિધિ ચૂંટયા હતા. પરિવહનની તકલીફના લીધે આ ચૂંટણી 68 તબક્કામાં યોજાઈ હતી. મોટાભાગનું મતદાન 1952ના પ્રારંભમાં થયું હતું. હિમાચલમાં 1951માં મતદાન થયું હતું, કારણ કે ત્યાં ફેબ્રુઆરી અને માર્ચમાં હવામાન વિપરીત હતું.જમ્મુ-કાશ્મીર સિવાય બાકીના રાજ્યોએ 1951-52માં મતદાન કર્યુ હતું. જમ્મુ-કાશ્મીરમાં 1967 સુધી લોકસભા ચૂંટણી જ યોજાઈ ન હતી. 1962થી 1989 દરમિયાન લોકસભા ચૂંટણીનો સમયગાળો ચારથી દસ દિવસનો હતો. સૌથી ટૂંકી ચૂંટણી ત્રીજી જાન્યુઆરી 1980થી છઠ્ઠી જાન્યુઆરી 1980 દરમિયાન યોજાઈ હતી. તે વખતે સમગ્ર ભારતમાં ચાર જ દિવસમાં ચૂંટણી પૂરી થઈ ગઈ હતી. ઈન્દિરા ગાંધી આજે ચૂંટણી જીતીને સત્તા પર પરત ફરી હતી. 2004માં લોકસભા ચૂંટણી ચાર તબક્કામાં યોજાઈ હતી અને 21 દિવસમાં પૂરી થઈ હતી. 2009માં લોકસભા ચૂંટણી પાંચ તબક્કામાં યોજાઈ હતી અને એ પ્રક્રિયા મહિનો ચાલી હતી. 2009માં ચૂંટણી નવ તબક્કામાં યોજાઈ હતી અને 36 દિવસ ચાલી હતી.

### લોકસભા ચૂંટણી 19 એપ્રિલથી શરૂ થશે અને 1 જૂને સાતમા તબક્કાનું મતદાન થશે જ્યારે 4 જૂને પરિણામ જાહેર થશે

# અનુરાધા પૌંડવાલે ધારણ કર્યો કેસરીયો, સિરિયલના 'રામ' પણ ભાજપમાં જોડાય તેવી અટકળો: ચૂંટણીમાં દેખાશે આ સેલેબ્સ

નવી દિલ્હી | દેશમાં આખરે દુનિયાના સૌથી મોટા લોકતંત્રની ચૂંટણીના મહાભારતનો શંખનાદ થઈ ગયો છે. ચૂંટણી પંચે શનિવારે બપોરે લોકસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરી દીધો હતો. વર્ષ 2019ની જેમ આ વખતે પણ લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાશે. ચૂંટણી પંચે જણાવ્યું કે, લોકસભા ચૂંટણી 19 એપ્રિલથી શરૂ થશે અને 1 જૂને સાતમા તબક્કાનું મતદાન થશે જ્યારે 4 જૂને પરિણામ જાહેર થશે. આ વખતે ચૂંટણીમાં કેટલાક એક્ટર્સ પહેલાથી જ જનતા વચ્ચે છે.

**પવન સિંહ |** ભાજપની પ્રથમ યાદીમાં નામ જાહેર થયા બાદ પવન સિંહે ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. પરંતુ બાદમાં પવન સિંહે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે હું જરૂર ચૂંટણી લડીશ.

**શત્રુઘ્ન સિન્હા |** પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ રવિવારે રાજ્યની તમામ 42 લોકસભા બેઠકો માટે ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી હતી. આ યાદીમાં શત્રુઘ્ન સિન્હાનું નામ સામેલ છે. પવન સિંહ અને શત્રુઘ્ન સિન્હા વચ્ચે સીટને લઈને વિવાદ થયો હતો. શત્રુઘ્ન સિન્હા આસનસોલથી સાંસદ છે પરંતુ આ વિવાદો વચ્ચે પવન સિંહે આસનસોલથી ચૂંટણી લડવાથી પીછેહઠ કરી લીધી હતી.

**અનુરાધા પૌંડવાલ |** લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાતના થોડા સમય પહેલા જ અનુરાધા પૌંડવાલે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થવાનો નિર્ણય લીધો હતો. અનુરાધા પૌંડવાલે પાર્ટીમાં સામેલ થવા પર ખુશી વ્યક્ત કરી હતી. ભાજપમાં જોડાવું મારું સૌભાગ્ય છે. તેમને પણ ટિકિટ આપવામાં આવી શકે છે.

**રવિ કિશન |** ભારતીય જનતા પાર્ટીએ ગોરખપુર લોકસભા સીટ પર બીજી વખત અભિનેતા સાંસદ રવિ કિશન પર ફરી એક વખત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. પ્રથમ વખત 2019ની લોકસભા ચૂંટણીમાં તેમણે તેમના પ્રતિસ્પર્ધી સપાના રામભુઆલ નિષાદને 3,01,664 મતોના વિશાળ માર્જિનથી હરાવ્યા હતા.

**નુસરત જહાં |** પશ્ચિમ બંગાળમાં આ વખતે બધાની નજર બસીરહાટ લોકસભા સીટ પર હતી કારણ કે સંદેશખાલી વિસ્તારમાં હોબાળો મચ્યો હતો. આ વિસ્તાર આ જ લોકસભા ક્ષેત્ર હેઠળ આવે છે.

**અરુણ ગોવિલ |** ઉત્તર પ્રદેશના મેરઠમાં ભાજપ એક નવા ચહેરાને તક આપી શકે છે અને તેની ટૂંક સમયમાં જાહેરાત કર દેવામાં આવશે. સૂત્રો દ્વારા મળેલી માહિતી પ્રમાણે રામાયણમાં રામની ભૂમિકા ભજવીને લોકોના દિલમાં જગ્યા બનાવનાર અરુણ ગોવિલને ભાજપ આ સીટ પરથી ટિકિટ આપી શકે છે.

# જામીન મળ્યાં બાદ EDએ મુખ્યમંત્રી કેજરીવાલને ફરી મોકલ્યું 9મું સમન્સ, પૂછપરછ માટે 21 માર્ચનું તેડું

નવી દિલ્હી | દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ઈડીએ ફરી એકવાર સમન્સ મોકલ્યું છે. આ વખતે 9માં સમન્સમાં તેમને 21 માર્ચે હાજર થવા કહેવાયું છે. હજુ તો ગઈ કાલે જ ઈડીના અત્યાર સુધીના સમન્સની અવગણના કરવા બદલ તેમને દિલ્હીની રાઉઝ એવન્યૂ કોર્ટે જામીન આપ્યા હતા ત્યાં ફરી એકવાર તેમને ઈડીનું પૂછપરછ માટે સમન્સ તેમની મુશ્કેલીમાં વધારો કરી શકે છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને તપાસ એજન્સીએ પ્રથમ સમન્સ 2 નવેમ્બર 2023 ના રોજ મોકલ્યું હતું પણ તે હાજર નહોતા થયા.

**ઉત્તર મધ્ય રેલ્વે**

**ટેન્ડર નોટિસ નંબર:-** વિ./ગ.શ.યુ/પ્રયાગરાજ/ઈ-ટેન્ડર/2024/37
**તારીખ :-** 15-03-2024

**ઈ-ટેન્ડર નોટિસ**

નાયબ મુખ્ય વિદ્યુત ઈજનેર/ગતિ શક્તિ એકમ/ઉત્તર મધ્ય રેલવે/પ્રયાગરાજ નીચેના કામ માટે અને ભારતના રાષ્ટ્રપતિના વતી ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. જેની વિગતો નીચે મુજબ છે:

**ટેન્ડર નંબર:-**વિ.-ગ.શ.યૂ-કાર્ય ઠેકા-46-2024 | **અંદાજિત કિંમત:-**રૂ: 32589932.10

**કામનું વર્ણન:-** પ્રયાગરાજ વિભાગના ચુનાર-ચોપાન વિભાગના ડબલિંગ કાર્ય હેઠળ, લુસા-ખૈરહી સ્ટેશન વચ્ચેના કર્મા સ્ટેશનના 25 KVOHE વીજળીકરણનું કામ.

**બિડ સુરક્ષા રકમ:- રૂ: 313000.00 કામનો સમયગાળો:- 03 મહિના , બિડિંગ સિસ્ટમ:-**એક પૈકેટ **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:-** 05-04-2024 , 14:00 વાગ્યે **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:-**05-04-2024 , 15:00 વાગ્યે

**નોંધ :-** (1). ઉપરોક્ત ઈ-ટેન્ડર (ટેન્ડર ફોર્મ સહિત)ની સંપૂર્ણ વિગતો વેબસાઈટ **www.ireps.gov.in** પર ટેન્ડર ખોલવાની તારીખના 21 દિવસ પહેલા ઉપલબ્ધ રહેશે. (2) ઉપરોક્ત ટેન્ડરમાં, બિડ ઈ-બિડ સિવાયના કોઈપણ સ્વરૂપમાં સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPs વેબસાઇટ પર પોતાને નોંધણી કરાવવી જોઈએ. (3) કોઈપણ તકનીકી સમસ્યાને ઉકેલવા માટે IREPs વેબસાઇટની હેલ્પલાઇનનો સંપર્ક કરી શકાય છે.
517/24(A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

સિટી એક્સપ્રેસ
MONDAY 18 MARCH-2024
AHMEDABAD



### વેપારીએ વ્યાજે લીધેલા 35 લાખ ચૂકવ્યા છતાં રૂ.2 કરોડની માગણી

અમદાવાદ | વેપારીએ 35 લાખ વ્યાજે લીધા બાદ ચૂકવ્યા છતાં વ્યાજખોરે માર મારી ધમકી આપતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બોપલમાં રહેતા સૌમિક મહેતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ધંધામાં પૈસાની જરૂર હોવાથી રમેશ દેસાઈ પાસે તેમણે 35 લાખ માગ્યા હતા, જેથી રમેશ દેસાઈએ લાલા ધોબી સાથે પરિચય કરાવી 35 લાખ અપાવ્યા હતા. બાદમાં સૌમિકભાઈએ તે નાણાં લાલા ધોબીને ચૂકવી દીધા હતા. જોકે લાલા ધોબીએ ઉઘરાણી કરી સૌમિકભાઈને શાહપુર ઓફિસે બોલાવ્યા હતા જ્યાં બે કરોડની માગણી કરીને લાલા ધોબી અને રમેશ દેસાઈએ દંડા અને ફેંટો મારી હતી.

### હોળી-ધુળેટી પર્વના છ દિવસમાં 107 બસ એક્સ્ટ્રા દોડાવાશે

ગાંધીનગર | હોળી અને ધુળેટીને તહેવારોને પગલે નગરના ડેપોમાંથી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે. જોકે વિભાગીય નિયામક દ્વારા સંચાલન કરવાનું હોવાથી તારીખ 20મી, માર્ચથી તારીખ 25મી, માર્ચ સુધી નગરના ડેપોમાં કુલ-107 બસોને તબક્કાવાર અમદાવાદ ખાતે મોકલવામાં આવશે. ઉપરાંત નગરના ડેપોમાં મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને પણ એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા હોળી અને ધુળેટીના તહેવારોમાં દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર સહિતના જિલ્લામાંથી નોકરી, અભ્યાસ કે મજુરી અર્થે ગાંધીનગર આવેલા મુસાફરો માટે વતનમાં જવા માટે એક્સ્ટ્રા બસો દોડાવાશે.

# સિલિન્ડર બ્લાસ્ટ: બાળકો, મહિલાઓ સહિત 22 વ્યક્તિઓ ગંભીર રીતે દાઝ્યા



## ■ કાલોલના રામનાથ ગામે ગેસ બ્લાસ્ટ બાદ ઘરમાં લાગી આગ ■ બે ઘર બળ્યાં ■ એકજ પરિવારના દાઝ્યાની આશંકા

અમદાવાદ | તા.17

પંચમહાલના કાલોલના રામનાથ ગામે રાવળ ફળિયામાં આજે મોટી ઘટના બની હતી,જેમાં ઘરમાં રહેલા ગેસમાં પહેલા બ્લાસ્ટ થયો અને ત્યારબાદ અચાનક આગ લાગી હતી,આ આગમાં બાળકો અને મહિલાઓ દાઝી જતા તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. ઘટનાની જાણ થતા ફાયર વિભાગે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.બ્લાસ્ટ કઈ રીતે થયો તેનું કારણ અકબંધ છે.પોલીસે પણ ઘટના સ્થળે પહોચી વધુ તપાસ હાથધરી છે. રાવળ ફળિયામાં ગેસના બાટલમાં બ્લાસ્ટ બાદ આગની ઘટના બની હતી,આગે એટલે વિકારળ સ્વરૂપ ધારણ કર્યુ કે આસપાસના બે મકાનો પણ આગની ચપેટમાં આવ્યા હતા,આગ લાગતાં ઘરની સાધન સામગ્રી ખાખ થઈ ગઈ હતી.આ ઘટનામાં 15થી વધુ લોકો દાઝ્યા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.તમામને કાલોલ રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. ફાયર વિભાગ પ્રાથમિક રીતે અનુમાન લગાવી રહ્યું છે કે,ગેસની બોટલમાં ગેસનુ પ્રેસર વધુ હોવાથી આ ઘટના બની હોઈ શકે છે.

**બોટલમાં વધારે પડતો ગેસ ભરાયેલો હતો**



**Quick Read**

### અમદાવાદના નિકોલમાં ધાર્મિક સ્થળના ડિમોલેશનને લઈ વિરોધ



અમદાવાદ | નિકોલ વિસ્તારના સ્થાનિકો મોટી સંખ્યામાં રોડ પર ઉતર્યા છે.અમદાવાદ મ્યુન્સિપલ કોર્પોરેશન દ્વારા 70 વર્ષ જુનુ મહાકાળી માતાનું મંદિર તોડવાની વાતને લઈ સ્થાનિકો વિફર્યા છે, સ્થાનિકોનું કહેવું છે કે મંદિરને લઈ અમારી આસ્થા જોડાયેલી છે,જો મંદિરને કઈ પણ કરવામાં આવશે તો અમે રોડ પર સુઈ જઈને વિરોધ કરીશું.આજે રવિવારના દિવસે સ્થાનિકોએ ભેગા થઈ વિરોધ નોધાવ્યો છે. હાલ તો મંદિર તોડવાને લઈ ચર્ચાઓ ચાલી રહી છે,સ્થાનિકો રોજ બરોજ માતાજીના મંદિરે દર્શન કરવા આવે છે માટે એક લાગણી પણ જોડાયેલી છે.

### રાજ્યમાં ગરમીની શરૂઆતની સાથે જ કમોસમી માવઠાંની આગાહી



અમદાવાદ | ગુજરાતમાં ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. કમોસમી માવઠું ફરી એકવાર જગતના તાત માટે મુશ્કેલી નોતરતે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં વરસાદનો અનુમાન વ્યક્ત કર્યો છે. અંબાલાલના આગાહી મુજબ માર્ચના અંતમાં અને એપ્રિલમાં ભારે પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ગુજરાતમાં 26 માર્ચ થી 26 એપ્રિલ સુધી વાતાવરણમાં પલટો અને વંટોળ જેવી મુશ્કેલીઓ આવવાના એંધાણ છે.

### દ્વારકાધીશ જગત મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો



દેવભૂમિ દ્વારકા | દ્વારકાધીશ જગત મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. 25 માર્ચે સવારે 6 વાગ્યે મંગળા આરતી થશે. ફુલડોલ ઉત્સવ બપોરે 2થી 3 વાગ્યા સુધી ઉજવાશે. તથા બપોરે 3થી 5 વાગ્યા સુધી જગત મંદિર બંધ રહેશે. દેવભૂમી દ્વારકામાં ફૂલડોલ મહોત્સવ દરમિયાન દ્વારકાધીશ જગત મંદિર ખાતે દર્શનના સમયમાં ફેરફાર રહેશે. તારીખ 25 સોમવારે સવારે 6 વાગ્યે મંગળા આરતી ત્યાર બાદ બપોરે 1 વાગ્યા સુધી નિત્યક્રમ મુજબ દર્શન કરી શકાશે. ઉત્સવ આરતી બોપરે 2 કલાકે રહેશે.

### MBBSના વિદ્યાર્થીએ વિદ્યાર્થિની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું



વડોદરા | વડોદરા શહેરની ગોત્રી મેડિકલ કોલેજમાં સિનિયર વિદ્યાર્થીએ જુનિયર વિદ્યાર્થિની સાથે રાતના સમયે બળજબરી પૂર્વક સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યાંનો ચકચાર બનાવ કોલેજની જ છત પર બન્યો હતો. બે દિવસ અગાઉની ઘટના અંગે સુરતની પીડિતાની ફરિયાદને આધારે ગોરવા પોલીસે ગુનો નોંધી ગાંધીનગરના વિદ્યાર્થીની ધરપકડ કરી છે. ગોત્રી મેડિકલ કોલેજમાં ગાંધીનગરનો નિર્ભય જોષી એમબીબીએસનો વિદ્યાર્થી છે. નિર્ભયે છેલ્લા કેટલાક દિવસોથી સુરતની 19 વર્ષની જૂનિયર વિદ્યાર્થિનીને રેકોર્ડિંગ વાયરલ કરવાની ધમકી આપી.

# ગુજરાત યુનિ.ની મારામારી ઘટનામાં 2 શખ્સ ઝડપાયા

## ક્રાઈમ બ્રાન્ચે હિતેશ મેવાડા-ભરત પટેલની ધરપકડ કરી, વિદેશ મંત્રાલયે કહ્યું-અમે ગુજરાત સરકારના સંપર્કમાં

અમદાવાદ | તા.17

મોડી રાત્રે ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અફઘાની અને અન્ય વિદ્યાર્થીઓ પર કેસરી ખેસ પહેરીને આવેલા કેટલાક લોકોએ હુમલો કર્યો છે. એક ટોળું હોસ્ટેલની પ્રિમાઈસીસમાં ઘૂસ્યું હતું અને વિદેશી વિદ્યાર્થીઓ સાથે મારામારી કરી હતી. આ સાથે જ વિદ્યાર્થીઓ પર પથ્થરમારો કરી હોસ્ટેલમાં તોડફોડ પણ કરી હતી. આ સમગ્ર ઘટનાના વીડિયો પણ સામે આવ્યા હતા. ત્યાર બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિક, ધારાસભ્ય કૌશિક જૈન અને કુલપતિ નીરજા ગુપ્તા SVP હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને મળ્યા હતા.

પોલીસે હાલ 7 આરોપીની ઓળખ કરી લીધી છે. તેમજ ક્રાઈમ બ્રાન્ચે સોલામાં રહેતા હિતેશ મેવાડા અને વસ્ત્રાલમાં રહેતા ભરત પટેલની ધરપકડ કરી છે. બંનેને ગુજરાત યુનિવર્સિટી પોલીસને સોંપવામાં આવ્યા છે. આ અંગે ઝોન 1ના ઈન્ચાર્જ ડીસીપી તરુણ દુગ્ગલે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં ગઈકાલે રાત્રે A બ્લોકમાં તોડફોડ તથા મારામારી મામલે પોલીસે ગુનો નોંધ્યો હતો.જે મામલે કુલ નવ ટીમ તપાસ કરી રહી છે.ટીમે તપાસના આધારે બે આરોપીઓની ધરપકડ કરી છે.જ્યારે અન્ય આરોપીઓની શોધખોળ ચાલુ છે.ટેકનિકલ સર્વિલન્સ તથા હ્યુમન સોર્સની મદદથી પોલીસ દ્વારા આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી છે.




## વિદેશ મંત્રાલયે પણ લીધી યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલાની નોંધ

વિદેશી વિદ્યાર્થીઓ સાથે મારામારી મામલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ટ્વીટ કરી જણાવ્યું કે, ગઈકાલે અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીમાં હિંસાની ઘટના બની છે. જેની સામે રાજ્ય સરકાર કડક પગલા ભરી રહી છે. આ મારામારીમાં બે વિદેશી વિદ્યાર્થીઓને ઈજા થઈ છે. જેમાના એક વિદ્યાર્થીને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. વિદેશ મંત્રાલય ગુજરાત સરકાર સાથે સંપર્કમાં છે.

**આ મામલે પોલીસની 9 ટીમ તપાસ કરશે : પોલીસ કમિશનર |** મીડિયા સાથેની વાતચીતમાં પોલીસ કમિશનર જી. એસ. માલિકે જણાવ્યું હતું કે, મોડી રાત્રે 10.51 વાગ્યે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન થયો હતો અને 10.56ને પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. 20થી 25 લોકોનું ટોળું યુનિવર્સિટીની હોસ્ટેલમાં A બ્લોકમાં પહોંચ્યું હતું. રમજાન મહિનો હતો, જેથી કેટલાક વિદ્યાર્થીઓ નમાઝ પઢી રહ્યા હતા. કેટલાક લોકોનું ટોળું આવી અને તમારે અહીંયા નમાઝ પઢવી જોઈએ નહીં. મસ્જિદમાં નમાઝ પડવી જોઈએ. તેમ કહી બોલા ચાલી અને ઝપાઝપી કરી હતી. રૂમમાં તોડફોડ પણ કરવામાં આવી હતી. મોડી રાત્રે ગુજરાત યુનિવર્સિટી પોલીસ દ્વારા 20થી 25 લોકોના ટોળા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ડીસીપી અને ચાર ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. ટોળામાં હુમલો કરનાર એક વ્યક્તિની ઓળખ થઈ ચૂકી છે.

### યુનિવર્સિટીની હોસ્ટેલમાં એ બ્લોક બહાર ચૂસ્ત બંદોબસ્ત

ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં A બ્લોકમાં બપોર બાદ બહારની વ્યક્તિઓનો પ્રવેશ બંધ કરવામાં આવ્યો હતો. કુલપતિ અને રજિસ્ટ્રાર A બ્લોકમાં વિદેશી વિદ્યાર્થીઓ સાથે બેઠક યોજી હતી. A બ્લોક બહાર એક PSI સહિતનો પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં રાખવામાં આવ્યો છે. જ્યારે યુનિવર્સિટીના પણ 10થી વધુ સિક્યોરિટી ગાર્ડ રાખવામાં આવ્યા છે.હોસ્ટેલમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## અમદાવાદમાં ઉનાળાની શરૂઆતમાં જ ડામર પીગળવાની ઘટના,મટિરિયલ નબળી ગુણવત્તાંનું હોઈ શકે છે

# ઉનાળો શરૂ : ડામર પીગળવાનો ચાલુ

અમદાવાદ | તા.17

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં ગરમીની શરૂઆત થઈ ગઈ છે,ત્યારે ફરી ડામર પીગળવાની ઘટના સામે આવી છે.બોડકદેવથી દૂરદર્શન ટાવરને જોડતો રોડ હમણાં જ નવો બનાવવામાં આવ્યો છે અને આ રોડ પર ડામર પીગળી રહ્યો છે.તેના કારણે લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.ગરમીની અસર શહેરમાં વર્તાઈ કે પછી રોડનો કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો તે આ દ્રશ્ય જ ઘણું બંધુ કહી રહ્યા છે, AMC અધિકારીઓની રહેમ નજર હેઠળ બનતા રોડ હાલાકીના રોડ બન્યા છે, રોડ બનાવવામાં લાલિયાવાડી કે પછી થયો છે ભ્રષ્ટાચાર ? તેવા સવાલ ઉભા થયા છે ત્યારે સત્તાધીશો મૌન રહેશે કે પછી કોન્ટ્રાકટર સામે કોઈ કાર્યવાહી કરશે.



બૂટ-ચંપલ ચોંટે છે...

**અરમેડિયાથી રાજપથનો રોડ પણ પિગળ્યો હતો**

7 માર્ચ 204ના રોજ અરમેડિયાથી રાજપથ જતા રસ્તા પર ડામર પીગળતા ભ્રષ્ટાચારનો બોલતો પુરાવો સામે આવ્યો હતો, હજુ તો ગરમી શરુ થઈ જ નથી તે પહેલા રોડ પીગળવા લાગ્યા છે.સામાન્ય ગરમીમાં રોડ પર ડામર પીગળવાની શરુઆત થતાં અનેક સવાલો થઈ રહ્યાં છે.

**વાહન ચાલકોને સ્લીપ થવાનો ભય**

કોર્પોરેશનનો વધુ એક બેદરકારીનો કિસ્સો પગતળે આવ્યો છે. શહેરમાં અરમીડાથી રાજપથ જતા રસ્તા પર ડામર પીગળતા ભ્રષ્ટાચારનો બોલતો પુરાવો સામે આવ્યો છે. હજુ ગરમી શરુ થઈ જ નથી તે પહેલા રોડ પીગળવા લાગ્યા છે. સામાન્ય ગરમીમાં રોડ પર ડામર પીગળવાની શરુઆત થતાં અનેક સવાલો થઈ રહ્યાં છે. રોડ પીગળતા વાહનચાલકોને સ્લીપ થવાનો ભય સતાવી રહ્યાં છે.

**વૉલ પેન્ટિંગ પણ હટાવવાની કામગીરી શરૂ**

# રાજકીય પક્ષોના ચિહ્નો પર કુચડો ફેરવવાની કામગીરી શરૂ



**અમદાવાદમાં રાજકીય પાર્ટીઓના પોસ્ટર્સ હટાવવાના શરૂ 48 વોર્ડમાં એસ્ટેટ વિભાગની ટીમ કામગીરીએ લાગી**

ગાંધીનગર સંવાદદાત | વિજયવીર યાદવ

લોકસભા ચૂંટણીની જાહેર બાદ અમદાવાદમાં AMC તંત્ર એક્શનમાં આવ્યુ છે. અમદાવાદમાં રાજકીય પાર્ટીઓના પોસ્ટર્સ તથા બેનર હટાવવાના શરૂ થયા છે. 48 વોર્ડમાં એસ્ટેટ વિભાગની ટીમ કામગીરીએ લાગી છે. જેમાં વૉલ પેન્ટિંગ પણ હટાવવાની કામગીરી શરૂ થઈ છે. ચૂંટણીની જાહેરાત બાદ દેશભરમાં આચારસંહિતા લાગુ થઈ છે. તેથી તાત્કાલિક ધોરણે રાજનૈતિક પાર્ટીઓના પ્રચાર પ્રસારના સાધનો હટાવવાની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. તેથી પોસ્ટર અને બેનર હટાવવાની સાથે વૉલ પેન્ટિંગ પણ હટાવવાની કામગીરી શરૂ થઈ છે. રાજકીય પક્ષોના ચિહ્નો પર કુચડો ફેરવવાની કામગીરી શરૂ કરાઈ છે.

**અમદાવાદમાં વૃક્ષોની ગણતરી થશે...** GIS તેમજ GPS મેપિંગ પદ્ધતિથી ગણતરી કરવામાં આવશે

# ક્યાં, કેટલા અને કેવા પ્રકારના વૃક્ષોની માહિતી મળશે

અમદાવાદ | તા.17

અમદાવાદ હવે કોંક્રિટનું જંગલ બની ગયું છે. દર વર્ષે લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવે છે પરંતુ, શહેરમાં કેટલા વૃક્ષો છે? તેની સંખ્યાની કોઈ ગણતરી કરવામાં આવી નથી. જેના પગલે હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વૃક્ષોની ગણતરી કરાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. GIS અને GPS પદ્ધતિથી વૃક્ષોની ગણતરી કરવામાં આવનાર છે, જેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગ દ્વારા વિવિધ જાણીતી એજન્સીઓ અને કંપનીઓ પાસે જાહેરાત મંગાવવામાં આવી છે.

**વર્ષો જૂનાં વૃક્ષોની માહિતી મળશે :** અમદાવાદ હવે 500 ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલું છે. શહેરમાં વધતા જતા પ્રદૂષણને અટકાવવા વૃક્ષારોપણ જરૂરી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગ દ્વારા હવે વૃક્ષોની ગણતરી કરવામાં આવનાર છે, જેના માટે વિવિધ એજન્સીઓ અને કંપનીઓ પાસે જાહેરાત મંગાવવામાં આવી છે. શહેરના તમામ ઝોન અને વિસ્તારમાં વૃક્ષોની ગણતરી કરવામાં આવશે અને તેને યુનિક નંબર આપવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વૃક્ષની જાતવાર સંખ્યા, ગીચતા અને ભૌગોલિક વિવરણ મળશે. ક્લાઈમેટ ચેન્જ માટે અસરકારક પુરવાર થશે.



### 55 લાખ જેટલા વૃક્ષો ઉગાડવામાં આવ્યા હોવાનો દાવો

વૃક્ષના ઘેરાવા ઉપરથી શહેરના બાયોમાસ અંગે અંદાજ મળી શકે, જે શહેરમાં કાર્બન સંગ્રહનું આડકતરું માપ છે. કુદરતી આપત્તિ તથા માનવ સર્જિત કામોના કારણે વૃક્ષોની વધઘટની ચોક્કસ માહિતીનો રેકર્ડ ઉપલબ્ધ થશે. શહેરમાં વર્ષો અગાઉ લોકોપયોગી વૃક્ષો જોવા મળતાં હતા.પરંતુ ધીમે ધીમે વિકાસનાં નામે વૃક્ષો કાપી નંખાયા ત્યાર બાદ હવે શહેરમાં કેટલા વૃક્ષોને ક્યાં છે તે વગેરે અંગેની માહિતી મેળવવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગાર્ડન વિભાગનો 6 મહિના અગાઉના રિપોર્ટ મુજબ છેલ્લા 4 વર્ષમાં અમદાવાદ શહેરમાં 55 લાખ જેટલા વૃક્ષો ઉગાડવામાં આવ્યા હોવાનો દાવો હતો. જેમાં 22.15 લાખ જેટલા વૃક્ષો બળીને ખાખ થઈ ગયા હતા.

# ટેક્સ નહીં ભરો તો પાણી અને ગટર કનેક્શન કપાશે

**અમદાવાદમાં ટેક્સ ન ભરનાર 2435 મિલકત સીલ, સૌથી વધુ દક્ષિણ ઝોનમાં મિલકતો સીલ કરાઈ, કોર્પોરેશનને 5.91 કરોડની આવક**

અમદાવાદ | તા.17

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા બાકી ટેક્સની વસુલાત માટે વિવિધ વિસ્તારોમાં મિલકત સિલીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. શનિવારે ટેક્સ વિભાગની વિવિધ ટીમોએ સપાટો બોલાવી કુલ 2435 જેટલી મિલકતને સીલ કરી દીધી છે. સૌથી વધુ દક્ષિણ ઝોનમાં કુલ 638 જેટલી મિલકતોને સીલ કરવામાં આવી છે. કાંકરિયા, ગીતામંદિર રોડ, લાટી બજાર, દાણીલીમડા નારોલ નરોડા હાઈવે, મણિનગર ચાર રસ્તા, સુરેલીયા એસ્ટેટ રોડ, વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાં આવેલી દુકાનો-એસ્ટેટ સીલ કરવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાકી ટેક્સની ભરપાઈ કરવા માટે વ્યાજમાફી સ્કીમ અમલમાં મુકવાની સાથે જે કરદાતાઓ વર્ષોથી તેમનો બાકી મિલકતવેરો ભરપાઈ કરતા નથી. એમની મિલકતને સીલ કરી ટેક્સની વસૂલાત કરવામાં આવી રહી છે. મિલકત સિલીંગ ઝુંબેશ કરાતા 5.91 કરોડની આવક મ્યુનિસિપલ કોર્પોરેશનને થઈ છે. મધ્ય ઝોન વિસ્તારમાંથી 1.33 કરોડથી વધુની આવક થઈ છે. જો આગામી દિવસોમાં મિલકત ધારકો દ્વારા ટેક્સ નહીં ભરવામાં આવે તો તેમના પાણી અને ગટર કનેક્શન પણ કાપી નાખવામાં આવશે.